# સાધુમર્યાદાપટ્ટકસંગ્રહ

હવે શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજી મહારાજ, સમસ્ત સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને ફરમાવે છે કે: શ્રીમાન્ વિજયદાન સૂરિજીએ ફરમાવેલા સાત બોલના અર્થ સંબંધી વિખવાદ-કલેશ ટાળવાને માટે એ જ સાત બોલનો અર્થ વિસ્તારથી વિવેચનથી લખવામાં આવે છે.

૧. પરપક્ષીને - સામા પક્ષવાળાને કોઈએ પણ કંઈ કઠણ વચન ન કહેવું.

૨. ''પરપક્ષીઓએ કરેલાં ધર્મકાર્યો સર્વથા અનુમોદવા યોગ્ય નથી'' એમ કોઈએ ન બોલવું. કેમકે દાનરુચિપણું, સ્વભાવથી વિનીતપણું, અલ્પકષાયી-પણું, દયાળુપણું, પરોપકારીપણું, ભવ્યપણું, દાક્ષિણ્યાળુપણું, પ્રિયભાષીપણું, વિગેરે જે જે માર્ગાનુસારી-પણાના ધર્મકર્તવ્યો છે, તે જૈન સિવાયના અન્યદર્શની કોઈ પણ જીવમાં હોય તો તે પણ શાસ્ત્રને અનુસારે અનુમોદવા યોગ્ય જણાય છે, તો પછી જૈનોમાંહેના જ પરપક્ષીઓ સંબંધી માર્ગાનુસારી ધર્મકર્તવ્યો અનુમોદવા યોગ્ય હોય તેમાં તો કહેવું જ શું? અર્થાત્ ગમે તે જીવનાં ઉપરોક્ત માર્ગાનુસારી ધર્મકાર્યોની અનુમોદના કરવામાં કંઈ પણ દોષ નથી-અનુમોદના કરી શકાય છે.




સંકલન / સંપાદન

ગણિ મહાબોધિવિજય



પ્રકાશક

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

# સાધુમર્યાદાપટ્ટકસંગ્રહ


* સંશોધક / સંપાદક *

વૈરાગ્યદેશનાદક્ષ

પૂ.આ.શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.

ના શિષ્ય પૂ. પંન્યાસ શ્રી અક્ષયબોધિવિજયજી

ગણિવરના શિષ્ય

**ગણિ મહાબોધિવિજય**



* પ્રકાશક *

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

દુકાન નં.૫, બદ્રિકેશ્વર સોસાયટી,

૮૨, નેતાજી સુભાષ રોડ, મરીન ડ્રાઈવ,

ઈ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

પ્રકાશન : વૈશાખ સુદ ૧૨, ૨-૫-૨૦૦૪, રવિવાર
વિલેપાર્લા (ઈસ્ટ),
શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય,
પૂ. મુનિશ્રી મહાબોધિવિજયજી મહારાજને
ગણિપદવી પ્રદાન દિન

આવૃત્તિ : પ્રથમ

નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૫૦/-

* પ્રાપ્તિસ્થાન *
શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
દુકાન નં.૫, બદ્રિકેશ્વર સોસાયટી,
૮૨, નેતાજી સુભાષ રોડ, મરીન ડ્રાઈવ,
ઈ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
શ્રી ચંદ્રકાન્તભાઈ સંઘવી
કનાસાનો પાડો, પાટણ, (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫.
ફોન : (૦૨૭૬૬) ૨૩૧૬૦૩

# ગુરુરાજ કો સદા મોરી વંદના

## * દિવ્યકૃપા *

સિદ્ધાંતમહોદધિ, સુવિશાળગચ્છનિર્માતા

સ્વ. પૂજ્યપાદ્ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**

વર્ધમાન તપોનિધિ, ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

સમતાસાગર, ચારિત્રૈકનિષ્ઠ પંન્યાસજી

**શ્રી પદ્મવિજયજી** ગણિવર

## * શુભાશિષ *

સિદ્ધાંતદિવાકર પરમગીતાર્થ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા**

## * પ્રેરક-માર્ગદર્શક *

વૈરાગ્યદેશનાદક્ષ

**પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરી મ.**

# પ્રકાશકીય નિવેદન

પ્રસ્તુત પ્રકાશનમાં વિવિધ ગુરુભગવંતોએ રચેલા પટ્ટકોનો - સાધુમર્યાદાપટ્ટકોનો સંગ્રહ છે. આપણા હસ્તલિખિત જ્ઞાનભંડારોમાં આવી નાની-મોટી અનેક કૃતિઓ વણસ્પર્શી પડી છે.

અમારા ટ્રસ્ટ તરફથી આજ સુધીમાં આવી અનેકવિધ કૃતિઓનું પ્રકાશન થયું છે. પ્રસ્તુત કૃતિનું સંકલન/સંપાદન ખૂબ જ પરિશ્રમપૂર્વક યુવાપ્રવચનકાર પૂ. મુનિશ્રી મહાબોધિ વિજયજી મહારાજે કર્યું છે. પૂજ્યશ્રી અમારા ટ્રસ્ટના પ્રેરક તથા માર્ગદર્શક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય છે.

પૂર્વે પણ પૂજ્યશ્રી સંકલિત/સંશોધિત/સંપાદિત અનેકવિધ ગ્રંથોનું પ્રકાશન કરવાનો લાભ અમારા ટ્રસ્ટને પ્રાપ્ત થયેલ છે. ભવિષ્યમાં આવા અનેક ગ્રંથો પૂજ્યશ્રી દ્વારા પ્રકાશિત થતા રહે એવી શાસનદેવને પ્રાર્થના.

પ્રસ્તુત કૃતિના સ્વાધ્યાય દ્વારા સહુ મુમુક્ષુ આત્માઓ સ્વસંયમજીવનને શુધ્ધ-વિશુદ્ધતર બનાવી મુક્તિપદને પ્રાપ્ત કરે એવી શુભેચ્છા.

લિ.

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટવતી ટ્રસ્ટીઓ

- ચંદ્રકુમાર બાબુભાઈ જરીવાલા
- લલિતકુમાર રતનચંદ કોઠારી
- પુંડરિકભાઈ અંબાલાલ શાહ

# ભૂમિકા

સાધુમર્યાદાપટ્ટકસંગ્રહ તરીકે પ્રકાશિત થતા આ ગ્રંથમાં વિવિધ આચાર્ય ભગવંતોએ રચેલા પટ્ટકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પટ્ટકશબ્દના સ્થાને ક્યારેક સામાચારી, સામાચારીજલ્પ, ક્રિયોદ્ધાર નિયમપત્ર, બોલ, બંધારણ જેવા શબ્દોના પણ પ્રયોગો થયા છે. જે તે તે પટ્ટકના મથાળે જેવા મળશે.

જૈન સાહિત્યમાં પટ્ટકો મુખ્યત્વે ત્રણપ્રકારના રચાયેલા જોવા મળે છે. ૧) સામાચારીપટ્ટક, ૨) પ્રરૂપણાપટ્ટક, ૩) સમુદાયવ્યવસ્થાપટ્ટક.

**૧) સામાચારીપટ્ટક :** ખાસ કરીને ગચ્છમાં યા સમુદાયમાં વધી ગયેલી શિથિલતાને નિવારવા અથવા ગચ્છમાં અનુશાસનને વધુ મજબૂત-કડક બનાવવા જે નિયમાવલી બનાવવામાં આવે તે સામાચારીપટ્ટક કહેવાય. સુવિહિત સાધુઓ સંગઠિત થઈને શિથિલાચારને દૂર કરી ગચ્છનાયકે જણાવેલા - બતાવેલા નિયમોનું વ્યવસ્થિતપણે પાલન કરે તેને જ ભૂતકાળમાં ક્રિયોદ્ધાર કહેવાતો. વર્તમાનમાં પ્રાપ્ત થતા પટ્ટકોમાં મોટાભાગે આ પ્રકારના જ પટ્ટકો જોવા મળે છે.

**૨) પ્રરૂપણાપટ્ટક :** બે ધર્મદેશકો એક જ પદાર્થની પ્રરૂપણામાં અલગ-અલગ મંતવ્યો ધરાવતા હોય અને તદનુસાર પ્રરૂપણા કરતા હોય અથવા ઉત્સૂત્રયુક્ત ગ્રંથોની

રચના થઈ હોય, તેથી શ્રીસંઘમાં વાદ-વિવાદ, ક્લેશ-સંઘર્ષનો અવકાશ રહેતો હોય... તેવા સમયે વડીલઆચાર્યભગવંત બંને પ્રરૂપણાનું પોતે યા અધિકારીવર્ગપાસે વ્યવસ્થિત અધ્યયન કરી/કરાવી જે નિષ્કર્ષ કાઢે અને તદનુસાર પ્રરૂપણા કરવા માટેનો આદેશ કરે... તેવા પટ્ટકોને પ્રરૂપણાપટ્ટક ગણાવી શકાય.

ખાસ કરીને વિક્રમના સત્તરમાં સૈકામાં આવા પટ્ટકો રચાયા હોવાનો નિર્દેશ મળે છે. સિધ્ધાંતમહોદધિ સ્વ. ગુરૂદેવ શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે પણ આવા એક પટ્ટકની રચના કરી હતી. ક્યારેક સામાચારીપટ્ટક અથવા સમુદાયવ્યવસ્થાપટ્ટકની એકાદ-બે કલમો એવી પણ જોવા મળતી હોય છે... જેને પ્રરૂપણાપટ્ટકની કલમો કહી શકાય.

**૩) સમુદાયવ્યવસ્થાપટ્ટક :** વિશાળસમુદાયના અધિપતિ આચાર્યશ્રી પોતાની ગેરહાજરીમાં સમુદાયમાં વિખવાદ ન થાય, ભંગાણ ન પડે તે માટે તથા સમુદાયના શ્રમણોની સુવ્યવસ્થા થાય તે હેતુથી જે કલમો બનાવે તેને સમુદાયવ્યવસ્થાપટ્ટક કહી શકાય. આ વ્યવસ્થા મુખ્યઆચાર્યના દેવલોક થયા બાદ તેમની પાટે આવેલા આચાર્યશ્રીએ કરવાની રહેતી હોય છે. પ્રાચીન સાહિત્યમાં આવા કોઇ પટ્ટકો રચાયા હોય તેવું ધ્યાનમાં નથી. વર્તમાનમાં કો'ક કો'ક સમુદાયના આવા પટ્ટકો જોવા મળે છે.

પ્રસ્તુત સંકલનમાં અમે મુખ્યતયા સામાચારીપટ્ટકોનું જ સંકલન કર્યું છે. એમાં પણ મુખ્યત્વે તપાગચ્છીય

આચાર્યોના પટ્ટકોની સંકલના કરી છે. આ સિવાય વિવિધગચ્છોમાં આવા અનેક પટ્ટકોની રચના અવસરે અવસરે થતી રહી છે એ નિશ્ચિત વાત છે. અમે પણ આ સંકલનમાં ખરતરગચ્છીય યુગપ્રધાનશ્રીજિનચન્દ્રસૂરિ રચિત બે પટ્ટકોનો સમાવેશ કર્યો છે.

શ્રમણપરંપરાનો ઈતિહાસ તપાસતા પાછલા પાંચથી છ સૈકામાં આવા પટ્ટકોની રચના વિશેષપ્રમાણમાં થઈ હોય તેમ જણાય છે. પ્રાપ્ત ઈતિહાસ અનુસાર સહુથી પ્રથમ પટ્ટક તપાગચ્છના આદ્ય આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરિમહારાજે રચ્યો હોય તેમ જણાય છે. (જુઓ - વિજયમાનસૂરિનિર્દેશિત સામાચારિજલ્પપટ્ટક તથા શ્રી યશોવિજયજી મહારાજ આદિ રચિત મર્યાદાપટ્ટક) કમનસીબે આ પટ્ટક હજી સુધી પ્રાપ્ત થયો નથી. આ સિવાય પણ બીજા કેટલાક પટ્ટકો એવા છે... જેનો ઉલ્લેખ પરવર્તી આચાર્યોના પટ્ટકમાં જોવા મળે છે, પણ વર્તમાનમાં તે પ્રાપ્ત થતા નથી.

આમાંના બે પટ્ટકો છે... શ્રી વિજયદાનસૂરિ મહારાજના. એમાંનો એક એટલે શ્રી વિજયદાનસૂરિ મહારાજરચિત સાત બોલ. જગદ્ગુરૂશ્રી હીરવિજયસૂરિ મહારાજે આ સાતબોલનો વિસ્તાર કરી બાર બોલ બનાવ્યા હતા... એ બાર બોલ મળે છે, પણ અક્ષરશઃ સાત બોલ ક્યાંય જોવા મળ્યા નથી. એ સિવાય બીજો એક પટ્ટક એટલે શ્રીવિજયદાનસૂરિ મહારાજ રચિત ૩૫ બોલ. આનો ઉલ્લેખ જગદ્ગુરુશ્રી હીરવિજયસૂરિ મહારાજે કર્યો છે તથા મહો. શ્રીયશોવિજયજી મહારાજ આદિ રચિત મર્યાદાપટ્ટકમાં પણ થયો છે.

આ સિવાય બીજા પણ એક પટ્ટકના સગડ મળે છે. આની રચના ખરતરગચ્છીય શ્રીકનકતિલકજી ઉપાધ્યાયે કરી હતી. આમાં બાવન બોલ હતાં. આનો માત્ર અંતિમ ભાગ મળે છે... જે આ મુજબ છે.

'સંવત્ ૧૬૦૬ વર્ષે દિવાલી દિને શ્રી વિક્રમનગરે સુવિહિત ગચ્છ સાધુમાર્ગની સ્થિતિ સૂત્ર ઉપરિ કિધી, તે સમસ્ત ઋષીશ્વરે પ્રમાણ કરવી. ઉપા. કનકતિલક, વા. ભાવહર્ષગણિ, વા. શ્રી શુભવર્ધન ગણિ બઈસી સાધ્વાચાર કીધો છે.'

તપાસ કરીએ તો હજી બીજા અનેક પટ્ટકોની ભાળ મળી શકે તેમ છે. અહીં આપેલા સત્તરેક પટ્ટકો સિવાયના બીજા પટ્ટકોનો કોઈને ખ્યાલ હોય તો તેઓ અમને જણાવે... એવી અમારી વિદ્વજ્જનોને નમ્ર વિનંતિ છે.

હવે આ સંકલનમાં આપેલ પટ્ટકો અંગેની કેટલીક વિચારણા કરીએ.

* શ્રી સોમસુંદરસૂરીરચિત પ્રથમપટ્ટક હકીકતમાં સામાચારીકુલક નામોનો નાનકડો ગ્રંથ છે. સંવિજ્ઞસાધુએ પોતાની સાધનામાટે પાળવાના નિયમોનો શ્રેષ્ઠસંગ્રહ છે. આમ હોવા છતાં તે ઉપયોગી હોવાથી તેમજ પરવર્તી આચાર્યોએ પોતાના પટ્ટકોમાં તેનો ઉલ્લેખ કર્યો હોવાથી અહીં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

* આ પછીનો બીજો પટ્ટક છે શ્રી આનંદવિમલસૂરિ મહારાજનો. એમનો સમય છે વિ.સં.૧૫૪૭ થી ૧૫૯૬નો. એ

સમયે વ્યાપી ગયેલા શિથિલાચારને દાબવા માટે સમુદાયના ૫૦૦ સાધુઓના સંગઠનપૂર્વક તેઓશ્રીએ ચાણસ્મા પાસેના વડાવલી-વડાલી ગામમાં ક્રિયોધ્ધાર કર્યો અને સમુદાય માટે પાળવા માટેના ૩૩ બોલ જાહેર કર્યા (મહો. શ્રી યશો વિ.મ. આદિ મર્યાદાપટ્ટકમાં ૫૭ બોલ કહ્યા છે.)

* ત્રીજા અને ચોથા ક્રમાંકમાં ખરતરગચ્છીય યુગપ્રધાનશ્રી જિનચન્દ્રસૂરિકૃત પટ્ટકો છે. નાહટાબંધુ સંપાદિત 'યુગપ્રધાન શ્રીજિનચન્દ્રસૂરિ' પુસ્તકમાંથી અહીં અક્ષરશઃ ઉદ્ધૃત કર્યા છે.

* ત્યાર પછી આવે છે... જગદ્ગુરુશ્રી હીરવિજયસૂરિ મહારાજાથી લગાવીને શ્રી વિજયસિંહસૂરિ મહારાજા સુધીના ગચ્છનાયકો રચિત પટ્ટકોની આવલી.

સહુ પ્રથમ શ્રીહીરવિજયસૂરિ મહારાજાના બે પટ્ટકો મૂક્યા છે. જેમાંના પ્રથમ પટ્ટકમાં ૨૯ કલમોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જ્યારે બીજો પટ્ટક બાર બોલ તરીકે જગપ્રસિધ્ધ છે. તત્કાલીન ઈતિહાસ જોતા બાર બોલના પટ્ટકનું મહત્વ પરમપવિત્ર કલ્પસૂત્ર કરતા જરાય ઊણું ઉતરતું હોય તેવું લાગતું નથી. સાધુવર્ગમાં એનું પાલન થાય એ માટેના ભારે પ્રયત્નો પણ થતા હતા. સમર્થકવિશ્રી ઋષભદાસજીએ બાર બોલનો રાસ નામની કૃતિ પણ રચી હતી. (આ કૃતિ મેળવવા ખૂબ તપાસ કરી, પરંતુ પ્રાપ્ત થઈ નથી.)

આ પછીના ત્રણ પટ્ટકો શ્રીવિજયસેનસૂરિ મહારાજ

રચિત છે. આ સંકલનમાં સહુથી વધુ પટ્ટકો એમના રચેલા મળે છે. આ સિવાય પણ બીજે એક દસ બોલનો પટ્ટક એમણે રચ્યો છે. જે વર્ષો પૂર્વે જૈનયુગના કોઈ અંકમાં છપાયેલ. (તપાસ કરવા છતાં આ અંક અમને પ્રાપ્ત થઈ શક્યો નથી.)

આ પછી એમના જ પટ્ટધર શ્રી વિજયદેવસૂરિમહારાજ રચિત બે પટ્ટકો તથા શ્રી વિજયસિંહસૂરિ મહારાજ રચિત એક પટ્ટક છે.

* ત્યાર બાદ આવે છે મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ અને અન્ય સંવેગી મુનિવૃંદકૃત મર્યાદાપટ્ટક. જૈનસંઘમાં ક્રિયોદ્ધારક તરીકે પં. શ્રી સત્યવિજયજી મહારાજનું નામ પ્રસિધ્ધ છે. આ મહાપુરુષને ક્રિયોદ્ધાર કરતી વખતે તત્કાલીન સમર્થ અનેક મહાત્માઓનું પીઠબળ હતું. જેમાંના એક મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ. ઉપાધ્યાયજી મહારાજ એ કાળના દિગ્ગજ અને સમર્થવિદ્વાન હતા. ન્યાયદર્શનના પ્રખર જ્ઞાતા હતા. એમની સંસ્કૃત અને ગુજરાતી કૃતિઓ એમની શાસનપ્રીતિ અને ઉન્માર્ગભીતિ, એમનો સંવેગભાવ અને નિર્વેદભાવ વગેરે મજબૂત રીતે પ્રગટ કરે છે. એટલે જ ક્રિયોદ્ધારક તરીકે પં.શ્રી. સત્યવિજયજી મહારાજ પ્રસિધ્ધ હોવા છતાં આ મર્યાદાપટ્ટકના નિયામક તરીકે મૂળનામ મહો. શ્રી યશોવિજયજી મહારાજનું લેવાય છે.

* આ પછીનો બહુ મહત્વનો પટ્ટક છે... શ્રી વિજયમાનસૂરિ મહારાજનો. આ પટ્ટકના પ્રત્યેક બોલમાં આગમો, પૂર્વાચાર્યો રચિત પ્રકરણો તેમજ કેટલાક પટ્ટકોની

સાક્ષી આપી છે. શ્રુતવ્યવહાર અને જિતવ્યવહારને પણ ઠેરઠેર પ્રધાનતા આપી છે. બોલ ક્રમાંક નવમાં આપેલો વૃધ્ધવાદ ખાસ ધ્યાન ખેંચે તેવો છે... 'છ માસ ઉપરાંત આચાર્ય શૂન્ય ગચ્છની મર્યાદા અપ્રમાણ થાય એવો વૃધ્ધવાદ સંભલાઈ છે.'

* પંદરમો પટ્ટક છે... ભટ્ટારક શ્રીવિજયક્ષમાસૂરી મહારાજનો. જેઓ શ્રી વિજયરત્નસૂરિના પટ્ટધર છે. અઢારમાં સૈકામાં પ્રાપ્ત થતો આ છેલ્લો પટ્ટક છે.

* એ પછી સિધ્ધાંતમહોદધિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય-પ્રેમસૂરીશ્વરજી મહારાજે સ્વસમુદાય માટે બનાવેલું બંધારણ છે.

* અને સહુથી છેલ્લે... પૂ. પ્રભાવક પ્રવચનકાર પં.શ્રી. ચંદ્રશેખર વિજયજી મહારાજે વર્ષો પૂર્વે શ્રમણે પોતાના આત્માના ઉત્થાનાર્થે પાળવા જેવી બાવન કલમો બનાવી હતી, તે અહીં અક્ષરશઃ મૂકી છે.

આમ આ તમામ પટ્ટકોને સાલવાર ક્રમશઃ ગોઠવ્યા છે. ક્રમિક આ પટ્ટકોનું અધ્યયન-અભ્યાસ કરવાથી તત્કાલીન શ્રમણોની જીવનચર્યા વગેરેનો ખ્યાલ આવે છે, સાથે સાથે વર્તમાનકાલીન મુનિઓને સ્વસંયમજીવનમાં સમુધત બનવા માટેનું શ્રેષ્ઠ માર્ગદર્શન મળે છે. અહીં કેટલાક પટ્ટકોની ભાષાનું આધુનિક સંસ્કરણ કરવામાં આવ્યું છે, તો કેટલાક પટ્ટકો યથાવત્ રાખ્યા છે. આવા પટ્ટકોના કેટલાક શબ્દોના અર્થો સમજી શક્યા નથી. એ માટેના સાધનો તેમજ સહાયકોની

સગવડનો અભાવ, તેમજ થોડો સમયાભાવ પણ આમાં કારણ બન્યો છે. વિદ્વાનોને નમ્ર વિનંતી છે... પરિશ્રમસાધ્ય આ કાર્ય સ્વયં હાથમાં લ્યે... અથવા અમને જણાવે, જેથી નૂતન સંસ્કરણમાં આ ખામીઓ દૂર થાય.

પ્રાન્તે, પરમગુરુદેવ શ્રીમદ્ વિજયહેમચન્દ્રસૂરી-મહારાજાની વારંવારની પ્રેરણાથી આ પ્રકાશન તૈયાર થયું છે... પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ કરેલા અનંત ઉપકારમાં આથી ઓર એક ઉપકારનો વધારો થાય છે. શે મુક્ત થઈશ આ ઉપકારની શ્રૃંખલામાંથી?

આત્મીયગણિશ્રીમુક્તિવલ્લભવિજયજીએ એક જ વખતની વિનંતિને માન આપીને સુંદર પ્રસ્તાવના લખી આપી... માટે તેઓનું સ્મરણ આ પળે થઈ આવે તે સહજ છે.

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટે આજ સુધીમાં સેંકડો ગ્રંથોનું પુનઃપ્રકાશન સ્વરૂપ જિર્ણોધ્ધાર કર્યો છે. પ્રસ્તુત પ્રકાશન પણ આ ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થઈ રહ્યું છે... માટે આ ટ્રસ્ટ પણ શતશઃ ધન્યવાદને પાત્ર છે.

અંતમાં... આ પ્રકાશનના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુગણ પોતાના સંયમજીવનને શુધ્ધ-વિશુધ્ધ-સુવિશુધ્ધ બનાવી વહેલી તકે સિધ્ધિપદને પ્રાપ્ત કરે એજ મંગલકામના.

લિ.
મુનિ મહાબોધિવિજય
વિલેપાર્લા ઈસ્ટ
મુંબઈ - ૫૭

# Stop Press

સંપૂર્ણ ગ્રંથ કંપોઝ થઇને પ્રેસમાં મુદ્રિત થવા જતો હતો... ત્યાં વિદ્વદ્વર્ય મુનિશ્રી ધુરંધરવિજયજીએ વિક્રમના તેરમા સૈકાના અંતે શ્રી જગચ્ચન્દ્રસૂરિ મહારાજે સંઘને ઉદ્દેશીને રચેલ પટ્ટક મોકલાવ્યો.

આ પટ્ટકમાં ઘણી બધી ચર્ચાને અવકાશ છે. એની ઘણી બધી કલમોની પાછળ નાના-મોટા વાદો કારણભૂત છે. સમયાદિની અનુકૂળતા ન હોવાથી અત્રે વિસ્તાર ન કરતા અક્ષરશઃ આ પત્રને મુદ્રિત કર્યો છે. ક્યાંક શંકાસ્થાનો પણ છે. જેની વિદ્વાનો સાથે ચર્ચા થવી જરૂરી છે.

સંપૂર્ણ પટ્ટકનો અભ્યાસ કરતાં આ પટ્ટક આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરિ મહારાજે પોતાના ગચ્છના સાધુ/સાધ્વી/શ્રાવક/શ્રાવિકાઓને ઉદ્દેશીને રચ્યો હોય તેવું જણાય છે. તે છતાં કેટલીક કલમો આજના પરિપ્રેક્ષ્યમાં વિચારતા એવીને એવી તાજી લાગે છે. એટલે કે આજના કાળમાં પણ એનું આચરણ જરૂરી જણાય છે.

# આચાર મર્યાદાપટ્ટક
# એટલે આચારમાર્ગ રિનોવેશન પ્રોજેક્ટ

શ્રીમંત તરીકેની ખ્યાતિ હોય અને છતાં વાસ્તવિક શ્રીમંત ન કહી શકાય તેવા શ્રીમંતોના ત્રણ પ્રકાર પાડી શકાય.

૧. મડદાબ્રાંડ શ્રીમંત : બાપદાદાની શ્રીમંત તરીકેની બહુ પ્રસિદ્ધિ હોય, ગર્ભશ્રીમંત તરીકે જન્મ મળ્યો હોય, બાપ દાદાના આલીશાન બંગલામાં રહેતા હોય અને શ્રીમંત તરીકેની છાપ વારસામાં મળેલી હોય... પરંતુ, પાછળથી ઘસાઈ ગયા હોય, અંદરથી ખોખલા થઈ ગયા હોય. બંગલામાં રહેતા હોય પણ બંગલાના મેઈન્ટેનન્સનું બીલ માથાનો દુઃખાવો બની રહેતું હોય, બંગલાના ગેરેજમાં ગાડી હોય પણ પેટ્રોલ પરવડતું ન હોય તેથી ગાડી કાયમ ગેરેજમાં કેદ રહેતી હોય. આવી દેખાવની શ્રીમંતાઈ એ વાસ્તવિક શ્રીમંતાઈ નથી પણ શ્રીમંતાઈનું કલેવર છે.

૨. મમ્મણબ્રાન્ડ શ્રીમંત : શ્રીમંતાઈ દોમ દોમ હોય પણ કૃપણવૃત્તિને કારણે શ્રીમંતાઈના સુખને ભોગવી ન શકે - તેવા શ્રીમંત.

૩. ગુરખાબ્રાન્ડ શ્રીમંત : લખલૂટ શ્રીમંતાઈ હોવા છતાં તેમને શ્રીમંત તરીકે કોઈઓળખે નહિ. ચાલીની નાની ખોલીમાં રહેતો હોય અને ચીંથરેહાલ દશામાં ફરતો હોય તેને દુનિયા શ્રીમંત કેમ માને? માત્ર ગુરખા બનીને શ્રીમંતાઈને સાચવે પણ દાખવે નહિ, તે આ પ્રકારનો શ્રીમંત.

સાધુ એટલે આધ્યાત્મિક જગતનો શ્રીમંત. આધ્યાત્મિક શ્રીમંતના પણ ઉપરની જેમ જ ત્રણ પ્રકાર પાડી શકાય.

૧. સાધુતા વગરના સાધુ : સાધુવેષ પહેર્યો છે તેથી પરાપૂર્વથી જામેલી સાધુધર્મની પ્રતિષ્ઠા સહજ મળી ગઈ. બાહ્ય સાધુવેષ એટલે બાપદાદાનો આલીશાન બંગલો. પણ, પ્રબળ વિરક્તિ કે વ્રત-પરિણતિના અભાવે અંદરથી સાધુતા મરી પરવારેલી હોય. સાધુતા

વગરનો સાધુ અને શ્રીમંતાઈ વગરનો શ્રીમંત - બન્ને સરખા વિડંબનાપાત્ર.

૨. નૂર વગરના સાધુ : બાહ્ય આચારોની અપેક્ષાએ સાધુપણું સુંદર પણે પણ સાધુપણાનો આનંદ ન હોય. બાહ્ય આચારમાં એક્કા હોય પણ સાધુપણાની મસ્તી મુખ પર ઝળકતી ન હોય. શુષ્કતા કે નીરસતાને કારણે શ્રામણ્ય બોજરૂપ બની ગયું હોય. સાધુતાને ભોગવી ન જાણે, સાધુતાનો આનંદ લૂંટી ન જાણે.

૩. સાધ્વાચાર વગરના સાધુ : વેષ સાધુનો હોય, અભ્યંતર પરિણતિ કદાચ સારી પણ હોય, પરંતુ બાહ્ય આચારોમાં શિથિલતા ઘણી હોય. શ્રીમંતની શ્રીમંતાઈને જેમ લોક બાહ્ય આડંબરથી પીછાણે તેમ સાધુની સાધુતા બાહ્ય સાધ્વાચારોની ચુસ્તતાથી પ્રમાણિત થાય. આચાર એ સાધુનું વસ્ત્ર છે. શ્રીમંત લઘરવઘર કપડામાં ન શોભે.

શ્રામણ્યની અભ્યંતર પરિણતિનું જેટલું મહત્વ છે, તેટલું જ મહત્વ આચારમાર્ગ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું છે. કારણકે, આ પ્રતિબદ્ધતા પોતાની અને અનેકની અભ્યંતર પરિણતિનો હેતુ છે. નીચે મુજબના અનેક કારણોથી વ્યવહારધર્મના ચુસ્ત પાલનની અનિવાર્યતા પુરવાર થાય છે.

૧. ધર્મશાસનનું લક્ષ્ય નૈશ્ચયિક નિર્મળ આત્મપરિણતિ છે. પરંતુ, શાસનનો આધારસ્તંભ તો આત્મપરિણતજનક આચારધર્મ છે. આચારધર્મની સડક ઉપર જ જયવંતુ જૈન શાસન પેઢીઓની પેઢીઓ સુધી પ્રવાસ કરે છે. આ દૃષ્ટિએ વિચારતા આચારપાલનની ન્યૂનતા એ માત્ર વ્યક્તિગત નુકશાન નથી પણ કાંઈક અંશે તે સમષ્ટિ પ્રત્યેનો અપરાધ બની રહે છે.

૨. નૈશ્ચયિક આત્મપરિણતિ એ જો છોડ છે તો વ્યવહાર ધર્મ એ વાડ છે. છોડનું પાલન, પોષણ, જતન અને સંરક્ષણ વાડને આભારી હોય છે.

૩. આચાર વિચારને ઘડે છે. આચરણા શુભ ન હોય ત્યાં શુભ વિચાર

ઉગવાની શક્યતા ઘણી ઘટી જાય છે. અને કદાચ શુભ વિચાર પ્રગટે તો પણ તેની આવરદા લાંબી હોતી નથી. શુભ આચાર શુભ વિચારને ખેંચી લાવતું મેગ્નીફીસન્ટ મેગ્નેટીક પાવરવાળું મેગ્નેટ છે.

૪. વિચાર અતિન્દ્રીય છે. તેથી એક વ્યક્તિના મનનો શુભ કે અશુભ વિચાર બીજાને આલંબનભૂત બનતો નથી. પણ, આચાર તો દૃષ્ટિગોચર છે. તેથી, એક વ્યક્તિના શુભ કે અશુભ આચારનું અનેક જીવો આલંબન લેતા હોય છે.

૫. વિચાર મનોગત હોવાથી તે અનુશાસનનો વિષય બની શકતો નથી. આચાર વ્યવહારગત હોવાથી તેના માદયમથી સમૂહને અનુશાસિત કરી શકાય છે.

૬. એક વ્યક્તિનો અશુભ વિચાર માત્ર તેને જ નુકશાન કર્તા બની શકે. પરંતુ, તેનો મલિન આચાર અનેક વ્યક્તિઓને નુકશાનકર્તા બની શકે.

૭. શુભ પરિણતિ અને અશુભ પરિણતિની ગતિ સમજવા જેવી છે. અનાદિકાળના અસદ્ અભ્યાસને કારણે મલિન સંસ્કારો આત્મામાં ગાઢ પડેલા છે. જ્યારે, શુભ સંસ્કારો નવા ઊભા કરવાના છે. તેથી સામાન્ય રીતે કોઈ પણ અશુભ ભાવ સંસ્કારોને કારણે પહેલાં મનમાં વિચાર રૂપે ઊઠે છે અને પછી આચારમાં ઉતરે છે. પરંતુ, શુભભાવની વાત તદ્દન વિપરીત છે. શુભ આચારની અસર મન સુધી પહોંચે ત્યારે શુભ પરિણતિનું નિર્માણ થાય છે. આમ શુભભાવ સામાન્ય રીતે પહેલા પ્રવૃત્તિમાં આવે છે પછી પરિણતિમાં સ્થિર થાય છે. તેથી શુભ અને અશુભ બન્ને પરિણતિ માટે આચારનો ફાળો નોંધપાત્ર બની રહે છે. મનમાં ઉઠેલા અશુભ ભાવને અશુભ આચારમાં ઉતરતો રોકવા દ્વારા તે અશુભ ભાવને નિષ્ફળ કરી શકાય છે. અને, મનમાં શુભ પરિણતિ ઊભી કરવા પહેલાં શુભ આચારનું આલંબન લેવું પડે છે.

૮. મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે સમકિતના ૬૭ બોલની

સજ્ઝાયમાં પ્રાવચનિક, ધર્મકથી, વાદી, માંત્રિક વગેરે પ્રભાવકોનો પરિચય આપ્યા પછી છેલ્લી ગાથામાં જણાવ્યુંઃ

**જબ નવિ હોવે પ્રભાવક એહવા, તબ વિધિપૂર્વક અનેક;**
**યાત્રા-પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક.**

આમ, ચુસ્ત આચારપાલકને પ્રભાવકનું ગૌરવ અપાયું છે. આમ તો પ્રાવચનિક વગેરે આઠ જ મુખ્ય પ્રભાવક છે. આચારસંપન્નતા ગૌણ કક્ષાની પ્રભાવકતા હોવા છતાં અતિ મહત્વની પ્રભાવકતા છે કારણ કે તે વાઈસા-વર્સા ઈફેક્ટ ધરાવે છે.

કોઈ શાસ્ત્રો ભણીને પ્રાવચનિક બને તો પ્રભાવક ગણાય. પણ, વિશિષ્ટ ક્ષયોપશમના અભાવે બહુ જ્ઞાની ન બની શકે તો કાંઈ શાસનનો અપ્રભાજક નથી બનતો.

કોઈ વિશિષ્ટ વક્તૃત્વકળાયુક્ત વિદ્વાન શ્રમણ ધર્મકથી બનીને શાસનની ખૂબ પ્રભાવના કરી શકે. પરંતુ, તેવી વિશિષ્ટ વક્તૃત્વકળા ન હોય તે શાસનનો અપ્રભાજક છે તેમ ન કહેવાય.

પરંતુ, આચાર સંપન્નતાની વાત ન્યારી છે. ચુસ્ત આચારસંપન્ન શ્રમણની જીવનચર્યા વિહાળીને કૈંક આત્માઓ પ્રભાવિત બને, ચારિત્રધર્મના અનુમોદક અને અનુરાગી બને. અને શ્રમણનું આચારશૈથિલ્ય શાસનનું માલિન્ય કરે.

બીજી મહત્વની વાત એ છે કે, પ્રાવચનિક આદિ અન્ય પ્રભાવક બનવા જ્ઞાનાવરણીયાદિ કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ અપેક્ષિત છે. જ્યારે, આચાર-પ્રભાવક બનવા તો મુખ્યતયા મોહનીય કર્મનો ક્ષયોપશમ જોઈએ. વળી, અન્ય પ્રભાવક ન બની શકો તો જ્ઞાનાવરણીયાદિ કર્મ બંધાય તેમ ન કહેવાય. પણ, આચારસંપન્નતા ન હોય તો મોહનીય કર્મ બંધાય પણ ખરા.

શ્રમણના સુંદર આચાર અનેક જીવોને બોધિબીજની પ્રાપ્તિનું નિમિત્ત બને અને આચારની શિથિલતા અનેક જીવોની બોધિદુર્લભતાનું

નિમિત્ત બની શકે. પાટ ઉપર બેસીને ઉપદેશ આપનાર ધર્મોપદેશક શ્રમણ કરતાં પણ ક્યારેક ચુસ્ત આચારસંપન્ન શ્રમણ બોલ્યા વગર અનેક જીવોને પ્રતિબોધ પમાડતો હોય છે. સાધુનો સ્વાધ્યાયનો આચાર કે નિર્દોષ ભિક્ષાચર્યા માટેની નિષ્ઠાપૂર્વકની ગવેષણાનો આચાર નિહાળી અનેક આત્માઓ પ્રતિબોધ પામતા હોય છે. આચારસંપન્નતાથી પડતો પ્રભાવ ગાઢ અને ઘેરો હોય છે.

વિ.સં. ૨૦૩૭માં મારી દીક્ષા બાદ તરત અમે કચ્છમાં વિચરણ કર્યું હતું. લગભગ દરેક ગામમાં શ્રાવકો કહેતા-સાહેબ, આજથી ૧૨ વર્ષ પહેલાં આપના સમુદાયના જ સાધુ કચ્છમાં પધારેલા. એક હતા મુનિ રાજેન્દ્ર વિજય અને બીજા હતા મુનિ મણિપ્રભ વિજય. બન્ને ખૂબ આચારસંપન્ન, અને મુનિશ્રી મણિપ્રભ વિજય મ.સા. તો એવા ખાખી-બંગાળી... ઉતર્યા હોય અમારા ગામમાં અને ગોચરી વહોરવા ૩ કિ.મી. દૂરના બાજુના ગામમાં જાય ! પણ નિર્દોષ વાપરે ! મહાસંયમી ! બાર વર્ષ પછી પણ આચારથી પડેલો પ્રભાવ ભૂંસાયો ન હોતો.

અજ્ઞાનતપ તપી રહેલા તામલી તાપસે વિહાર કરી રહેલા મુનિની સુંદર ઈર્યાસમિતિની ચર્યા જોઈ. તેના મનમાં અહોભાવ ઉત્પન્ન થયોઃ શોભનોડયં મુનિઃ । શોભનઃ તસ્યાચારઃ ॥ અને, આ અહોભાવથી મિથ્યાત્વનો અંધકાર ચીરાયો અને સમ્યગ્દર્શનની દિવ્ય જ્યોતિ ઝળહળી ઊઠી.

વાંસડા ઉપર નૃત્ય કરતા ઈલાયચીપુત્રે કોઈ મકાનમાં યુવાન અને રૂપવાન સ્ત્રીના હસ્તે નીચી નજરે ભિક્ષા વહોરી રહેલા મુનિની ભિક્ષાચર્યા જોઈ અને તે જોતા જોતા અહોભાવની ધારામાં ચડ્યો. વાંસડા ઉપર જ તેણે ક્ષપકશ્રેણિ માંડી દીધી.

૯. પોતાની જિનાજ્ઞા પ્રત્યેની વફાદારી અને નિષ્ઠા આચાર દ્વારા જ પ્રમાણિત થઈ શકે. જિનાજ્ઞા પ્રત્યે વફાદારી કે અહોભાવના માનસિક પરિણામને અભિવ્યક્ત કરવાનું માધ્યમ આચાર છે.

૧૦. અશુભ આચાર અશુભ ભાવધારા પર અને શુભ આચાર શુભ

ભાવધારા પર ચડાવનારું મહત્વનું પરિબળ છે. ઈન્દ્રિય સંવરનો આચાર ચૂકીને પ્રસન્નચંદ્ર રાજર્ષિએ કર્ણેન્દ્રિયના ઉપયોગને બે દૂતોના વાર્તાલાપ તરફ વાળ્યો તો અશુભ ભાવધારાને કેવો સ્ટાર્ટ મળી ગયો! અને, મુંડિત મસ્તકના આચારે તે વેગવંતી ભાવધારાને રીવર્સ-ગેર આપ્યો ! આમ, શુભ કે અશુભ આચાર શુભ કે અશુભ ભાવધારાનો પ્રારંભ અને વૃદ્ધિ કરે છે.

આચારધર્મનો આવો અજબગજબનો પ્રભાવ હોવાથી અરિહંત પરમાત્માના શાસનમાં આચારધર્મનું અદકેરૂં સ્થાન છે. શ્રી આચારાંગસૂત્ર, શ્રી કલ્પસૂત્ર, ઓઘનિર્યુક્તિ પિંડનિર્યુક્તિ, શ્રી દશવૈકાલિક સૂત્ર વગેરે અનેક આગમ ગ્રન્થોમાં અને શ્રીપંચવસ્તુ, ધર્મસંગ્રહ, ધર્મબિન્દુ, યતિદિનચર્યા વગેરે અનેકાનેક પ્રકરણ ગ્રન્થોમાં ખૂબ વિસ્તારથી આચારમાર્ગ અને સાધુસામાચારીનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

આચારની થિઅરીને શાસ્ત્રીય પરિભાષામાં જ્ઞપરિજ્ઞા કહેવામાં આવે છે. અને, પ્રેક્ટીકલ આચારચર્યા પ્રત્યાખ્યાન પરિજ્ઞા કહેવામાં આવે છે. આચારમાર્ગના પ્રતિપાદન માત્રથી જ્ઞાની ભગવંતોએ તોષ ન માન્યો. તે આચારોનું ચુસ્ત પાલન સ્વયં પોતાના જીવનમાં કર્યું અને અનેક જીવોને આચારમાં જોડ્યા. પરંતુ, અવસર્પિણી કાળનો ઘસારો પ્રત્યેક સારી ચીજને લાગવાનો જ. તેમાં આચારધર્મ પણ બાકાત ન રહી શકે. પડતા કાળના પ્રભાવે આચાર પાલનમાં થોડી ન્યૂનતા આવે તે સહજ છે.

આચારમાર્ગ એ ધર્મશાસન નામના રાજાનો મહેલ છે. અને, જ્યારે જ્યારે આ મહેલને ઘસારો પહોંચ્યો ત્યારે પાળે-પળાવે પંચાચારની પ્રખ્યાતિને વરેલા પૂજ્ય આચાર્ય ભગવંતોએ આ ભવ્ય મહેલનું રિનોવેશન કરવાનું પોતાનું ઉત્તરદાયિત્વ નીભાવ્યું છે. ક્રિયોધ્ધાર કે આચાર મર્યાદાપટ્ટકના માધ્યમથી સુવિહિત સૂરિવર્યોએ આચારમાર્ગની દૃઢતા અને ગચ્છના અનુશાસનની ગંભીર જવાબદારી સુપેરે વહન કરી છે. આવા ક્રિયોદ્ધાર કે મર્યાદાપટ્ટકો શાસન પ્રસિદ્ધ જીતવ્યવહારની ગરિમાને ધારણ કરે છે. જૈન શાસનમાં જિત વ્યવહારને

શ્રુતવ્યવહાર જેટલે જ પ્રમાણભૂત માનવામા આવ્યો છે.

પ્રાચીન સાહિત્ય અનેક પ્રકારે ઉપલબ્ધ છે. તેમાં જૂદા જૂદા આચાર્ય ભગવંતોએ રચેલી પટ્ટાવલીઓ અને આચાર્ય ભગવંતો કૃત પટ્ટકો - એ બે પ્રકારનું પણ ઐતિહાસિક દૃષ્ટિએ તેમ જ શાસનના ગૌરવની દૃષ્ટિએ ઘણું મહત્વ છે. પટ્ટાવલીઓ જૈન શાસનની જાજરમાન આચાર્ય પરંપરાને પ્રદ્યોતિત કરે છે તો પટ્ટકો જૈન શાસનની ગૌરવવંતી આચારપરંપરા ઉપર પ્રકાશ ફેંકે છે.

સમયે-સમયે જ્યારે જ્યારે જરૂર જણાઇ ત્યારે સમર્થ અને જવાબદાર પૂ. આચાર્ય ભગવંતોએ પટ્ટકોના સ્વરૂપે ફરમાનો બહાર પાડ્યા છે. તેવા અનેક પટ્ટકો તે આજે મળતા પણ નથી, માત્ર તેનો ઉલ્લેખ જ મળે છે. ઉપલબ્ધ પટ્ટકોને આ પુસ્તકમાં સંગ્રહીત કરવામાં આવ્યા છે.

પટ્ટકો પણ બે પ્રકારના હોય છે. કેટલાક પટ્ટકો સિદ્ધાન્ત નિર્ણય અંગે કરવામાં આવ્યા છે તો કેટલાક પટ્ટકો આચાર મર્યાદાનું પ્રવર્તન કરવા માટે કરવામાં આવ્યા છે. આ પુસ્તકમાં મુખ્યત્વે આચાર મર્યાદાપટ્ટકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

વ્યવહારમાર્ગની મહત્તા, જૈન શાસનમાં આચાર્યની સત્તા, શ્રમણસંસ્થામાં અનુશાસનનું ઊંચું સ્તર સૂક્ષ્મ કાળજી અને ઝીણવટભરી ચીવટનો મહિમા, સ્વપક્ષ-પરપક્ષ વચ્ચેના વ્યવહારો કે વલણો, જૈનાચાર્યોની દીર્ઘદર્શિતા અને ઊંડી સૂઝ તથા જૈન માર્ગની અનેકાનેક બાબતો આ પટ્ટકોની વિવિધ કલમોમાંથી ઊડીને આંખે વળગે છે.

આ પટ્ટકોની એકાદ-બે કલમોના સૂચિતાર્થોનું થોડું અવલોકન કરીએ.

૧. વિ.સં.૧૬૭૭માં શ્રી વિજયદેવસૂરીએ નિર્મિત કરેલા સાધુમર્યાદાપટ્ટકની બીજી કલમમાં જણાવ્યું છેઃ

સમસ્ત યતિએ માંડલે પ્રતિક્રમણ કરવા આવવું. બાધાનું કારણ હોય તો પૂછ્યા વિના સર્વથા ન રહેવું.

સૂચિતાર્થો :

૧. બહુ સામાન્ય અને બહુ નાની લાગતી આ બાબતની પણ પૂ. આચાર્ય ભગવંતે પટ્ટકમાં નોંધ લીધી છે. જૈન શાસનમાં નાની અને સામાન્ય બાબત પણ ઉપેક્ષાપાત્ર નથી. ઝીણી બાબતની પણ ચીવટ રાખવાનું કર્તવ્ય અહીં સૂચિત થાય છે. ક્યારેક નાના અને સામાન્ય જણાતા આચારની ઉપેક્ષા પણ મોટું નુકશાન નોંતરી શકે છે.

૨. પાંચ સાક્ષીમાં વ્યવહારનયની દૃષ્ટિએ સાધુ-સાધ્વી અને નિશ્ચયનયની અપેક્ષાએ આત્મસાક્ષી ધરાવે છે. કર્તવ્યભૂત તમામ દૈનિક આચારો અને આરાધનાઓ સાધુની સાક્ષીએ થવા જોઈયે. તેવો એક સંકેત અહીં અભિવ્યક્ત થાય છે.

૩. જેમ જિનાજ્ઞાનું પારતંત્ર્ય જોઈએ, જેમ ગુર્વાજ્ઞાનું પારતંત્ર્ય જોઈએ તેમ સહવર્તીઓના સમૂહનું પારતંત્ર્ય પણ જરૂરી છે.

૪. સામૂહિક આરાધના ઉલ્લાસવૃદ્ધિનું પ્રબળ નિમિત્ત છે.

૫. પોતાની દિનકૃત્ય પ્રત્યેની નિષ્ઠા અને વફાદારી માંડલીગત આરાધનાથી પ્રમાણિત થાય છે.

૬. માંડલી એ અનુશાસન પ્રસ્થાપિત કરવા માટેનું પ્રબળ માધ્યમ છે.

૨. શ્રી વિજયદેવસૂરી નિર્મિત ઉપરોક્ત પટ્ટકની જ બીજી એક કલમ છે.

આહારાદિ લેવા પોતાની હીંડીમાં જવું, પારકી હીંડીમાં ન જવું. કદાચિત્ ઔષધાદિક કારણે જવું પડે તો હીંડીના ધણીને સાથે તેડીને જવું.

સૂચિતાર્થો :

૧. પોતાની હીંડીનો અર્થ હદ થાય છે. સાધુઓ સંઘાટક ગોચરી જાય ત્યારે દરેક સંઘાટકના અલગ અલગ લત્તા કે મહોલ્લા વહેંચી

દેવામાં આવે. પોતાને ફાળવાયેલા લત્તામાં જ ગોચરી વહોરવા જવાનું શિસ્ત અહીં જણાવાયું છે.

૨. આ રીતે હીંડી વહેંચવાથી એકના એક લિત્તામાં કે એકના એક ઘરે અનેક સંઘાટકો પહોંચી જવાની અવ્યવસ્થા ન થાય. અને, તેથી ગોચરી નિર્દોષતા, ગૃહસ્થના ભાવોની સુરક્ષા વગેરે અનેક હેતુઓ બર આવે.

૩. જૈન શાસનની ગૌરવવંતી અવગ્રહ-મર્યાદા આ કલમથી સૂચિત થાય છે. જે લત્તો અન્યને ફાળવાયેલ છે તે લત્તામાં બીજાથી જઇ શકાય નહિ. અને, વિશેષ કારણથી જવું પડે તો જેનો અવગ્રહ હોય તેને લઇને જ જવાય. તેની અનુમતિ વગર જવાય નહિ. અન્યના અવગ્રહવાળા વિસ્તારમાં ગોચરી ન જવાય તે તો સંકેતમાત્ર છે. જ્યાં એક સંઘના નેજા હેઠળ એક આચાર્યાદિની નિશ્રામાં ચાતુર્માસ કે અન્ય અનુષ્ઠાનો આરાધના હોય તે જ વિસ્તારમાં સમાન્તર સંઘ જેવી વ્યવસ્થા, સમાન્તર ઉપાશ્રય સમાન્તર ચાતુર્માસ કે સમાન્તર સામૂહિક અનુષ્ઠાનનું આયોજન અવગ્રહ મર્યાદાના ઉલ્લંઘન સ્વરૂપ અને અદત્તાદાન સ્વરૂપ બની જાય, જૈન સંઘની અને શ્રમણસંસ્થાની એકતા અને એખાલસતાની સુરક્ષા માટે અવગ્રહની આ કેવી જડબેસલાક મર્યાદા જૈનાચાર્યોએ સૂચવી છે!

૩. વિ.સં. ૧૭૮૮માં આચાર્ય શ્રીમાનસૂરી મ.સા.ની આજ્ઞાથી શ્રી લાવણ્યવિજય ગણિએ લખેલા પટ્ટકની એક કલમ :

લોક આગળ સુવિહિતગચ્છનાં ગુણ ઢાંકી દોષ પ્રકાશી લોકને વ્યુદ્ગ્રહસહિત કરી વંદનપૂજનાદિક વ્યવહાર ટળાવે તે શાસનોચ્છેદક સદ્દેહવા.

સૂચિતાર્થો :

૧. ગચ્છો કે સમુદાયો વચ્ચે માન્યતાભેદ કે સામાચારિભેદ

સંભવી શકે. તે છતાં, પરસ્પર ગુણાનુરાગ, વાત્સલ્ય, આદર અને અમી નજર તો હોવા જ જોઈએ. ભિન્ન માન્યતા કે ભિન્ન સામાચારીને કારણે અન્ય શ્રમણોને મિથ્યાત્વી, કુગુરુ, અવંદનીય કે અનુકંપાપાત્ર ગણાવવા તે અનેક જીવોને પરમતારક એવી શ્રમણસંસ્થા અને શ્રમણધર્મ પ્રત્યે અનાદરવાળા કરી તેમને દુર્લભબોધિ બનાવવાનું થાય છે.

૨. શ્રમણસંસ્થા પ્રત્યેનો આદર તારનારો છે અને અનાદર અહિતકર છે.

૩. જગદ્ગુરૂ શ્રીહીરવિજયસૂરીશ્વરજીના સુપ્રસિદ્ધ ૧૨ બોલના પટ્ટકની બીજી કલમ આ કલમના સૂચિતાર્થને વિશેષ સ્પષ્ટ કરે છેઃ

''પરપક્ષીઓએ કરેલા ધર્મકાર્યો સર્વથા અનુમોદવા યોગ્ય નથી'' એમ કોઈએ ન બોલવું, કેમ કે દાનરૂચિપણું, સ્વભાવથી વિનીતપણું, અલ્પકષાયીપણું, દયાળુપણું, પરોપકારીપણું, ભવ્યપણું, દાક્ષિણાળુપણું, પ્રિયભાષીપણું વગેરે જે જે માર્ગાનુસારી પણાના ધર્મકર્તવ્યો છે, તે જૈન સિવાયના અન્યદર્શની કોઈ પણ જીવમાં હોય તો તે પણ શાસ્ત્રને અનુસારે અનુમોદવા યોગ્ય જણાય છે, તો પછી જૈનમાંહેના જ પરપક્ષીએ સંબંધી માર્ગાનુસારી ધર્મકર્તવ્યો અનુમોદવા યોગ્ય હોય તેમાં તો કહેવું જ શું?

આ તો માત્ર નમૂનારૂપે ત્રણ કલમોના સૂચિતાર્થો જણાવ્યા. આ રીતે પ્રત્યેક કલમની રહસ્યખોજ થઈ શકે.

આ પુસ્તકમાં સંગ્રહીત કરેલા પટ્ટકોમાંથી સૌથી પ્રાચીન પટ્ટક શ્રી આનંદવિમલસૂરિ લિખિત છે. જ્યારે સૌથી અર્વાચીન વિ.સં. ૨૦૧૮ની સાલમાં પૂ.આ.ભ.શ્રી. વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ કરેલે પટ્ટક છે.

જેમ ગચ્છ કે સમુદાયના નિયંત્રણ માટે પટ્ટક કરવામાં આવે છે તેમ પોતાના આત્મનિયંત્રણ માટે, પોતાના શિષ્ય પરિવાર માટે અને

અંગત વિશિષ્ટ આરાધના માટે પણ નિયમાવલી ઘડી શકાય. પૂ.પં.શ્રી. ચંદ્રશેખર વિજય મ.સા.ની બાવન કલમો આવી અંગત નિયમાવલીનો નમૂનો છે.

આ પુસ્તકના સંપાદક પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજય મ.સા. વિદ્વાન શાસ્ત્રવિદ્ અને પ્રખર પ્રવચનકાર છે. લેખન અને સંપાદન દ્વારા તેઓ સાહિત્યક્ષેત્રે પણ સુંદર પ્રદાન કરતા રહ્યા છે. ગણિપદનાં પ્રાંગણમાં આવી ઉભેલા આ પૂ. મુનિરાજશ્રીએ અનેક ગ્રન્થો સંપાદિત કર્યા છે. તેમની સંપાદન માટેના ગ્રન્થોની પસંદગી બહુ વિશિષ્ટ હોય છે. હીરસ્વાધ્યાય, વિવિધ પ્રશ્નોત્તર, અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયાકોશ, આચારાંગદિપીકાસટીક વગેરે અનેક ગ્રન્થો તેમણે સંપાદિત કરેલ છે. પ્રસ્તુત પટ્ટક સંગ્રહ પણ અત્યંત ઉપયોગી સંપાદન બની રહેશે, તેમા શંકાને કોઈ સ્થાન નથી.

લિ.

ગણિ મુક્તિવલ્લભ વિજય

સૂરત

૧. ભાણબાઈ નાનાજી ગડા, મુંબઈ (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ના ઉપદેશથી).

૨. શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

૩. શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ

૪. શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ, (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરી મ.સા. ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય મિત્રાનંદ સૂ. મ.સા.ની પ્રેરણાથી)

૫. શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ.પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬. નયનબાળા બાબુભાઈ સી. જરીવાળા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ (પ.પૂ. પંન્યાસજી શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૭. કેશરબેન રતનચંદ્ર કોઠારી હા. લલિતભાઈ (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી)

૮. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર, મુંબઈ.

૯. શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ. (આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરી મ.સા.ની પ્રેરણાથી)

૧૦. શ્રી શાંતાક્રુઝ શ્વે. મૂર્તિ. તપાગચ્છ સંઘ, શાંતાક્રુઝ, મુંબઈ. (આચાર્ય દેવ શ્રી હેમચંદ્રસૂરી મ.સા.ની પ્રેરણાથી)

૧૧. શ્રી દેવકરણ મૂળજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ),

મુંબઇ. (પ.પૂ. મુનિરાજ શ્રી સંયમબોધિ વિ. મ.સા. ની પ્રેરણાથી).

૧૨. સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત. (પ.પૂ. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩. બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટિબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઇ-૪૦૦ ૦૦૬. (પૂ. મુનિરાજ ની અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજ શ્રી મહાબોધિવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૧૪. શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઇ. (પૂ. મુનિ શ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી)

૧૫. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મંગળપારેખનો ખાંચો, અમદાવાદ. (પ.પૂ. આચાર્યદેવ શ્રી રૂચકચંદ્રસૂરી મ. ની પ્રેરણાથી)

૧૬. શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સંઘાણી સ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (પૂ. કલ્યાણબોધિ વિ. મ. ની પ્રેરણાથી)

૧૭. શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઇ. (પૂ. મુનિરાજ શ્રી અક્ષયબોધિ વિ.મ. ની પ્રેરણાથી)

૧૮. શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરી મ.સા. ની પ્રેરણાથી)

૧૯. શ્રી કલ્યાણજી સોભાગચંદ જૈન પેઢી પિંડવાડા (રાજ.) (સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્ય શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે)

૨૦. શ્રી આંબાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ (પૂ. મુનિ શ્રી કલ્યાણબોધિ વિ.મ. ની પ્રેરણાથી)

૨૧. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ. (પૂ.આચાર્ય શ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વી રત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી)

૨૨. શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર, દેરાસર, પાલડી, અમદાવાદ. (પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિજયજી મ.ની. પ્રેરણાથી)

૨૩. શ્રી મહાવીર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, પાલડી, અમદાવાદ, શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય. (પ.પૂ. આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરી મહારાજની પ્રેરણાથી)

૨૪. શ્રી માટુંગા જૈન શ્વેતાં. મૂર્તિપૂજક સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઈ.

૨૫. શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા. (રાજસ્થાન) (પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા. તથા મુનિશ્રી મહાબોધિવિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૨૬. શ્રી વિશા ઓશવાળતપગચ્છ જૈન સંઘ, ખંભાત. (વૈરાગ્યદશનાદક્ષ પ.પૂ. આચાર્ય દેવ શ્રીહેમચંદ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી)

૨૭. શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ, બાણગંગા, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.

૨૮. શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ. (પરમપૂજ્ય વૈરાગ્ય દેશનાદક્ષ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના સંવત ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે થયેલ જ્ઞાનદ્રવ્યની ઊપજમાંથી)

૨૯. શ્રી સીમંધર જીન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઇ), મુંબઇ. (પ્રેરક મુનિશ્રી નેત્રાનંદવિજયજી)

૩૦. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, જૈન નગર, અમદાવાદ.

૩૧. શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ. (પ.પૂ. આચાર્ય વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના. કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ.પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિવિજય મ.સા. ની પ્રેરણાથી)

૩૨. શ્રી બાબુભાઇ સી. જરીવાળા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા - ૩૯૦ ૦૦૨.

૩૩. શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના. (પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજ શ્રી મહાબોધિવિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૪. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના. (પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૫. શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત. (પૂ.પં. શ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૬. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાળા ટ્રસ્ટ, આરાધક ભુવન, દાદર, મુંબઇ. (મુનિ શ્રી અપરાજિત વિ.મ. ની પ્રેરણાથી)

૩૭. શ્રી જવાહર નગર જૈન શ્વે, મુર્તિ. સંઘ, ગોરેગામ, મુંબઇ. (પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરી મ.સા. ની પ્રેરણાથી)

૩૮. શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય, ખંભાત. (પૂ. પ્રવર્તિની. શ્રી રંજનશ્રીજી મ.સા. તથા પ.પૂ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાદવીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા. ની પ્રેરણાથી)

૩૯. શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઇ. (પંન્યાસ પ્રવર શ્રી જયસુંદરવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૦. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ જૈન સંઘ, ૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઇ.) (પૂ.પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૧. શ્રી આદિનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, ૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઇ.) (પ.પૂ.આ. શ્રી ગુણરત્નસૂરિ મ. ના શિષ્ય પૂ. પન્યાસજી શ્રી પુણ્યરત્નવિજયજી ગણિવર્યની તથા પૂ.પં. યશોરત્નવિજયજી ગણિવર્યની).

૪૨. શ્રી કોઇમ્બતુર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, કોઇમ્બતુર.

૪૩. શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ. (પ.પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરી મ.સા.ની ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ દિક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી)

૪૪. શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઇ. (પ્રેરક મુનિશ્રી રાજપાલવિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિ.મ.)

૪૫. શ્રી હીરસૂરીશ્વરજી જગદગુરૂ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઇ.

૪૬. શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ પૂર્ણ જૈન સંઘ, સંઘાણી ઇસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (પ્રેરક ગણિ શ્રી કલ્યાણબોધિવિજયજી મ.)

૪૭. શ્રી મરીન ડ્રાઇવ્હ જૈન આરાધક ટ્રસ્ટ (મુંબઇ.)

૪૮. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ મુંબઇ. (ગણિવર્ય અપરાજિત વિજયજીના શિષ્ય મુનિ શ્રી સત્ત્વભૂષણ વિજયજીની પ્રેરણાથી)

૪૯. શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઇ (પૂ. આચાર્યદેવ થી

હેમચંદ્રસૂરિ મ.ના. શિષ્ય ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિજયજી મ. ની પ્રેરણાથી)

૫૦. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચદ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ જૈન નગર. અમદાવાદ (પૂ. મુનિ શ્રી સત્યસુંદર વિ.ની પ્રેરણાથી)

૫૧. રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઈ (મુનિ શ્રી રત્નબોધિ વિ. ની પ્રેરણાથી)

૫૨. શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ બાણગંગા, વાલકેશ્વર, મુંબઈ-૬. (પ્રેરક - પૂ.આ. હેમચંદ્રસૂરિ મ.)

૫૩. શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ, પ્રાર્થના સમાજ, મુંબઈ (મુનિ શ્રી રાજપાલવિજયજી તથા પંન્યાસજી શ્રી અક્ષયબોધિવિજયજી ગણિ)

૫૪. શ્રી પ્રીન્સેસ સ્ટ્રીટ, લુહાર ચાલ જૈન સંઘ (પ્રેરક - ગણિ કલ્યાણબોધિ વિ.મ.)

૫૫. શ્રી ધર્મશાંતિ ચેરિટેરલ ટ્રસ્ટ, કાંદીવલી(ઈ), (પ્રેરક : પૂ મુનિશ્રી રાજપાલવિજયજી મ.સા., પૂ.પં. શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા.)

૫૬. પૂ.સા. શ્રી સૂર્યયશાશ્રીજી મ., તથા પૂ.સા. શ્રી સુશીલયશાશ્રીજી મ. ના પાર્લા ઈસ્ટમાં થયેલ ચાતુર્માસની આવકમાંથી ।

૫૭. શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વેતામબર મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ (અમદાવાદ)

૫૮. શ્રી આદિશ્વર શ્વે. ટ્રસ્ટ, સેલમ (પૂ. ગચ્છાધિપતિશ્રી જયઘોષ સૂ.મ. તથા મુનિશ્રી મહાબોધિ વિજયજીની શુભપ્રેરણાથી)

૫૯. શ્રી. પાર્શ્વનાથ જૈન સંઘ, સમારોડ, વડોદરા (પ્રેરક-પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૬૦. શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ (પ્રેરક - પૂ. મુનિરાજ શ્રી પ્રેમસુંદર વિજયજી)

૬૧. શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર શ્વે.મૂ.પૂ. સંઘ, અહમદાવાદ. (પ્રેરક-પૂ. પુણ્યરતિ વિજયજી મહારાજા)

૬૨. શ્રી દિપક જ્યોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઇ. (પ્રેરક-પૂ.પં.શ્રી. ભુવનસુંદર વિજયજી ગણિવર્ય તથા પૂ.પં.શ્રી. ગુણસુંદર વિજયજી ગણિવર્ય)

૬૩. શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના. (પં. કલ્યાણબોધિ વિજયજીની વર્ધમાન તપ સો ઓળીની અનુમોદનાર્થે, પં. વિશ્વકલ્યાણ વિજયજીની પ્રેરણાથી)

૬૪. ઓમકારસૂરીશ્વરજી આરાધના ભુવન - સૂરત. (પ્રેરક - આ. ગુણરત્નસૂરી મ. ના શિષ્ય મુનિશ્રી જિનેશરત્નવિજયજી મ.)

૬૫. શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ.

૬૬. શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગામ.

૬૭. શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઇ.

## શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ-મુંબઈ દ્વારા પ્રકાશિત થયેલા ગ્રંથોની સૂચિ

| | | | |
|---|---|---|---|
| ૧. | જીવવિચાર પ્રકરણ સટીક દંડક પ્રકરણ | ૩૬. | અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ ભાગ-૨ |
| ૨. | ન્યાયસંગ્રહ સટીક | ૩૭. | પ્રશ્નોત્તર રત્નાકર (સેનપ્રશ્ન) |
| ૩. | ધર્મસંગ્રહ સટીક ભાગ-૧ | ૩૮. | સંબોધસપ્તતિ સટીક |
| ૪. | ધર્મસંગ્રહ સટીક ભાગ-૨ | ૩૯. | પંચવસ્તુ સટીક |
| ૫. | ધર્મસંગ્રહ સટીક ભાગ-૩ | ૪૦. | શ્રી જંબુસ્વામી ચરિત્ર |
| ૬. | જીવસમાસ ટીકાનુવાદ | ૪૧. | શ્રી સમ્યક્ત્વ સંપ્તતિ સટીક |
| ૭. | જંબુદ્વીપ સંગ્રહણી સટીક | ૪૨. | ગુરૂ ગુણ ષટત્રિંશત્ષટત્રિંશિકા સટીક |
| ૮. | સ્યાદ્વાદમંજરી સાનુવાદ | ૪૩. | સ્તોત્ર રત્નાકર |
| ૯. | સંક્ષેપ સમારાદિત્ય કેવળી ચરિત્ર | ૪૪. | ઉપદેશ રત્નાકર |
| ૧૦. | બૃહત્ક્ષેત્રસમાસ સટીક | ૪૫. | ઉપદેશ રત્નાકર |
| ૧૧. | બૃહત્ સંગ્રહણી સટીક | ૪૬. | શ્રી વિમલનાથ ચરિત્ર |
| ૧૨. | બૃહત્ સંગ્રહણી સટીક | ૪૭. | સુબોધા સમાચારિ |
| ૧૩. | ચેઇયવંદણ મહાભાસ | ૪૮. | શાંતિનાથ ચરિત્ર ગ્રંથ |
| ૧૪. | નયોપદેશ સટીક | ૪૯. | નવપદ પ્રકરણ સટીક ભાગ-૧ |
| ૧૫. | પુષ્પમાળા (મૂળ અને અનુવાદ) | ૫૦. | નવપદ પ્રકરણ સટીક ભાગ-૨ |
| ૧૬. | મહાવીર ચરિયં | ૫૨. | શ્રાદ્ધ પ્રકરણ વૃત્તિ |
| ૧૭. | મલ્લિનાથ ચરિત્ર | ૫૪. | વિજયપ્રશસ્તિ ભાષ્ય (વિજયસેનસૂરિ ચરિત્ર) |
| ૧૮. | વાસુપૂજ્ય ચરિત્ર | ૫૫. | કુમારપાળ મહાકાવ્ય સટીક (પ્રાકૃતદ્વાયાશ્રય) |
| ૧૯. | શાંતસુધારસ સટીક | ૫૬. | ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ-૧ |
| ૨૦. | શ્રાદ્ધગુણ વિવરણ | ૫૭. | ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ-૨ |
| ૨૧. | તત્ત્વજ્ઞાન તરંગિણી | ૫૮. | ઉપદેશ પદ ભાગ-૧ |
| ૨૨. | ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્ર પર્વ ૩/૪ | ૫૯. | ઉપદેશ પદ ભાગ-૨ |
| ૨૩. | ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્ર પર્વ ૫/૬ | ૬૦. | શ્રાદ્ધદિનકૃત્ય ભાગ-૧ |
| ૨૪. | અષ્ટસહસ્રી તાત્પર્ય વિવરણ | ૬૧. | શ્રાદ્ધદિનકૃત્ય ભાગ-૨ |
| ૨૫. | યુક્તિપ્રબોધ | ૬૨. | પાર્શ્વનાથ ચરિત્ર |
| ૨૬. | વિશેષણવતીવંદનપ્રતિક્રમણ અવચૂરી | ૬૩. | વિચાર રત્નાકર |
| ૨૭. | પ્રવ્રજ્યા વિધાન કુલક સ્ટીક | ૬૪. | ઉપદેશ સપ્તતિકા |
| ૨૮. | ચૈત્યવંદન ભાષ્ય (સંઘાચાર ભાષ્ય સટીક) | ૬૫. | દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ |
| ૨૯. | વર્ધમાનદેશના પદ્ય (ભાગ-૧ છાયા સાથે) | ૬૬. | પુષ્પ પ્રકરણ માળા |
| ૩૦. | વર્ધમાનદેશના પદ્ય (ભાગ-૨ છાયા સાથે) | ૬૭. | ગુર્વાવલી |
| ૩૧. | વ્યવહાર શુદ્ધિ પ્રકાશ | ૬૮. | પુષ્પ પ્રકરણ માલા |
| ૩૨. | અનેકાન્ત વ્યવસ્થા પ્રકરણ | ૬૯. | નેમિનાથ મહાકાવ્ય |
| ૩૩. | પ્રકરણ સંદોહ | ૭૦. | પાંડવ ચરિત્ર ભાગ-૧ |
| ૩૪. | ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણ સ્ટીક | ૭૧. | પાંડવ ચરિત્ર ભાગ-૨ |
| ૩૫. | અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ ભાગ-૧ | ૭૨. | પાર્શ્વનાથ ચરિત્ર ગદ્ય |

૭૩. હીર પ્રશ્નોત્તરાણિ
૭૪. ધર્મવિધિ પ્રકરણ
૭૫. સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૧
૭૬. દેવધર્મ પરીક્ષાદિ ગ્રંથો
૭૭. સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨-૩
૭૮. પ્રકરણત્રયી
૭૯. સમતાશતક (સાનુવાદ)
૮૦. ઉપદેશમાળા-પુષ્પમાળા
૮૧. પૃથ્વીચંદ્ર ચરિત્ર
૮૨. ઉપદેશમાળા
૮૩. પાઇયલચ્છી નામમાલા
૮૪. દોઢસો સવાસો ગાથાના સ્તવનો
૮૫. દ્વિવર્ણ રત્નમાલા
૮૬. શાલિભદ્ર ચરિત્ર
૮૭. અનંતનાથ ચરિત્ર પૂજાષ્ટક
૮૮. કર્મગ્રંથ અવચૂરી
૮૯. ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભાગ-૧
૯૦. ધર્મબિન્દુ સટીક
૯૧. પ્રશમરતિ સટીક
૯૨. માર્ગણાદ્વાર વિવરણ
૯૩. કર્મસિદ્ધિ
૯૪. જંબુસ્વામી ચરિત્ર અનુવાદ
૯૫. ચૈત્યવંદન ભાષ્ય સાનુવાદ
૯૬. ગુણવર્મા ચરિત્ર સાનુવાદ
૯૭. સવાસો દોઢસો ગાથા સ્તવનો
૯૮. દ્વાત્રિંશત્દ્વાત્રિંશિકા
૯૯. કથાકોષ
૧૦૦. જૈન તીર્થ દર્શન
૧૦૧. જૈન કથા સંગ્રહ ભાગ-૧
૧૦૨. જૈન કથા સંગ્રહ ભાગ-૨
૧૦૩. જૈન કથા સંગ્રહ ભાગ-૩
૧૦૪. રયણસેહર નિવકહા સટીક
૧૦૫. આરંભસિદ્ધિ
૧૦૬. નેમિનાથ ચરિત્ર ગદ્ય
૧૦૭. મોહોન્મુલનમ્ (વાદસ્થાનમ્)
૧૦૮. શ્રી ભુવનભાનુ કેવલી ચરિત્ર (અનુવાદ)
૧૦૯. શ્રી ચંદ્રપ્રભસ્વામી ચરિત્ર (અનુવાદ)
૧૧૦. આપણા જ્ઞાનમંદિરો
૧૧૧. પ્રમાલક્ષણ
૧૧૨. આચાર પ્રદીપ
૧૧૩. વિવિધ પ્રશ્નોત્તર
૧૧૪. આચારોપદેશ અનુવાદ
૧૧૫. પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૧
૧૧૬. પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૨
૧૧૭. રત્નાકરાવતારિકા અનુવાદ ભાગ-૧
૧૧૮. રત્નાકરાવતારિકા અનુવાદ ભાગ-૨
૧૧૯. ચૈત્યવંદન ચોવીસી તથા પ્રશ્નોત્તર ચિંતામણિ
૧૨૦. દાનપ્રકાશ (અનુવાદ)
૧૨૧. કલ્યાણમંદિર લઘુશાંતિ સટીક
૧૨૨. ઉપદેશ સપ્તતિકા (ટીકાનુવાદ) પુસ્તક
૧૨૩. પ્રતિક્રમણ હેતુ (પુસ્તક)
૧૨૪. જૈન કુમારસંભવ મહાકાવ્ય
૧૨૫. દેવચંદ્ર સ્તવનાવલિ
૧૨૬. આનંદકાવ્ય મહોદધિ ભાગ-૧
૧૨૭. શ્રી પર્યંત આરાધના સૂત્ર (અવચૂરી અનુવાદ)
૧૨૮. જિનવાણી (તુલનાત્મકદર્શન વિચાર)
૧૨૯. પ્રશ્નોત્તર પ્રદીપ ગ્રંથ
૧૩૦. પ્રાચીન કોણ શ્વેતામ્બર કે દિગમ્બર?
૧૩૧. જંબૂદ્વીપ સમાસ (અનુવાદ)
૧૩૨. સુમતિ ચરિત્ર (અનુવાદ)
૧૩૩. તત્ત્વામૃત (અનુવાદ)
૧૩૪. ત્રિષષ્ટિશલાકાપુરૂષ ચરિત્ર પર્વ-૨
૧૩૫. ત્રિષષ્ટિશલાકાપુરૂષ ચરિત્ર પર્વ-૧
૧૩૬. જૈન કથા સંગ્રહ ભા.૪ (પ્રતાકાર સંસ્કૃત)
૧૩૭. જૈન કથા સંગ્રહ ભાગ-૫
૧૩૮. જૈન કથા સંગ્રહ ભાગ-૬
૧૩૯. જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ)
૧૪૦. જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ)-૨
૧૪૧. શ્રીમોક્ષપદ સોપાન (૧૪ ગુણસ્થાનક)
૧૪૨. રત્નશેખર રત્નવતી કથા (પર્વતિથિ મહાત્મ)
૧૪૩. ષષ્ટિશતકમ્ (સાનુવાદ)
૧૪૪. નમસ્કાર મહામંત્ર (નિબંધ)

१४५. जैन गोत्र संग्रह
१४६. नयमार्गदर्शन याने सातनयनुं स्वरूप
१४७. महोपाध्याय श्री वीरविजयजी महाराजनुं चरित्र
१४८. मुक्ति मार्गदर्शन याने धर्मप्राप्तिना हेतुओ
१४९. चेतोदूतम्
१५०. मूर्तिमंडन प्रश्नोत्तर
१५१. पिंडविशुद्धि अनुवाद
१५२. नंदिसूत्र (मूळ)
१५३. नंदिसूत्र सटीक (बीजी आवृत्ति)
१५४. नंदिसूत्र चूर्णि सटीक
१५५. अनुयोग द्वार सटीक
१५६. दशवैकालिक सटीक
१५७. दशवैकालिक सटीक
१५८. दशवैकालिक सटीक
१५९. पिंडनिर्युक्ति
१६०. आवश्यक सूत्रनी टीका (भाग-१)
१६१. आवश्यक सूत्रनी टीका (भाग-२)
१६२. आवश्यक सूत्रनी टीका (भाग-३)
१६३. आवश्यक सूत्रनी टीका (भाग-४)
१६४. आवश्यक सूत्रनी टीका (भाग-१)
१६५. आवश्यक सूत्रनी टीका (भाग-२)
१६६. आवश्यक सूत्रनी टीका (भाग-३)
१६७. आवश्यक सूत्रनी दीपिका (भाग-१)
१६८. आवश्यक सूत्रनी दीपिका (भाग-२)
१६९. आवश्यक सूत्रनी दीपिका (भाग-३)
१७०. उत्तराध्ययन सटीक (भाग-१)
१७१. उत्तराध्ययन सटीक (भाग-२)
१७२. उत्तराध्ययन सटीक (भाग-३)
१७३. जंबुद्विप प्रज्ञप्ति (भाग-१)
१७४. जंबुद्विप प्रज्ञप्ति (भाग-२)
१७५. जीवाजीवाभिगम सूत्र भाग-१
१७६. जीवाजीवाभिगम सूत्र भाग-२
१७७. राजप्रश्नीय
१७८. आचारांग दीपिका
१७९. भगवती सूत्र भाग-१
१८०. भगवती सूत्र भाग-२
१८१. भगवती सूत्र भाग-३
१८२. पन्नावणा सूत्र सटीक भाग-१
१८३. पन्नावणा सूत्र सटीक भाग-२
१८४. ऋषिभाषितसूत्र
१८५. हारिभद्रीय आवश्यक टीप्पणक
१८६. सूर्यप्रज्ञप्ति सटीक
१८७. आचारांग दीपिका भाग-१
१८८. सूत्रकृतांग दीपिका
१८९. ठाणांग सटीक भाग-१
१९०. ठाणांग सटीक भाग-२
१९१. अनुयोगद्वार मूळ
१९२. समवायांग सटीक
१९३. आचारांग दीपिका भाग-२
१९४. सूत्रकृतांग सटीक भाग-१
१९५. सूत्रकृतांग सटीक भाग-२
१९६. भगवती सूत्र
१९७. कल्पसूत्र प्रदीपिका
१९८. कल्पसूत्र कौमुदि
१९९. आनंद काव्य महोदधि भाग-३
२००. श्री श्रुतज्ञान अमीधारा
२०१. उत्तराध्ययन सूत्र-मूळ
२०२. उपधान विधि
२०३. हीरस्वाध्याय भाग-१
२०४. हीरस्वाध्याय भाग-२
२०५. चैत्यवंदनादि भाष्यत्रयी (विवेचन)
२०६. भोजप्रबंध
२०७. श्री वस्तुपाल चरित्र (भाषान्तर)
२०८. श्री योगबिंदु सटीक
२०९. गुरु गुण रत्नाकर काव्यम्
२१०. जगद्गुरु काव्यम
२११. योगद्रष्टिसमुच्चय (अनुवाद)
२१२. जैन ज्योतिर्गंथ संग्रह
२१३. प्रमाण परिभाषा
२१४. प्रमेय रत्नकोष
२१५. जैन स्तोत्र संग्रह भाग-२

૨૧૬. શ્રી યોગદ્રષ્ટિસમુચ્ચય (ભાવાનુવાદ)
૨૧૭. નવસ્મરણ (ઈંગ્લીશ સાર્થ સાનુવાદ)
૨૧૮. આઠ દ્રષ્ટિની સજ્ઝાય
૨૧૯. આગમસાર (દેવચંદ્રજી)
૨૨૦. નયચક્રસાર (દેવચંદ્રજી)
૨૨૧. ગુરૂગુણષટત્રિંશિકા (દેવચંદ્રજી)
૨૨૨. પંચકર્મગ્રંથ (દેવચંદ્રજી)
૨૨૩. વિચારસર (દેવચંદ્રજી)
૨૨૪. શ્રી પર્યુષણ પર્વાદિક પર્વોની કથાઓ
૨૨૫. વિમળ મંત્રીનો રાસ
૨૨૬. બૃહત્ સંગ્રહણી અંતર્ગત યંત્રોનો સંગ્રહ
૨૨૭. દમયંતી ચરીત્ર
૨૨૮. બૃહત્ સંગ્રહણી અંતર્ગત યંત્રોનો સંગ્રહ
૨૨૯. જૈન સ્તોત્ર સંગ્રહ
૨૩૦. શ્રી યશોધર ચરિત્ર
૨૩૧. શ્રીચંદ્રવીરશુભાદિ કથા ચતુષ્ટયમ્
૨૩૨. વિજયાનંદ અભ્યુદયમ મહાકાવ્ય
૨૩૩. જૈનધર્મવરસ્તોત્ર-ઓધૂલિકાર્થસભાય મત્કારેતિ કૃતિત્રિતયમ્
૨૩૪. અનેકાર્થરત્નમંજૂષા
૨૩૫. સિરિપાસનાહચરિયં
૨૩૬. સમ્યકત્વ કૌમુદી (ભાષાંતર)
૨૩૭. વિમલનાથ ચરિત્ર (સાનુવાદ)
૨૩૮. જૈન કથા રત્નકોષ ભાગ ૧ (અનુવાદ)
૨૩૯. જૈન કથા રત્નકોષ ભાગ ૨ (અનુવાદ)
૨૪૦. જૈન કથા રત્નકોષ ભાગ ૩ (અનુવાદ)
૨૪૧. શત્રુંજય તીર્થોદ્ધાર (અનુવાદ)
૨૪૨. જૈન સ્તોત્ર તથા સ્તવન સંગ્રહ સાથે
૨૪૩. વસ્તુપાલ ચરિત્ર
૨૪૪. સિદ્ધપ્રાભૃત સટીક
૨૪૫. સુક્તમુક્તાવલી
૨૪૬. નલાયનમ્ (કુબેરપુરાણમ)
૨૪૭. બંધહેતૂદયત્રિભંગી પ્રકરણાદિ
૨૪૮. ધર્મપરીક્ષા
૨૪૯. આગમીય સૂક્તાવલ્યાદિ
૨૫૦. જૈન તત્વાસાર સટીક
૨૫૧. ન્યાયસિદ્ધાંત મુક્તાવલી (પ્રભાટીકા)
૨૫૨. હૈમધાતુપાઠ
૨૫૩. નવીન પૂજા સંગ્રહ
૨૫૪. સિદ્ધચક્રારાધન વિધિ વિ. સંગ્રહ
૨૫૫. પ્રમાણનયનતત્વાલોકાલંકાર (સાવ.)
૨૫૬. તત્વાર્થાધિકમ સૂત્ર (ગુજરાતી)
૨૫૭. વિચાર સપ્તતિકા સટીક + વિચાર પંચાશિકા સટીક
૨૫૮. અધ્યાત્મસાર સટીક
૨૫૯. લીલાવતી ગણિત
૨૬૦. સંક્રમકરણ (ભાગ-૧)
૨૬૧. સંક્રમકરણ (ભાગ-૨)
૨૬૨. ભક્તામરસ્તોત્ર (પ્રત)
૨૬૩. ષટ્સ્થાનક પ્રકરણ (પ્રત)
૨૬૪. સુવ્રતઋષિકથાનક+સંવેગદ્રુમકંદલી (પ્રત)
૨૬૫. શ્રી શત્રુંજયમહાતીર્થોદ્ધાર (મૂળ)
૨૬૬, જીવાનુશાસનમ્
૨૬૭. પ્રબંધ ચિંતામણી (હિન્દી ભાષાંતર)
૨૬૮. દેવચંદ્ર (ભાગ-૨)
૨૬૯. ભાનુચંદ્ર ગણિચરિત
૨૭૦. દિગ્વિજય મહાકાવ્ય
૨૭૧. વિજ્ઞપ્તિ લેખ સંગ્રહ
૨૭૨. આબૂ (ભાગ-૧)
૨૭૩. આબૂ (ભાગ-૨)
૨૭૪. આબૂ (ભાગ-૩)
૨૭૫. આબૂ (ભાગ-૪)
૨૭૬. આબૂ (ભાગ-૫)
૨૭૭. ન્યાય પ્રકાશ
૨૭૮. શ્રી શોભન સ્તુતિ ગ્રંથ
૨૭૯. ઋષભ પંચાશિકા ગ્રંથ
૨૮૦. કુમારવિહારશતકમ્

# અનુક્રમણિકા


| | | પેજ |
|---|---|---|
| ૧. | શ્રી જગચ્ચન્દ્રસૂરીમહારાજ લિખિત - શ્રીસંઘાદેશપત્ર | ૧ |
| ૨. | શ્રી સોમસુંદરસૂરિકૃત - સામાચારીકુલક | ૪ |
| ૩. | શ્રી આનંદવિમલસૂરિ લિખિત - સાધુમર્યાદાપટ્ટક | ૧૧ |
| ૪. | ખરતરગચ્છીય - શ્રી જિનચન્દ્રસૂરિકૃત - ક્રિયા ઉદ્ધાર નિયમપત્ર | ૧૪ |
| ૫. | શ્રીજિનચન્દ્રસૂરિ કૃત - સામાચારિ | ૨૦ |
| ૬. | આચાર્યશ્રી હીરવિજયસૂરિના ફરમાનરૂપ - મુનિયોગ્ય નિયમો | ૨૪ |
| ૭. | આચાર્યશ્રી હીરવિજયસૂરિકૃત બાર બોલનો પટ્ટક | ૨૮ |
| ૮. | શ્રી વિજયસેનસૂરિકૃત સાત બોલ - સાધુમર્યાદાપટ્ટક | ૩૧ |
| ૯. | શ્રી વિજયસેનસૂરિ મહારાજ રચિત પાંચ બોલનો પટ્ટક | ૩૩ |
| ૧૦. | શ્રી વિજયસેનસૂરિકૃત છ બોલ | ૩૪ |
| ૧૧. | શ્રી વિજયદેવસૂરિ લિખિત - સાધુ-સાધ્વી મર્યાદાપટ્ટક | ૩૬ |
| ૧૨. | શ્રી વિજયદેવસૂરિ નિર્મિત - સાધુમર્યાદાપટ્ટક | ૩૮ |
| ૧૩. | શ્રી વિજયસિંહસૂરિપ્રસાદિત - સાધુમર્યાદાપટ્ટક | ૪૬ |
| ૧૪. | મહોપાધ્યાય શ્રી યશોવિજયજી અને અન્ય સંવેગી મુનિવૃંદ કૃત - સાધુ-સમુદાય મર્યાદાપટ્ટક | ૫૧ |
| ૧૫. | શ્રી વિજયમાનસૂરિ નિર્દેશિત - સામાચારી જલ્પપટ્ટક | ૫૯ |
| ૧૬. | ભટ્ટારક શ્રી ક્ષમાસૂરિ-પ્રસાદીકૃત - યતિમર્યાદા-પટ્ટક | ૬૬ |
| ૧૭. | પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરિ મહારાજ લિખિત - સમુદાયનું બંધારણ | ૭૨ |
| ૧૮. | પૂ.પં.શ્રી ચન્દ્રશેખર વિ. મહારાજની બાવન કલમો | ૭૫ |

૧

# શ્રી જગચ્ચન્દ્રસૂરિમહારાજ લિખિત

## શ્રી સંઘાદેશ પત્ર

સંવત ૧૨૯૯ વર્ષે ૧૩ ત્રયોદશ્યાં ॥ અદ્યેહ શ્રીમદણહિલ્લપાટકે સમસ્ત રાજાવલીવિરાજિત મહારાજાધિરાજશ્રી ત્રિભુવનપાલદેવકલ્યાણદેવવિજયરાજ્યે-તં નિયુકતમહામાત્યદંડશ્રીકરણાદિસર્વમુદ્રાવ્યાપારાન્ પરિપંથયતિ સતીત્યેવંકાલે પ્રવર્તમાને શ્રીસંઘાદેશપત્ર-મભિલિખ્યતે ॥

યથા - શ્રીઅણહિલ્લપાટકે પ્રતિષ્ઠિત સમસ્તશ્રી આચાર્ય, સમસ્તશ્રી શ્રાવકપ્રભૃતિ, સમસ્તશ્રી શ્રમણસંઘઃ, ચૈત્રવાલગચ્છીયદેવભદ્રગણિ શિષ્યશ્રી આચાર્ય જગચ્ચન્દ્રસૂરિ શ્રી દેવેન્દ્રસૂરિ, શ્રી વિજયચન્દ્રસૂરિપ્રભૃતિ આચાર્યાન્ પદ્મચન્દ્રગણિપ્રભૃતિતપોધનાંશ્ચ પં. કુલચન્દ્રગણિ - અજિતપ્રભગણિપ્રભૃતિપરિવાર - સમન્વિતાન્ સપ્રસાદં સમાદિસ્સંતિ ॥

- યતિપ્રતિષ્ઠૈવ કર્તવ્યા ચ, શ્રાવકપ્રતિષ્ઠા ન પ્રમાણીકાર્યા ॥૧॥
- તથા શ્રીદેવસ્ય પુરતો બલિનૈવેદ્યારાત્રિકાદીનિ નિષેધ્યાનિ ॥૨॥

- તથા સમસ્ત વૈયાવૃત્ત્યકરાણાં સમ્યગ્દ્રષ્ટિ સમસ્ત-યક્ષામ્બિકાદિમૂર્તિપ્રભૃતીનાં ગૃહચૈત્યેષુ ચ સંતિષ્ઠમાનાનાં પૂજાનિષેધો ન કાર્યઃ ॥૩॥
- શ્રી સંઘપ્રતિષ્ઠિતશ્રીઆચાર્યૈસ્તપોધનૈશ્ચ સમં યથાપર્યાય વન્દનક વ્યવહારઃ કરણીયઃ ॥૪॥
- સ્વપ્રતિબોધિતશ્રાવકાણાં સમસ્તગચ્છીયાચાર્ય-તપોધનાનાં પૂજાવન્દનકદાનાદિ નિષેધો ન કાર્યઃ ॥૫॥
- રાકાપક્ષીય - આઞ્ચલિક - ત્રિસ્તુતિકાદિભિશ્ચ સહ વન્દનકવ્યવહારઃ શ્રુતાધ્યયનાધ્યાપનાદિવ્યવહારશ્ચ ન કરણીયઃ ॥૬॥
- કાય ત્રે(?) યાદિ સામાચારીપ્રતિપાલનપુરસ્સરં ચેત્ કાલિકોત્કાલિકશ્રુતેનાધ્યેતવ્યં ॥૭॥
- આવશ્યકનિર્યુક્તિ-ષડ્જીવનિકાયાધ્યયનાદિશ્રુતં અપ્રકાશ્યં સિધ્ધાંતોદ્ધારગાથાઃ શ્રાવકાણાં ન પાઠયિતવ્યાઃ ॥૮॥
- દ્વિતીયવન્દનકં પાદેપતિતં ન દાતવ્યં ॥૯॥
- પાક્ષિક ચતુર્દશ્યામેવ વિધેયં, ન પૂર્ણિમાયાં ॥૧૦॥
- પુણ્યમતાં ઋધ્ધિમતાં સમયાનુમાનેન વસ્ત્રાન્નપાન-પાત્રાદિસાધારણાદિદાનં દદતાં ગૃહ્ણતાં ચ નિંદા ન કર્તવ્યા, પ્રવૃત્તેશ્ચ કારયિતવ્યા ॥૧૧॥

કિંબહુના -

શ્રીમદણહિલ્લપાટકપ્રતિષ્ઠિત શ્રીશ્રમણસંઘસ્ય આજ્ઞાં

મન્યમાનૈઃ સર્વૈરપિ આચાર્યૈઃ તપોધનૈશ્ચ બહિરપિ વ્યવહરણીયં ॥૧૨॥

એનં શ્રીસંઘાદેશં કુર્વાણઃ આચાર્યતપોધનાશ્ચ શ્રીસંઘસ્ય અભિમતા એવ ॥

એનં ચ સંઘાદેશમંગીકૃત્ય અકુર્વાણાનાં આજ્ઞાતિક્રમદોષવતાં અમીષાં શ્રાવકાશ્ચ સંઘબાહ્યા કર્તવ્યા । યદિ પુનઃ સંઘાદેશમંગીકૃત્ય અકુર્વાણાનાં સન્મુખં કશ્ચિદાચાર્યો વ્રતી વા અન્યો વા સ્વકાય ત્રે(?) વમત્સરં પોષન્ અસહિષ્ણુતયા એવ કિમપિ વિચારબાહ્યં ભણતિ ચેષ્ટતે ચ સ સંઘેનાવશ્યં નિષેધ્યઃ શિક્ષણીયશ્ચ ॥

અત્ર મતાનિ -
આચાર્ય દેવચન્દ્ર સૂરિમતં
શ્રી વિજયચન્દ્રસૂરિમતં
પં. કુલચન્દ્ર મતં ॥
ઈહાર્થે સાક્ષિણઃ
શ્રી જયસેનસૂરી - શ્રી માણિક્યસૂરિપ્રભૃતિ સર્વ-આચાર્યાઃ ॥

તથા સાક્ષિણ : રાણક શ્રી પાલ્હણઃ સાક્ષિણઃ, જિણચન્દ્રઃ, તથા સાક્ષિણ એતત્ તથા સાક્ષિણઃ શ્રે. શ્રી સોમેશ્વરદેવસુત ઠઃ આસપાલદેવ તથા સાક્ષિ રાણિક શ્રીગુણપાલ પ્રતિબોધિત શ્રીવકઠ ધણસી તથા રાજપાલ - આંબડાઃ ॥

# ૨

# શ્રી સોમસુંદરસૂરિકૃત

## સામાચારીકુલક

શ્રીમાન્ સોમસુંદરસૂરિકૃત સંવિજ્ઞ સાધુયોગ્ય કુલક મધ્યેના નિયમો.

૧. જ્ઞાન આરાધન હેતે મારે હંમેશાં પાંચ ગાથા મોઢે કરવી અને ક્રમવાર પાંચ ગાથાનો અર્થ ગુરૂ સમીપે ગ્રહણ કરવો.

૨. બીજાને ભણવા માટે હંમેશાં પાંચ ગાથા મારે લખવી અને ભણનારાઓને ક્રમવાર પાંચ પાંચ ગાથા મારે ભણાવવી.

૩. વર્ષાઋતુમાં મારે પાંચસો ગાથાનું, શિશિરઋતુમાં આઠસો ગાથાનું અને ગ્રીષ્મઋતુમાં ત્રણસો ગાથાનું સજ્ઝાયધ્યાન કરવું.

૪. નવપદ નવકારમંત્રનું એક સો વાર સદા રટણ કરું.

૫. પાંચ શક્રસ્તવવડે હમેશાં એક વખત દેવવંદન કરું અથવા બે વખત, ત્રણ વખત કે પહોરે પહોરે યથાશક્તિ આળસ રહિત દેવવંદન કરું.

૬. દરેક અષ્ટમી ચતુર્દશીને દિવસે સઘળાં દેરાસરો

જુહારવા, તેમજ સઘળા મુનિજનોને વાંદવા. બાકીના દિવસે એક દેરાસરે તો અવશ્ય જવું.

૭. હંમેશાં વડીલ સાધુને નિશ્ચે ત્રિકાળ વંદન કરું અને બીજા ગ્લાન તેમ જ વૃદ્ધાદિક મુનિજનોનું વૈયાવચ્ચ યથાશક્તિ કરું.

૮. ઈર્યાસમિતિ પાળવા માટે સ્થંડિલ માત્રું કરવા જતાં અથવા આહારપાણી વહોરવા જતાં રસ્તામાં વાર્તાલાપ વિગેરે કરવાનું છોડી દઉં.

૯. યથાકાળ પુંજ્યા પ્રમાર્જ્યા વગર ચાલ્યા જવાય તો, અંગપડિલેહણા પ્રમુખ સંડાસા પડિલેહ્યા વગર બેસી જવાય તો અને કટાસણા (કાંબળી) વગર બેસી જવાય તો પાંચ ખમાસમણ દેવા અથવા પાંચ નવકારમંત્રનો જાપ કરવો.

૧૦. ભાષાસમિતિ પાળવા માટે ઉઘાડે મુખે બોલું જ નહિ, તેમ છતાં ગફલતથી જેટલી વાર ઉઘાડે મુખે બોલી જાઉં તેટલી વાર ઈરિયાવહીપૂર્વક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરૂં.

૧૧. આહારપાણી કરતાં તેમ જ પ્રતિક્રમણ કરતાં અને ઉપધિની પડિલેહણા કરતાં કોઈ મહત્વના કાર્ય વગર કોઈને કદાપિ કાંઈ કહું નહિ.

૧૨. એષણાસમિતિ પાળવા માટે નિર્દોષ પ્રાસુક જળ મળતા હોય ત્યાં સુધી પોતાને ખપ છતાં ધોવણવાળું જળ, અણગળ (અચિત્ત) જળ અને જરવાણી (ઝરેલું

પાણી) લઉં નહિ.

૧૩. આદાનનિક્ષેપણાસમિતિ પાળવા માટે પોતાની ઉપધિ પ્રમુખ પુંજી-પ્રમાર્જીને ભૂમિ પર સ્થાપન કરું તેમજ ભૂમિ ઉપરથી લઉં. પુંજવા-પ્રમાર્જવામાં ગફલત થાય તો ત્યાં જ નવકાર ગણું.

૧૪. દાંડો પ્રમુખ પોતાની ઉપધિ જ્યાં ત્યાં મૂકી દેવાય તો તે બદલ એક આંચબિલ કરું અથવા ઊભા ઊભા કાઉસ્સગ્ગ મુદ્રાએ રહી એક સો ગાથાનું સજઝાયધ્યાન કરું.

૧૫. પારિઠાવણીયાસમિતિ પાળવા માટે સ્થંડિલ, માત્રું કે ખેલાદિકનું ભાજન પરઠવતાં કોઇ જીવનો વિનાશ થાય તો નિવિ કરું અને સદોષ આહારપાણી પ્રમુખ વહોરીને પરઠવતાં આયંબિલ કરું.

૧૬. સ્થંડિલ માત્રું વિગેરે કરવાના કે પરઠવાના સ્થાને "અણુજાણહ જસ્સુગ્ગહો" પ્રથમ કહું અને પરઠવ્યા પછી ત્રણ વાર વોસિરે કહું.

૧૭. મનગુપ્તિ, વચનગુપ્તિ પાળવા માટે મન અને વચન રાગાકુળ થાય તો હું એકેક નિવિ કરું અને કાયકુચેષ્ટા થાય તો ઉપવાસ કે આયંબિલ કરું.

૧૮. અહિંસા વ્રતે પ્રમાદાચરણથી મારાથી બેઈંદ્રિય પ્રમુખ જીવની વિરાધના થઇ જાય તો તેની ઈંદ્રિયો જેટલી નિવિ કરું. સત્ય વ્રતે ક્રોધ, લોભ, ભય અને હાસ્યાદિકને વશ થઇ જૂઠું બોલી જાઉં તો આયંબિલ કરું.

૧૯. અસ્તેય વ્રતે પહેલી ભિક્ષામાં આવેલા જે ઘૃતાદિક પદાર્થો ગુરૂમહારાજને દેખાડ્યા વિનાના હોય તે વાપરું નહીં અને દાંડો તરપણી વિગેરે બીજાની રજા વગર લઉં કે વાપરું નહીં અને લઉં કે વાપરું તો આયંબિલ કરું.

૨૦. બ્રહ્મવ્રતે એકલી સ્ત્રી સાથે વાર્તાલાપ ન કરું અને સ્ત્રીઓને સ્વતંત્ર ભણાવું નહીં. પરિગ્રહવિરમણવ્રતે એક વરસ ચાલે એટલી ઉપધિ રાખું, પણ તેથી વધારે રાખું નહિં. પાત્રા કાચલાં પ્રમુખ પંદર ઉપરાંત ન જ રાખું. રાત્રિભોજનવિરમણવ્રતે અશન, પાન, ખાદિમ, સ્વાદિમનો લેશમાત્ર સંનિધિ રોગદિક કારણે પણ કરું નહિ.

૨૧. મહાન રોગ થયો હોય તો પણ કવાથનો ઉકાળો ન પીઉં, તેમજ રાત્રે પાણી પીઉં નહિ. સાંજે છેલ્લી બે ઘડીમાં જળપાન ન કરું.

૨૨. સૂર્ય નિશ્ચે દેખાતે છતે જ ઉચિત અવસરે સદા જળપાન કરી લઉં અને સૂર્યાસ્ત પહેલાં જ સર્વ આહારનાં પચ્ચકખાણ કરી લઉં અને અણાહારી ઔષધનો સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું રખાવું નહિ.

૨૩. તપાચાર યથાશક્તિ પાળું એટલે છઠ્ઠાદિક તપ કર્યો હોય તેમ જ યોગવહન કરતો હોઉં તે વિના અવગ્રાહિત ભિક્ષા લઉં નહીં.

૨૪. લાગલાગાં બે આયંબિલ કે ત્રણ નિવિ કર્યા વગર હું વિગય (દૂધ, દહીં ઘી પ્રમુખ) વાપરું નહિ અને વિગય

વાપરું તે દિવસે ખાંડ પ્રમુખ સાથે મેળવીને નહીં ખાવાનો નિયમ જાવજ્જીવ પાળું.

૨૫. ત્રણ નિવિ લાગોલાગ થાય તે દરમિયાન તેમજ વિગય વાપરવાના દિવસે નિવિયાતાં ગ્રહણ ન કરું. તેમ જ બે દિવસ લાગટ કોઈ તેવા પુષ્ટ કારણ વિના વિગય વાપરું નહિ.

૨૬. દરેક આઠમ ચૌદશને દહાડે શક્તિ હોય તો ઉપવાસ કરું, નહી તો તે બદલ બે આયંબિલ કે ત્રણ નિવિ કરી આપું.

૨૭. દરરોજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવગત અભિગ્રહ ધારણ કરું, કેમકે તેમ ન કરું તો પ્રાયશ્ચિત આવે એમ જીતકલ્પમાં કહ્યું છે.

૨૮. વીર્યાચાર યથાશક્તિ પાળું એટલે હંમેશાં પાંચ ગાથાદિકના અર્થ ગ્રહણ કરી મનન કરું.

૨૯. આખા દિવસમાં સંયમમાર્ગમાં પ્રમાદ કરનારાઓને હું પાંચવાર હિતશિક્ષા આપું અને સર્વ સાધુઓને એક માત્રક પરઠવી આપું.

૩૦. દરરોજ કર્મક્ષય અર્થે ચોવીશ કે વીશ લોગસ્સનો કાઉસગ્ગ કરું અથવા તેટલા પ્રમાણનું સજ્ઝાયધ્યાન કાઉસ્સગ્ગમાં રહી સ્થિરતાથી કરું.

૩૧. નિદ્રાદિક પ્રમાદવડે મંડળીમાં બરાબર વખતે હાજર ન થઇ શકાય તો એક આયંબિલ કરું ને સર્વ સાધુઓની

એક વખત વૈયાવચ્ચ કરું.

૩૨. સંઘાડાદિકનો કશો સંબંધ ન હોય તો પણ બાળ કે ગ્લાન સાધુપ્રમુખનું પડિલેહણ કરી આપું; તેમજ તેમના ખેલ પ્રમુખ મળની કુંડી પરઠવવા વિગેરે કામ પણ યથાશક્તિ કરી આપું.

૩૩. ઉપાશ્રયમાં પેસતાં નિસ્સિહિ અને નીકળતાં આવસ્સહિ કહેવી ભૂલી જાઉં તો, તેમ જ ગામમાં પેસતાં નિસરતાં પગ પુંજવા વિસરી જાઉં તો યાદ આવે તે જ સ્થળે નવકાર મંત્ર ગણું.

૩૪-૩૫. કાર્યપ્રસંગે વૃદ્ધ સાધુઓને 'હે ભગવાન્! પસાય કરી' અને લઘુ સાધુને 'ઇચ્છાકાર' એટલે તેમની ઈચ્છાનુસારે કરવાનું કહેવું ભૂલી જાઉં તો, તેમજ સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ પડે ત્યારે ત્યારે મિચ્છમિ દુક્કડં એમ કહેવું જોઇએ તે વિસરી જાઉં તો જ્યારે સાંભરી આવે અથવા કોઇ હિતસ્વી સંભારી આપે ત્યારે તત્કાળ નવકાર મંત્ર ગણું.

૩૬. વડીલને પૂછ્યા વગર વિશેષ વસ્તુ લઉં-દઉં નહિ અને વડીલને પૂછીને જ સર્વ કાર્ય કરું પણ પૂછ્યા વગર કરું નહિ.

*જેમના શરીરનો બાંધો નબળો છે એવા દુર્બળ સંઘયણવાળા છતાં પણ જેમણે કાંઇક વૈરાગ્યથી ગૃહસ્થવાસ છોડ્યો છે તેમને ઉપર જણાવેલા નિયમો પાળવા પ્રાયઃ સુલભ છે.*


સંપ્રતિકાળે પણ સુખે પાળી શકાય તેવા આ નિયમોને જે આદરે-પાળે નહિ તેને સાધુપણાથકી અને ગૃહસ્થપણાથકી ઉભયથી ભ્રષ્ટ થયો જાણવો.

જેના હૃદયમાં ઉપર કહેલા નિયમો ગ્રહણ કરવાનો લગારે ભાવ ન હોય તેમને આ નિયમો સંબંધી ઉપદેશ કરવો એ (સિરા) સર વિનાના સ્થળે કુવો ખોદવા જેવો નિષ્ફળ થાય છે.

નબળા સંઘયણ, કાળ, બળ અને દુષમ આરો એ આદિ હીણા આલંબન પકડીને પુરુષાર્થ વગરના પામર જીવો આળસ-પ્રમાદથી બધી નિયમધુરાને છોડી દે છે.

(સાંપ્રતકાળે) જિનકલ્પ વ્યુચ્છિન્ન થયેલો છે, વળી પ્રતિમાકલ્પ પણ અત્યારે વર્તતો નથી તથા સંઘયણાદિકની હાનિથી શુદ્ધ સ્થવિરકલ્પ પણ પાળી શકાતો નથી; તો પણ જો મુમુક્ષુઓ આ નિયમોના આરાધનવિધિવડે સમ્યગ્ ઉપયુક્ત ચિત્ત થઈ ચારિત્રસેવનમાં ઉજમાળ બનશે તો તે નિશ્ચે આરાધકભાવને પામશે.

આ સર્વે નિયમોને જે શુભાશયે વૈરાગ્યથી સમ્યક્ રીતે પાળે છે, આરાધે છે તેમની ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય છે એટલે તે પ્રાંતે શિવસુખરૂપ ફળને આપે છે.



## ૩

# શ્રી આનંદવિમલસૂરિ લિખિત

## સાધુમર્યાદાપટ્ટક

સંવત ૧૫૮૩ વર્ષે પત્તનનગરે જ્યેષ્ઠમાસે શ્રીસંઘ-સમુદાયમધ્યે શ્રી આણંદવિમલસૂરિભિર્લિખિતં । સહૂ ઋષિનઇ એટલા બોલ પાળવા :

૧. ગુરૂનઇ આદેશઇ વિહાર કરવું.

૨. વણિગને દીક્ષા દેવી, બીજાને નહિ.

૩. ગીતાર્થની નિશ્રાએ માસ તીનઇ દીક્ષા દેવી, બીજી પરિ નહીં.

૪. વેગલા થકા ગીતાર્થ કન્હે કોઇ એક દીક્ષા લ્યે તેહની પરીક્ષા કરી વેષ્ર પલટાઇવું પણ વિધિએ દીક્ષા ગુરૂ પાસે દેવરાવવી.

૫. પાટણ માંહે એક ગીતાર્થના સંઘાડા ચઉમાસિ રહે.

૬. ક્ષેત્રે એક ચઉમાસિ રહે. આઠ માસ બીજે ક્ષેત્રે રહે.

૭. વેગલા એકું (વું?) કાગલ આદેશ મગાઇવું.

૮. એકલઇ મહાત્મઇ વિહાર ન કરવું. એકલેઉ હીંડઇ તેહની માંડલઇ કિણહી ન બેસવું.

૯. બીજ, પાંચમ, ઇગ્યારિસ, અમાવસિ, પૂનમ એવં માસ

માહે ૧૨ દિન વિગઇ ન વહિરવી, ઉપવાસ, આંબિલ, નિવી વા સકતિ પચ્ચક્ખાણ કરિવું.

૧૦. તિથિ વધાઈ તિહાં એક દિન વિગઈ ન વહિરવી.

૧૧. પાત્રે રોગાન ન દેવું, પાત્રા કાલા કાટૂઆ કરિવા.

૧૨. યોગ વહ્યા પાખઇં સિદ્ધાંત વાચિવું નહીં.

૧૩. એક સમાચારીના સાધુ કિવારઈ બીજે ઉપાશ્રય રહ્યા હુઇ તઉતીએગીતાર્થ સમીપે આવી વાંદણા દેઈ સિજ્યાતર હીડ પૂછી વહિરવા જાવું.

૧૪. દિવસમાહિ આઠ થુઇએ દેવ વંદિવા.

૧૫. દિનપ્રતિ સાધુને ૨૫ સઇં (૨૫૦૦) ગુણ્યા જોઈયઇ, ન ગુણઇ તઉ જઘન્યઇ એક સહસ (૧૦૦૦) ગુણિવું.

૧૬. પરિગ્રહ વસ્તુ કાંબલા ઠામડા પૂઠઇં બાંધી ન મૂંકિવા, ચાલતાં ડીલઇ ઊપાડે, ગૃહસ્થ પાહે ન ઉપાડિવું.

૧૭. વરસ માહે એક ધોવણી, બીજી ધોવણી નહી.

૧૮. પોસાલ માહે કિણહી ન રહિવું.

૧૯. પોસાલે કિણહી ભણિવા ન જોવું.

૨૦. સહસ પ્રમાણ ગ્રંથ અધિકું ન લિખોવું.

૨૧. દ્રવ્ય આપી કિણહી ભટ્ટ પાસે ન ભણિવું.

૨૨. જિણેં ગામેં ચઉમાસિ રહે તિહાંથી પડવા દિને પારણુ કરી પાંગરિવું.

૨૩. જિહાં ચતુર્માસિ રહ્યા હુઈ તિહાં તિણઇ સાધઇં ૨ માસ

લગઈ વસ્ત્ર વહિરવું નહી.

૨૪. અકાલ સંજ્ઞા હુઈ તો આંબિલ કરિવું.

૨૫. એકાસણુ પચ્ચક્ખાણ જાવજીવ કરવું, છટ્ઠ ને પારણે જીમ ગુરૂ કહે તિમ કરિવું.

૨૬. પારિટ્ઠાવણીયાગાર કિણે ન સાચવું.

૨૭. આઠમિ ચઉદસિ પાંચમિ ઉપવાસ કરવું. કારે, કિવારે ન કરે તો માસ દિવસ માહિ પાંચ ઉપવાસ કરવા.

૨૮. આઠમિ ચઉદસિ વિહાર ન કરવું.

૨૯. એક નિવી માહિ, ત્રીસ નિવીતા માહિ એકે નિવીતઉ ન લેવું.

૩૦. ચઉરાસી ગછ માહિલુ માહાત્મા ગુરૂના કહ્યા પાખે કિણહી ન રાખિવું.

૩૧. ગુરૂને અણપૂછ્યે નવી પ્રરૂપણા નવી સમાચારી ન કરવી.

૩૨. એ બોલ ન પાલે તેહને ગુરૂ ગીતાર્થ શ્રીસંઘે તે પાંહિ પાલાવિવા. શ્રી વિજયદાનસૂરિ, ઉપાધ્યાય શ્રી હર્ષસાગર ગણિ, પં. શ્રુતસમુદ્ર ગણિ, પં. સીહવિમલગણિ, ઉદયવર્દ્ધન ગણિ, શ્રીપતિ ગણિ. એટલા જણ ટાલી દીક્ષા લ્યે તેહને વેષ પહિરાવવું નહી.

૩૩. ઋષિ કિણેહી નવું લૂગડુ ન લેવું, સરવર કોરુ વહિરવુ, કોરા માહે ગઉડિઆ પ્ર સાલૂ કિણહી ન લેવું. ગીતાર્થને મોકલું.

## ૪

### ખરતરગચ્છીય

# શ્રી જિનચન્દ્રસૂરિકૃત

## ક્રિયા ઉધ્ધાર નિયમપત્ર

॥૬૦॥ (નમઃ) શ્રીપ્રવચનવચનરચનાયૈ ॥ૐ સિદ્ધિઃ॥ શ્રીમદ્વિક્રમદુર્ગસ્થૈસ્તત્રભવદ્ભિઃ શ્રીમજ્જિનચન્દ્રસૂરિશ્વરૈ ર્વિવિધદુર્વિધિવારણવારણકેશરિકિશોરવરૈઃ સુમતિસુવિહિત-યતિસંતતિરનુકંપદ્ભિઃ સંપ્રે(ક્ષ્ય)ષ્ય(?) પ્રેક્ષયા મુખ્યયા-નિજગણસૂત્રણાં સંસૂત્રિતા સમ્મતસંમતિસંગત્યાડ-દભ્રાડડમોદ વિનોદકોવિદર્ષિગણૈત્રસૂરીકૃતા વિગતાંવેન શ્રીમત્સુવિધિસંઘેન તથેતિ કરણપૂર્વકમુત્તમાંગે નિવેશિતા, સા ચૈષા-

૧. ચઉમાસિ માંહે એકે ક્ષેત્રિ એક સામગ્રી (સંધાડો) રહે. વલી કોઈ બીજી તપ પ્રમુખને કા(જિ) યેં રહે, તો મુખ વિહારીરા (મુખ્ય-સંઘાડાના અધિપતિ) કથન માંહિ રહે.

૨. જે ક્ષેત્રે જે સામગ્રી રહિવા આવે તે ક્ષેત્રે વસ્ત્ર કંબલાદિક વિહરે. સાધુને પ્રત્યેકિ વેસ ૩ વિહરિવા, સાધ્વીને વેસ ૨, કદાચિતિ તિહાં ન મિલે તે જિહાં સામગ્રી ન રહી હુઇ તિહાં વિહરે આસ્તા પૂર્વક.

૩. પાંચે તિથ્યે વિગે નિષેધ સર્વદા, બાલ ગ્લાનાદિ વિના, વિશેષ તપરા કરણહાર યથાશક્તિ રહે.

૪. અષ્ટમી ચતુર્દશી સમર્થ સાધુ ઉપવાસ કરે, કદાચિ ન કરે તે આમ્બિલ નીવી કરે.

૫. લઘુ શિષ્ય વૃદ્ધ ગ્લાનરા કાર્ય ટાલિ, બીજે ટંકિ ન વિહરણા. આહાર, ઉત્તરવારણા, પારણા, મારગ, મોગલા.

૬. જિણિ ક્ષેત્રિ નવો શિષ્યાદિક મિલે, તેહને પદીક (સંઘાડો) દીક્ષા દિયે, પરં ગણીશ (મુખ્ય-સંઘાડાના અધિપતિ) દીક્ષા ન દીયે. નવીન શિષ્યને ૧૨૫ કોશ માંહિં પદીક ન હુવે તો ગણિ પણ વેષ પહિરાવે.

૭. ગણીશ તપ પ્રમુખ નાંદિ ન કરે.

૮. એકલ ઠાણે વિહાર ન કરે. એકલે ક્ષેત્રિ પણ ન રહે. સ્વચ્છન્દપણે એકલો રહે તે માંડલિ બાહર.

૯. વાણારીસ ઉપાધ્યાય પદીકે જે શિષ્ય દીખ્યો હુવે તે પાખી ચોમાસે પર્યુષણા દિને વાંદતાં પહિલે દીખ્યુ તે બડુ, પછે દીખાણુ તે લઘુ. પછે જે શ્રીપૂજ્યાં તીરે બડી દીખ્યા લિયે, તિહાં થકી બડ લહુડાઇ વ્રતપર્યાય ગિણણઉ. નામ પણ બડી દીક્ષાએ શ્રીપૂજ્ય દિયે. માંડલિરા તપ પહિલા વહે, બિંહું ઉપધાનાતાંઇ અર્ગલા નહીં. વહિ સકે તે વહે.

૧૦. શ્રીપૂજ્ય જિણિ દેસિ હુવે તે દેસમાંહે જે શિષ્ય હુવે સાધુને, તે પૂજ્ય પૂછાવી ચારિત્ર દિયે. કોશ ૪૦ માંહિ પૂછાવિવા. ઉપરાંત હુવે તો દીક્ષા દેતાં પૂછાવણરા વિશેષ કો નહિં. શ્રીપૂજ્યે દૂવા દેઈજ મેલ્યા છે, શ્રી.

બીકાનેરરા દેશમાંહિલા સાધુ શ્રીપૂજ્ય પૂછાવી દીખે. (દીક્ષા કરે)

૧૧. જિણા જિયે તીરે દિક્ષા લીધી હુવે અને ગુરૂના કથનમાંહિ ન ચાલે અને સંઘાડા બાહિર નીસરે, તેહને બીજા ગચ્છવાસી સાધુ શ્રીપૂજ્યરા આદેશ પાખે કોઈ રાખિવા ન લહે.

૧૨. તથા અહોરાત્રિ માંહેં ૫-૭ શત સજઝાય કરણા, ભણિવુ ગુણિવુ તેહૂ સઝાય.

૧૩. માં બેટો સ્ત્રી પુરૂષ અને એકલી સ્ત્રી ભાઈ બહિનિએ શ્રીપૂજ્ય પૂછાવેજ ચારિત્ર લિયે.

૧૪. (દિવસના) પ્રહર ઉપરાન્તિ ઉપાશ્રયમાંહિ એકલી શ્રાવિકા એકલી સાદવી ન આવે, કાંઈ પૂછિવા કિ વાંદિવા આવે તુ ૪-૫ મિલીને આવે.

૧૫. પાડિહેરૂ વસ્ત્ર કમ્બલાદિક સરતે (એના વિના પણ જો ચાલતું હોય તો) વરતઈ, ન લેણા. કારણિ મોકલા.

૧૬. ઉત્કૃષ્ટ મધ્યમ જઘન્ય ભાંગે ૩।૫।૭ વડ ઓઢિવા, નવા પુરાના પાતલા જાડા વિચારી ને.

"तिन्नि किसिणे जहन्ने, पंचइ दढ डुब्बलाइ गिन्हे(ज्जा)वा (?)
सत्त य परिजुन्नाइं, एयं उक्कोसगं गहणं ॥ १ ॥
॥ इति श्रीबृहत्कल्पवचनात् ॥

૧૭. વાણિયા, બ્રાહ્મણ જાતિરે જોગ દીક્ષા દેણી. ૧૫ વર્ષ માંહિલા બ્રાહ્મણ દીખિવા. જીયે બ્રાહ્મણરે કુલિ મધ

માંસ ન વાપરે, તે દીખણા પરીક્ષા કરિ.

૧૮. વિષમ (ચોર જાનવરાદિકના ભયયુક્ત અટવી આદિના માર્ગમાં, નહીં કે નિર્ભય માર્ગમાં, તે પણ બહોળા સમુદાય સાથે, નહિં કે એકલીયા બેકલીયા જેવાતેવાની સાથે) માર્ગિ સાધુ સંઘાત નિશ્રાઇ આગલિ પાછલિ જિમ સંજમ નિર્વહિ, તિમ વિહાર કરણા સાધુ સાધ્વીએ.

૧૯. શેષે કાલિ એકે નગ્રી એકે ઉપાશ્રયિ કદાચિ રહિવારા યોગ ન હુવે, તો પ્રભાતિ સઝાય એકઠા કરણા જૂદે જૂદે ઉપાહરે ઉપાશ્રયે નઉ.

૨૦. પડિકમણુ વલિ માંડલિ સગલે જતિયે એકઠુ કરણુ, એકણિ ઉપાસરે રહતાં જૂ પડિકમણુ જકો કરે, વિમુખ વિહારી, પદીકરા આદેશ લિયે કારણિ.

૨૧. પોસાલ-વાલા માહતમાં (મત્થેરણ કે જેમને ક્રિયા ઉદ્ધાર સમયે શિથિલાચારી રહેવાના કારણે સાધુસંઘમાંથી કાઢી મૂકવામાં આવ્યાં હતાં) મોકલા. તેહસુ પરિંચા (પરિચય) ન કરણા. માહતમાં દ્રવ્યલિંગીયાને ભણાવણા ન કરણા. કોઇ સુવિહિત માહતમાં રૂડા જાણિ ભણાવે તો ભણાવે. ઋષીશ્વર આપ માહતમાં તીરે ભણે તો સંઘની અનુમતિ ભણે ભણાવે.

૨૨. સાદવી એકે ખેત્રિ એક વરસ ઉપરાંત ન રહે, જિણે ઉપાશ્રયિ ચઉમાસી કીધી હુવે તિહાં ચઉમાસિને પારણે બિ માસકલ્પ બીજે થાનકિ રહે, પછે મૂલગે ઉપાશ્રયિ રહે, જિકા સામગ્રી રહે તે સાદવીની વસ્ત્ર પાત્રની ચિંતા

કરે, અને સાધ્વી પિણિ તેહના કથનમાંહે ચાલે.

૨૩. શેષ કાલ હુંતી ચઉમાસીમાંહિ સાધુ સાધ્વીએ વિશેષ તપ કરણા.

૨૪. સાધ્વી પુસ્તકાદિક સાધુ ને પૂછા (છી?) વહિરે.

૨૫. યતિયે આપણે કાજિ ક્રીત પાત્રાદિક ન કરણા.

૨૬. જકો વિશેષ વેરાગિ આપણે ભાવી ચારિત્ર લિયે સુ જિહાં તેહનાં મન હુવે તે તિહાં ચારિત્ર લિયે. સામાન્ય વેરાગિ જે જિણે દીખણા પ્રતિબોધ્યા હુવે તે તિયેજ ખનિ દિક્ષા લિયે, જુ ઠામિ ઠામિ મુખ ઘાતે તો ન દીખણા.

૨૭. જેહના માવિત્ર (માતા-પિતા) કાંઈ વંછા કરે તે લઘુ છાત્રરો સંઘને કહિ દીક્ષા દેણી. સંઘે યથાયોગી ઉદ્યમ કરણા. યતિયે જિમ ઉદ્ઘા હુવે તિમ ન કરણા.

૨૮. સાધુ સાધ્વીને જે પુસ્તક પાના જોયે તે ભિન્ન ભિન્ન શ્રાવકને ન કહણા, યથાયોગ્ય તે સંઘને કહણા. શ્રીસંઘે યથાયોગ્ય ચિંતા કરણી.

૨૯. ગચ્છમાંહી ઋષીશ્વરે માંહોમાંહિ પઠન પાઠનારા ઉદ્યમ કરણા. ભણણહારે પણિ વિનયપૂર્વક ભણિવા.

૩૦. કોઈ વેરાગી નવુ આવે તેહની પરીક્ષા કરે માસ ૨ સીમ. ૨ માસે ભલો જાણે તો દીખે.

તથા ઋષીશ્વરાંરા-સંઘાડા જિકે પોંસાલમાંહિ છે, તિયે જકે ચેલા કિધા છે, જિયાંરી જાતી પાંતિ જાણિયે, જિયે ગામમાંહિ વસતા રહતા, તિયાંરી સાખિ ભરે. સગો સણીજો

અલગો ઢૂકડો (નિકટવતી) દેખાડે સુ ઋષીશ્વરાંમાહિં મન માને તુ, શ્રીપૂજ્યે આદેશિ આણીજે તથા પોસાલ માંહિલા માહતમા જે ક્રિયા ઉદ્ધરે તે સંઘાડાબધ્ધ ઘાલણા પરં જે ચેલા કેડે રાખે, તિયાંને ન ઘાલણા, વાંસે અઘોવારિ ન રાખણી. વલિ જિપૂરૅ સંઘાડે આવૅ તિ બિ વરસ રૂડા રહે સંઘરા મન મનાવિ શ્રીપૂજ્યાં તીરે આવૅ, શ્રીપૂજ્યાંરે મનિ માન્ય, ઋષીશ્વરાંરી માંડલિ માંહિ આવે, તથા જિયે ઋષીશ્વરે ચેલા ૧૨ પોસાલ માંહિલા યોગ્ય જાણી સંગ્રહ્યા, તીયે વલતા પછે બધ્ધ સંઘાડા પોસલમાંહિલા આવે તોજ લઈણા, શ્રીપૂજ્યાંરા મન મનાવિને. પરં વલિ ૧૨ અધૂરાઈ મન વઈણા યોગ્ય પણૅજ લેણા, શ્રીપૂજ્યરે આદેશિ. તથા સાધુ શ્રાવક ઘણા માંહિ બેસીને ગીત રાગ ન ગાવે, સભા માંડિનૅ । જે કોઈભણતા હોય તે પ્રતિ ઢાલ સીખાવે ॥

## ૫

# શ્રીજિનચન્દ્રસૂરિ કૃત સામાચારિ

એતલા બોલ દોદ(હ?)લા હુંતા સુ શ્રીજિનચન્દ્રસૂરિ બીજે ઉપાધ્યાયે વાચનાચાર્યેએ ગીતાર્થે એકઠા મિલીને શ્રી બીકાનેર મધ્યે થાપ્યા.

૧. શ્રીસ્થાપનાચાર્ય પડિલેહી જિણિ થાનિ માંડિએ તે ઠામ પહિલા દષ્ટિસું જોઇ પૂજી માંડિયઇ, જઇ તિહાં કોઇ જીવ જન્તુ હુઇ, તો રૂડા પરઠવીઇ ઇરિયાવહિ પડિકમીયે, અન્યથા ઇરિયાવહી પડિકમણ વિશેષ કોઇ નહીં.

૨. પાણી પારિયે તેહની વિગતી જે-અવડ્ઢારા પચખાણ કીધા હુઇ તો સાંઝરી પડિલેહણ પછી પારિયે. બીજા પોરસિ પ્રમુખ પચખાણ કીધા હુઇ તો પહિલા પારીયે.

૩. સ્થાપનાચાર્ય વિધિ પૂજ્યા હુઇ અને સામાયકાદિક ક્રિયા કીજે તુ વારૂ. કદાચિ ન પૂંજ્યા હુઇ અને કો એક આપ નીચે ભૂમિકા પૂજી કાજે ઉધરે સામાયકાદિક ક્રિયા કરે પારે, તુ પિણિ અસૂઝિવુ કોઇ નહીં.

૪. પઉણ પડિલેહણની ગુરે મુહપતિ પડિલેહી પછે, ઉપધાન નંદિ પોસહ ક્રિયા ન સૂઝે.

૫. પેઢિલી આડી હુઇ અને ગુરૂ સ્થાપનાચાર્ય આગલિ ક્રિયા કરે તો યોગ્ય ભૂમિકો રહ્યાં અસૂઝિઉ કાઇ નહીં.

૬. જન્મ સૂતક હુએ ઘરકા મનુષ્ય ૧૨ દિને દેવપૂજા ન કરે, પડિકમણનાં વિશેષ કોઈ નહીં. મૃતક સુએ (સૂતકે) ૧૩ દિન પૂજા ટાલે, મૂલ કાંધિયા હુઈ તે, બીજા ઘરરા દિન ૩ દેવપૂજા પડિકમણા (ભણવવા) ટાલે, ઘરરા મૂલ કાંધિયા હુઈ તે ૧૨ દિન દેવપૂજા ન કરે. પડિકમણા ભણાવવા ૨૪ પહર ન સૂઝે. મૃતક ભીટ્યાં (અડક્યા) ન હુઈ, કાંધીયા પીણ ભીટ્યાં ન હુઈ, વેસ પાલટ્યાં હુઈ તુ ૮ પહર દેવપૂજા ટાલે, જુ કાંધીયા આભડે તુ પહર ૧૨॥.

૭. શ્રાવક ક્રિયા કરતુ ચઉકત્થ (?) કરે વિધિ વંદિ, આગિલી છેહડા ઉંચા કરે એ પરમાર્થ.

૮. સ્થાપના ગુરૂ પ્રતિમા પાદુકા સંઘાઉ સુકડિ કેસર પ્રમુખ દ્રવ્યે કરિ પૂજીએ.

૯. પાખીરે પડિકમણે શ્રાવક પાખીસૂત્ર વંદિત્તુ ગુણતાં "તં નિંદે તંચ ગરિહામિ" એતલા સીમ ગુણે "અબ્ભુઠ્ઠિયોમિ આરાહણાએ" એ ચૂલિકા ન ગણે.

૧૦. જીરા વાંટ્યા કપડ-છાન્યા ફાસૂ હોઈ. જીરા લૂણ અગ્નિ આદિક સંયોગ વિના ફાસૂ (પ્રસુક) ન ગિણીયે, વ્યવહારે જીરા કરંબા છાછ માંહે ઘાલ્યા હુંતા રાત્રિ ને આંતરે ફાસૂ ગિણીયે.

૧૧. સચિત્ત પરિહારી દ્રાખ લેઈ (બીજ કાઢેલા) કાલા ?

૧૨. સૂકડિ કેસરરી પૂજા સાંઝરી કાલવેલા ઉપરાંતિ ન સૂઝે.

૧૩. ભાગવંતનેં ધૂપ ધૂપણુ જે ગાઢુ અપૂર્વ હુઈ સખરા, તે

સૂઝે.

૧૪. કંટાલા કાષ્ઠરી પ્રતિમા, થાપનાચાર્ય, નવકરવાલી ન સૂઝે, અપર સૂઝે.

૧૫. છાસ રાવડ (રાબડી) કાંજીરા ઉત્કૃષ્ટ દ્રવ્ય, ઘોલવડા દહીરો નિવીતુ કહીયે.

૧૬. યતીની નવકરવાલી શ્રાવક નવકાર ગુણે તુ અસૂઝિવુઉ કોઈ નહીં, પરં અતિ પ્રવૃત્તિ ન ઘાલિવી.

૧૭. ધનાગરા માંહિ ધાણા સૂંઠ હરડે દાખ ખારક એ સહુ એક દ્રવ્ય. પરં દ્રવ્ય પચખાણના ધણી જૂદા જૂદા ન ખાઈ, એકઠા કરી ખાઈ તુ એક દ્રવ્ય.

૧૮. કૂલરિ ઘીરુ નિવીતુ કહીજે.

૧૯. કાષ્ઠ વિદલ ફલ કાણ (? પાન) એ વિદલ ગણિવા, કાષ્ઠ વિદલ ન ગણિવુ.

૨૦. ઉપાશ્રય નીકલતાં ખૂલુ શ્રાવક આવસ્સહી ન કરે. પોસહતો સામયિકધર કહે. દેહરે નિકલતાં આવસ્સે કહણ પ્રયોજન કો નહીં.

૨૧. સંધ્યારે પડિકમણે તવન કહ્યાં પછે ઈચ્છામિ ખમા૦ એ પૂરી ખમાસમણ દેઈ (૧) શ્રીઆચાર્ય મિશ્ર કહે, (૨) બીજે ખમાસમણે ઉપાધ્યાય મિશ્ર વાંદે (૩) ત્રીજી ખમાસમણ સર્વ સાધુ વાંદે, (૪) ચોથી ખમાસમણિ પૂરી દેઈ, દેવસી પાયચ્છિત વિશુધ્ધિ કરેમિ કાઉસગ્ગ કરે.

૨૨. ત્રીકાલરી દેવપૂજા અવિરતી શ્રાવક જે પડિક્રમણુ નહીં કરતો છે, તે કરે. પહિલો શ્રીજિન પ્રતિમા પૂજઇં ખપ કરે. અને જે વિરતી પડિક્રમણાના કરણહાર કરે છે તે પહેલો પડિક્રમણુ કરી પડિલેહણ પહિલા સામાચક પારી પછે દેવપૂજા કરે.

૨૩. પોસહ માંહિ દેહરે પૂછણુ કટાસણે (ચરવલો) લેજઇ, કદાચ દેહરા અલગા હુઇ કારણેં બેસેં પૂજીને. તિણ કારણિ તીરેં હુઇ તુ વારૂ. દેહરા ઢૂકડા હુઇ તો ન લે જો, તો અસૂઝિવુ પણ કો નહિ.

૨૪. ચલવલાં કાંઇ સબલ અજયણા વિચિ હાટ અથવા ચૈત્યગૃહ જાણે તુ પૂંજિવા ભણી લઇ. ચલવલા વિના અજયણાં ન ટલે તો લેજઇ.

૨૫. શ્રાવક દેવ ગુરૂ પ્રતિમા પાદુકા જેતલો ઢોવણો ઢોવે તે ન ખાઇ.

૨૬. રોટી, રોટલ, ફેણાબાટી પ્રમુખના જુદાજૂદા દ્રવ્ય ગિણીજો, એક પિંડ આટાનાં જે રોટી વેલણાદિક કરે તે એક દ્રવ્ય.

૨૭. અણ પડિલેહીઓ ઠેપાડો પૂછણાં માહીં તો તે અપડિલેહિ દુપડીલેહી દોષ લાગે. ૨૭

॥ ઈતિ સત્તાવીસ ચરચા બોલ સમાપ્તા ॥

૬

# આચાર્યશ્રી હીરવિજયસૂરિના ફરમાનરૂપ

## મુનિયોગ્ય નિયમો

૧. છતે યોગે હમેશાં જિનમંદિરે દર્શન કરવા જવું.

૨. હંમેશાં (ઓછામાં ઓછી) એક નવકારવાળી (બાધાપારાની) ગણવી.

૩. હંમેશાં-પ્રતિદિવસ મોટાની સેવા-ચાકરી કરવી.

૪. છતી શક્તિએ હંમેશાં દિવસમાં એક ગાથા અથવા છેવટે એક પદ પણ નવું ભણવું.

૫. પડિક્કમણું ઠાયા પછીથી લઈને 'ઈચ્છામો અણુસટ્ઠિં' સુધી અર્થાત્ છ આવશ્યક પૂરાં થતાં સુધી (૧), આહાર કરતાં (૨), ઉપધિ શીખેનું પડિલેહણ કરતાં (૩) અને માર્ગે ચાલતાં (૪) આ ચાર કાર્યો કરતાં બોલવું નહીં.

૬. હમેશાં દિનપ્રત્યે એક હજાર ગાથાનો સ્વાધ્યાય કરવો-ગણવી.

૭. (નાનાં મોટાં થઈને) પાતરાં ૭ ઉપરાંત રાખવા નહીં.

૮. ઓછામાં ઓછાં એક મહિનામાં છ ઉપવાસ કરવા.

૯. જે જે ગામોમાં જાય ત્યાં ત્યાં પહેલે દિવસે પારણાવાળા સાધુને વિગઇ ૨, બીજા સાધુઓને વિગઇ ૧ તથા બીજે

દિવસે ૨ ઉપરાંત ન કલ્પે. અર્થાત્ એક દિવસમાં બેથી વધારે વિગઇ કોઈ પણ સાધુ-સાધ્વીઓએ લેવી નહીં.

૧૦. બીમારી અને વિહાર વિગેરે કારણ વિના હમેશાં ઓછામાં ઓછું ત્રિવિહાર બીઆસણું કરવું.

૧૧. મોટા કારણ સિવાય દિવસે રાત્રે પહેલી પોરિસીમાં અર્થાત્ સંથારાપોરિસી ભણાવ્યા પહેલાં સૂવું નહીં.

૧૨. હમેશાં એક દિવસમાં ત્રણ ઉપરાંત ડૂચો ન કલ્પે; પરંતુ આહાર આદિ વધ્યું હોય તો અથવા આહારથી ખરડાયેલ પાતરું વિગેરે ગુરુ આપે તો તેની જયણા.

૧૩. અટવી ઉલ્લંઘન કરવી હોય વિગેરે કારણ વિના માર્ગાતીત, ક્ષેત્રાતીત અને કાલાતીત (પાણી વિના) આહાર ન કલ્પે.

૧૪. નવાં-જૂનાં કુલ કપડા ૭, કાંબળી ૧, ચોલપટ્ટા ૭, સંથારિઉં ૧, ઉત્તરપટ્ટો ૧, આથી ઉપરાંત વસ્ત્રો ન રાખવા.

૧૫. ગીતાર્થ આહારપાણીની માંડલીમાં ન બેસે તે પહેલાં છાસ (૧), ભાત (૨), ખારૂં ડૂચું (૩) અને પાણી (૪) આ ચાર દ્રવ્ય સિવાય બીજું કાંઇ કોઈએ વાપરવું નહીં. મોટા કારણે જરૂર હોય તો ગીતાર્થને પૂછીને વાપરવું.

૧૬. આહાર-પાણીની માંડલીનો કાજો પરઠવ્યા સિવાય અને પાતરાં ઉપર ગુચ્છા ચડાવ્યા પહેલાં જે સાધુ-સાધ્વી ઉંઘી જાય તેને ગીતાર્થે આયંબિલ કરાવવું.

૧૭. છ ઘડી સૂર્ય ચડ્યા પહેલાં-સૂર્યોદયથી છ ઘડી

સુધીમાં, સ્થંડિલાદિ કારણે બહાર ન જવું. કદાચ કોઇ જાય તો ગીતાર્થે તેને આયંબિલ કરાવવું અથવા પોતાની પાસે બેસાડીને એક હજાર ગાથાનો સ્વાધ્યાય કરાવવો.

૧૮. રાત્રે સ્થંડિલ જવું પડે તો એક આયંબિલ કરવું.

૧૯. ચૌમાસીનો છઠ્ઠ અને સંવચ્છરીનો અઠ્ઠમ મોટા કારણ વિના મૂકવો નહીં.

૨૦. ગૃહસ્થો પાસેથી પાછા આપવાની શરતે-ઉછીના વસ્ત્ર કે કાંબળ બીલકુલ લેવાં નહીં.

૨૧. નીખારેલું (ખેળવાળું, ચમકવાળું કે રંગેલું) વસ્ત્ર હોય તો તેનો રંગ પરાવર્ત કરીને વાપરવું. અર્થાત્ પાણીમાં નાંખીને રંગ-ચમક-ભભકો ઓછો કરી નાખીને વાપરવું.

૨૨. ક્રિયા સંબંધી અનુષ્ઠાન-વિધિ કરવાનો વિશેષે કરીને ખપ કરવો. અર્થાત્ ક્રિયારૂચિ થઇને ક્રિયા કરવામાં તત્પર રહેવું.

૨૩. પડિલેહણ કર્યા વિનાનું વસ્ત્ર ન વાપરવું.

૨૪. ગીતાર્થે પણ પૂર્વોક્ત મર્યાદા પાળવી અને પોતાના સંઘાડાના સાધુ-સાધ્વીઓ પાસે પળાવવી; છતાં કોઇ ન પાળે તો ગચ્છનાયકને જણાવવું.

૨૫. પાંત્રીશ બોલ પાળવા અને ત્રણે ચૌમાસીને દિવસે (સભામાં) સંભળાવવા.

૨૬. ત્રણ નગર અને તે ત્રણે નગરનાં પરાંઓમાં થઇને માસ

ત્રણ રહેવું. (તેથી અધિક ન રહેવું.)

૨૭. જે ગીતાર્થ પાટીએ બેસે (અગ્રેસર થઈને વ્યાખ્યાન વાંચે) તેણે માસકલ્પ આદિની મર્યાદા પળાવવી, છતાં કોઈ ન પાળે તો ગુરૂ (ગચ્છનાયક)ને જણાવવું. વળી પાટીએ બીજો કોઈ ગીતાર્થ આવે ત્યારે પોતાના માસકલ્પમાં જે જે સાધુઓને જેટલા જેટલા દિવસો થયા હોય તે સર્વ નવા ગીતાર્થને લખી આપીને કહેવું કે આવી મર્યાદા તમે પળાવજો. એવી મર્યાદા પાળી-પળાવી શકે તેણે જ પાટીએ બેસવું. કોઈ સાધુ માસ-કલ્પાદિની મર્યાદા લોપશે તો પાટીયાદાર ગીતાર્થને ઠબકો મળશે.

૨૮. સંયોગવશાત્ કદાચ આંધળાં સાધુ-સાધ્વીનું વસ્ત્ર-પાત્ર મળી આવે તો તે સર્વસાધારણને માટે રાખવું; પણ કોઈ એકની નિશ્રા કે માલિકીનું કરીને ન રાખવું.

૨૯. પચાસ વર્ષથી ઓછી ઉમ્મરના ગીતાર્થે શ્રાવિકાને આલોચણ-આલોચના ન આપવી.

આ સઘળી મર્યાદા સંબંધી સમસ્ત ગણ-ગચ્છના સાધુ-સાધ્વીની સારણા-વારણા વિગેરે (૧) શ્રી વિજયસેનસૂરી, (૨) ઉપાધ્યાય શ્રી વિમલહર્ષગણિ, (૩) ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્ર ગણિ, (૪) ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજય ગણિ અને (૫) ઉપાધ્યાય શ્રી સોમવિજય ગણિ એમણે વિશેષ કરીને કરવી, પણ ઉપેક્ષા ન કરવી. ઈતિ

સંવત ૧૬૪૬ ના પોષ વદિ ૧૩ને શુક્રવારે શ્રી પાટણ નગરમાં આ સાધુ મર્યાદાપટ્ટક લખાયો છે.

## ૭

# શ્રી હીરવિજયસૂરિકૃત
# બાર બોલનો પટ્ટક

હવે શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજી મહારાજ, સમસ્ત સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને ફરમાવે છે કે : શ્રીમાન્ વિજયદાન સૂરિજીએ ફરમાવેલા સાત બોલના અર્થ સંબંધી વિષવાદ-ક્લેશ ટાળવાને માટે એ જ સાત બોલનો અર્થ વિસ્તારથી વિવેચનથી લખવામાં આવે છે.

૧. પરપક્ષીને* - સામા પક્ષવાળાને કોઈએ પણ કંઈ કઠણ વચન ન કહેવું.

૨. “પરપક્ષીઓએ કરેલાં ધમકાર્યો સર્વથા અનુમોદવા યોગ્ય નથી” એમ કોઈએ ન બોલવું. કેમકે દાનરૂચિપણું, સ્વભાવથી વિનીતપણું, અલ્પકષાયીપણું, દયાળુપણું, પરોપકારીપણું, ભવ્યપણું, દાક્ષિણાળુપણું, પ્રિયભાષીપણું, વિગેરે જે જે માર્ગાનુસારીપણાના ધર્મકર્તવ્યો છે, તે જૈન સિવાયના અન્યદર્શની કોઈ પણ જીવમાં હોય તો તે પણ શાસ્ત્રને

---

(*અહીં પરપક્ષી શબ્દે દિગંબરી, લોંકાગચ્છવાળા, ખરતરગચ્છીય, અંચલગચ્છીય વિગેરે જૈનમતના જ ભિન્ન ફિરકાવાળા સમજવા કે જેઓની સાથે તે વખતે વિરોધ વાદ-વિવાદ થયા કરતો હતો.)

અનુસારે અનુમોદવા યોગ્ય જણાય છે, તો પછી જૈનોમાંહેના જ પરપક્ષીઓ સંબંધી માર્ગાનુસારી ધર્મકર્તવ્યો અનુમોદવા યોગ્ય હોય તેમાં તો કહેવું જ શું? અર્થાત્ ગમે તે જીવનાં ઉપરોક્ત માર્ગાનુસારી ધર્મકાર્યોની અનુમોદના કરવામાં કંઈ પણ દોષ નથી-અનુમોદના કરી શકાય છે.

૩. ગચ્છનાયકને પૂછ્યા સિવાય કોઈએ શાસ્ત્ર સંબંધી નવી પ્રરૂપણા ન કરવી.

૪. દિગંબરી ચૈત્યો, (સાધુ વિના) કેવળ શ્રાવકોએ પ્રતિષ્ઠિત કરેલા ચૈત્યો અને દ્રવ્યલિંગી (યતિ વિગેરે) ના દ્રવ્યથી બનેલ ચૈત્યો-એ ત્રણ જાતનાં ચૈત્યો સિવાય બીજાં સઘળાં ચૈત્યો વાંદવા-પૂજવા જાણવાં. તેમાં જરા ય શંકા ન કરવી.

૫. ઉપરોક્ત ત્રણે પ્રકારનાં અવંદનિક ચૈત્યો કે મૂર્તિઓ જો સ્વપક્ષીના ઘરમાં (કે કબજામાં) હોય તો તે ઉત્તમ સાધુઓના વાસક્ષેપથી વાંદવા-પૂજવા યોગ્ય થાય છે.

૬. 'સાધુઓ પ્રતિષ્ઠા કરાવે'. આ વાત શાસ્ત્રોમાં લખેલી છે.

૭. સધર્મિવાત્સલ્ય કરતાં કદાચ સ્વજનાદિક સંબંધને લઈને પરપક્ષીઓને જમવા બોલાવે-નોતરે તો તેથી સધર્મી વાત્સલ્ય ફોક ન થાય.

૮. શાસ્ત્રોમાં કહેલા દેશવિસંવાદી (અમુક અમુક બાબતમાં જ ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારા) નિહ્નવ સાત અને સર્વવિસંવાદી (બધી બાબતોમાં ઉત્સૂત્રપ્રરૂપણા

કરનાર) નિહ્નવ એક, એને છોડીને બીજા કોઈને નિહ્નવ ન કહેવા.

૯. પરપક્ષીઓ સાથે ચર્ચા-શાસ્ત્રાર્થની ઉદીરણા ન કરવી, પરપક્ષી કોઈ ઉદીરણા કરે તો શાસ્ત્રને અનુસારે ઉત્તર આપવો પરંતુ ક્લેશ વધે તેમ ન કરવું.

૧૦. શ્રીમાન્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજે ઘણા લોકોની સમક્ષ જળશરણ કરેલો "ઉત્સૂત્રકંદકુદ્દાલ" નામનો ગ્રંથ તથા તેમાંનો અસંમત અર્થ બીજા કોઈ ગ્રંથમાં પરપક્ષીઓ લાવ્યા હોય તો ત્યાં તે અર્થ 'અપ્રમાણ'-નહીં માનવા યોગ્ય છે, એમ જાણવું.

૧૧. સ્વપક્ષવાળાના સંઘાત-સોબતનો જોગ ન મળતાં પરપક્ષીઓ સાથે જઈને યાત્રા કરવાથી તે યાત્રા ફોક-નિષ્ફળ ન થાય.

૧૨. પૂર્વાચાર્યોના વખતમાં પરપક્ષીઓએ બનાવેલા જે જે સ્તુતિ-સ્તોત્ર સ્તવનાદિ કહેવાતાં હતાં, તે કહેવાની કોઈને ના ન કહેવી.

આ બધા બોલથી કોઈ જુદી પ્રરૂપણા કરશે તેને ગુરુનો તથા સંઘનો ઠપકો મળશે.

## ૮

# શ્રી વિજયસેનસૂરિકૃત સાત બોલ

હીરવિજયસૂરિગુરૂભ્યો નમઃ ॥

સંવત ૧૬૫૮ વર્ષે ફાલ્ગુનસિતદશમી રવૌ અહમ્મદાવાદ નગરે શ્રીવિજયસેનસૂરિભિર્લિખ્યતે -

૧. સાધ્વીઈં વખાણનીજ વેલાઈં આવવું. આઠિમ-પાખીઈં આખું દિહાડો આવઈં તો ના નહિ.

૨. તથા શ્રાવિકાએ(જ) પણિ વખાણનીજ વેલાઈં આવવું, અને વખાણ ઉઠ્યા પછી શ્રાવિકા વાંદવા આવે તો વાંદીને વલે પણ બેસવું નહી તથા સાંડી દેવાનું કામ હોઈ તો તિવાહરઈ શ્રાવિકાએ ઉપાશ્રય બહિર બેસી સાંડી દેવી, કદાચિ નામન હોઈ તો ઉપાશ્રયમાંહિં બારણાની એક પાસે બેસી સાંડી દેવી, તથા ઉપધાનની ક્રિયા કરનારી શ્રાવિકા સર્વ એકઠી મિળીને ઉપાશ્રય આવવું અને તુરત ક્રિયા કરીને વલવું પણ બેસી ન રહેવું.

૩. તથા ગીતાર્થે માસમધ્યે આઠમ-ચઉદસ-પંચમીએ છ દિનનેજ વિષે આલોઅણ દેવી, કારણ વિના.

૪. તથા પંચાસવર્ષ મદયવર્તી પન્યાંસે શ્રાવિકાને આલોઅણ દેવી નહીં.


૫. ઉત્તરાધ્યયન પ્રમુખ કાલિકસિદ્ધાંત સંભલાવ્યું જોઈએ

તો સાંઝની પડિલેહણ કર્યા પછી આઠિમ-પાખીને દિવસે સંભલાવવું, કારણ વિના.

૬. તથા શ્રીવિજયદાનસૂરિને વારે શ્રીહીરવિજયસૂરિને વારે જે ગ્રંથ નીપના છે તે ગ્રંથ ગચ્છનાયકની આજ્ઞાપૂર્વક ગીતાર્થે સોધ્યા હોય તો પ્રવર્તાવવા તથા લખાવવા અન્યથા નહીં.

૭. તથા યતીસમસ્તે આર્દ્રા પહિલું આદેશ હોઇ તેણે ક્ષેત્રે પુહુચવું અને મુહૂર્તાદિકનું કારણ હોઇ તો ક્ષેત્રની દસકોસીમાંહિં જઇ રહવું, છતે યોગિં.

૮. તથા જેણે ગીતાર્થે આલોઅણનું આમ્નાય જાણિઓ હોઇ, ....ય કને સંભલાવ્યું હોઇ તેણે ગીતાર્થે શ્રાવિકાને આલોઅણ દેવી.



૯

# શ્રી વિજયસેનસૂરિ મહારાજ રચિત પાંચ બોલનો પટ્ટક

શ્રી હીરવિજયસૂરિભ્યો નમઃ ।

સં. ૧૬૬૭ મા.વ. ૪ ના શનિવારે પાટણ મુકામે શ્રી વિજયસેનસૂરિ લિખિત પાંચ બોલનો પટ્ટો..

૧. સૌએ બાર બોલના પટ્ટા (શ્રી હીરવિજયસૂરિ લિખિત) ઉપર શ્રધ્ધા રાખવી.

૨. ગીતાર્થોએ ચોમાસામાં તથા પજૂસણમાં સંઘની સભામાં ૧૨ બોલનો પટ્ટ જરૂર વાંચવો - વંચાવવો.

૩. તથા પ્રશ્નોત્તર સમુચ્ચય, હીરપ્રશ્ન ગ્રંથો પણ અવશ્ય વાંચવા. કોઈએ આ ત્રણ ગ્રંથો વાંચવાનો વિરોધ કરવો નહિ.

૪. કોઈએ આ ત્રણ ગ્રંથ સિવાયના છૂટાં ચર્ચાપત્રો, આલાવાઓ વગેરે વ્યાખ્યાનમાં વાંચવા નહિ, વંચાવવા નહિ.

૫. સૌએ બાર બોલના પટ્ટકની આજ્ઞા મુજબ માર્ગાનુસારી-પણે વર્તવું.

## ૧૦

# શ્રી વિજયસેનસૂરિકૃત છ બોલ

તથા શ્રીહીરવિજયસૂરિગુરુભ્યો નમઃ ।
શ્રી વિજયસેનસૂરિભિર્લિખ્યતે ॥

સં. ૧૬૭૦ વર્ષે દ્વિતીય જયેષ્ઠ ત્રયોદશી દિને અપરં -

૧. ચોમાસાના આદેશ સારૂ દેશાંતરિ વિહાર કરતાં વસ્ત્ર-પાત્રાદિક કોણે બાંધી જાવું નહીં, અને જે કોઇ બાંધી ગયા છે તેણે આવીને ખરચવું. વસ્ત્ર-પાત્રાદિક અન્યથા તેહને દિક્ષાનો આદેશ પ્રસ્તાવની મેલઇં થાસે.

૨. તથા એકદેશમધ્યે વિહાર કરતા કદાચિત્ કારણ માંહિં વસ્ત્ર મુંકી જાઇ તો પોથીને આકારે બાંધી મુંકવું નહીં. એ રીતિ વિના જે કોઇ વસ્ત્રાદિક મુંકી જાસ્યઇ તેહનું વસ્ત્રાદિક ખરચાસે પણિ તેહને નહી અપાય.

૩. તથા જેહની નેશ્રાએ જ્ઞાનદ્રવ્ય પાછિલુ હોઇ તેણે પોતાની નેશ્રાથી ટાલવું અને પુસ્તકની સામગ્રી ન મિલે જે ગામે ભંડાર હોય તે ગામના સંઘની સાખે ભંડારિ મુકવું. અન્યથા તેહને દીક્ષાનો આદેશ પ્રસ્તાવે થાસે. અને વૈશાખ પછી જેની નેશ્રાની જ્ઞાનદ્રવ્ય સંભલાસે આકરૂં ઠબકું લિખસે.

૪. અને જેહને ઘરે કોઇ માટી ન હોય અને એકલિજ હોય

તેણે ઘરિં કોણઇ વસ્ત્ર-પાત્રાદિકેં બાંધી મૂંકવું નહીં.

૫. તથા મા-બેટી તથા સગીબહિણ વિના કોણે સાધ્વીને ચતીએ ભણાવવું નહીં.

૬. તથા જેણે ચતીએ દીક્ષાનો ભાવ ઉપાયો હોય તેણે ચતીએ મૂલગઈમાર્ગ ભવ્ય પાસે લિખાવી લેવું નહીં, અને કદાચિત્ લિખાવી લેસ્યે તો ગામના વડા ૪ શ્રાવકની સાક્ષિપૂર્વક લિખાવી લેવું અને ભવ્યનું ભાવ કદાચિત્ પલટાઈ તો વરસ ૨ પછી તેહનું સંબંધ નહીં, તે ભવ્યનું જિહાં ભાવ હોય તો તિહાં દીક્ષા લેતાં કુણઇ અંતરાય ન કરવું, અંતરાય કરસે તેહને ઠબકું આવસ્યઇ સહી.

## ૧૧

# શ્રી વિજયદેવસૂરિ લિખિત

## સાધુ-સાધ્વી મર્યાદાપટ્ટક

ભટ્ટારક શ્રીહીરવિજયસૂરીશ્વરપટ્ટાલંકારહાર ભટ્ટા.
શ્રીવિજયસેનસૂરિગુરૂભ્યો નમઃ ॥

સંવત ૧૬૭૨ વર્ષે આષાઢ સુ. ૨ દિને શ્રીપત્તન નગરે શ્રી વિજયદેવસૂરિભિર્લિખ્યતે : સમસ્ત સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, યોગ્ય, અપરં -

૧. ભટ્ટારક શ્રીહીરવિજયસૂરિ તથા ભટ્ટા. શ્રી વિજયસેન-સૂરીશ્વરે બીજા જે બોલ પ્રસાદ કર્યા તે તિમજ કહેવા, પણ કોણે વિપરીત ન કહેવા. જે વિપરીત કહેસે તેહને આકરો ઠબકો દેવરાસે.

૨. તથા માસકલ્પની મર્યાદા સમસ્ત યતીઇં સૂધી પાલવી, અને ફિરતેં ક્ષેત્રેં વિહાર કરવું.

૩. તથા ગૃહસ્થાદિકને ઘરે જઇ અને પુસ્તકાદિક બાંધવું છોડવું નહીં, અને ઘરિ મુકવું તો પોતાના ગુરૂને પૂછીને મુંકવું, અને ગૃહસ્થે પણ તેહના ગુરૂને પૂછીને રાખવું.

૪. તથા માર્ગે દેહરે ગોચરી ઠંડિલ પ્રમુખ કાર્યે જાતાં વાત ન કરવી, અને કદાચિત્ બોલવું પડે તો એકણિપાસે ઉભા રહીને બોલવું.

૫. તથા દીવાનમધ્યે ગચ્છનાયકને પૂછ્યા વિના ન જાવું, અને કદાચિત્ જાવું પડે વડેરા ૪ ગૃહસ્થને સંમત કરી જાવું, પણ તિહાં કિસ્યો નવો ઉપાધિ ન કરવું.

૬. તથા છ ઘડી મધ્યે સર્વથા ઉપાશ્રય બાહિર ન જાવું, કદાચિત્ જાવું પડે તો ગુરૂને પૂછીને જાવું.

૭. તથા ષટ્પર્વી સર્વથા વિકૃતિ ન વહરવી.

૮. તથા ચોમાસાને પારણે દસકોસીઈ તથા પનરકોસીઈં ફાગુણચોમાસા લગી ફિરતે ક્ષેત્રે વિહાર કરવું કારણવિના.

૯. તથા વર્ષાકાલવિના સાધુ-સાધ્વી વસ્ત્રક્ષાલન કારણ વિના ન કરવું, અને ગૃહસ્થ પાસે જ્ઞાનદ્રવ્ય ન માંગવો, માંગે તેહને ગૃહસ્થે પણ ન આપવું, સાધ્વીને તથા શ્રાવિકાને રાસ-ભાસ-ગીતાદિક ભણાવવા નહીં, એકલા સાધુ-સાધ્વીએ કિસ્યઈં કાર્યે ઉપાશ્રય બાહિર ન જાવુ.

ઇત્યાદિક ભટ્ટા. શ્રીહીરવિજયસૂરીશ્વરઈં તથા ભટ્ટા. શ્રી વિજયસેનસૂરીશ્વરઈં પ્રસાદ કરી જે સકલ મર્યાદા તે સાધુ-સાધ્વીઈં રૂડી પરિપાલવી ।

ઈતિ સાધુ-સાધ્વી મર્યાદાપટ્ટક



# ૧૨

# શ્રી વિજયદેવસૂરિ નિર્મિત

## સાધુમર્યાદાપટ્ટક

સં. ૧૬૭૭ના વૈશાખ શુદિ ૭ બુધવારે પુષ્ય નક્ષત્રે શ્રી સાબલી નગરે શ્રી વિજયદેવસૂરિનિર્મિત ।

ભટ્ટારક શ્રી આનંદવિમળસૂરિ, ભ. શ્રી વિજયદાનસૂરિ, ભ. શ્રી હીરવિજયસૂરિ અને ભ. શ્રી વિજયસેનસૂરી પ્રમુખ સમસ્ત ગચ્છનાયકોએ પ્રસાદિત કરેલા જે સાધુ-સાધ્વીની મર્યાદાના પટ્ટો છે તેમાંથી તેમ જ નવ બોલમાંથી કેટલાક બોલ આ નીચે લખ્યા છે તે બોલ તથા બીજા જે મર્યાદાના બોલ લખ્યા છે તે બોલ સમસ્ત ગીતાર્થે તથા સાધુ-સાધ્વીએ રૂડી રીતે પાળવા. જે ન પાળે તેને યથોચિત પ્રાયશ્ચિત દઈને આ મર્યાદા રૂડી રીતે પાળે તેમ કરવું.

૧. માસકલ્પની મર્યાદાએ ગીતાર્થે વિહાર કરવો અને વખાણનો વિધિ સચવાવવો. વ્યાખ્યાનાદિક પણ માસકલ્પની મર્યાદાએ કરવું. માસકલ્પ પૂરો થયા પછી બીજા પંન્યાસ ન હોય તો ગણેશે (ગણિએ) પણ વ્યાખ્યાનાદિ વિધિ સાચવવો.

આ મર્યાદા આચાર્ય, ઉપાધ્યાય વિના બીજા સમસ્ત યતિએ રૂડી રીતે પાળવી.

૨. સમસ્ત યતિએ માંડલે પ્રતિક્રમણ કરવા આવવું. બાધાનું કારણ હોય તો ગુરૂને પૂછ્યા વિના સર્વથા ગેરહાજર ન રહેવું, અને દહેરાની સામગ્રી છતે દેવ જુહારવા માટે દિનપ્રત્યે અવશ્ય જવું.

૩. છ ઘડીની અંદર કોઈએ બહાર ન નીકળવું. કોઈ પ્રબળ કારણે નીકળવું પડે તો ગુરૂને પૂછીને જવું.

૪. ગચ્છ બહાર કરેલા દર્શની સાથે કોઈએ ન બોલવું. જરૂરનું કામ હોય તો ગુરૂને પૂછીને જેમ તે કહે તેમ કરવું.

૫. વહોરવા જતાં અથવા બીજે કામે બહાર જતાં માર્ગે કોઈએ સર્વથા ન બોલવું. કદાચિત્ બોલવાનું કાર્ય હોય તો એક બાજુ ઊભા રહીને બોલવું.

૬. રાત્રિએ પુંજ્યા વિના સર્વથા ન ચાલવું.

૭. ઉઘાડે મુખે (મુહપત્તિ રાખ્યા વિના) સર્વથા કોઈ મુનિએ ન બોલવું.

૮. દુઃખક્ષય-કર્મક્ષય નિમિત્તે દરરોજ ૧૫ લોગસ્સનો જુદો કાઉસગ્ગ કરવો.

૯. પ્રતિક્રમણ કર્યા પછી ત્યાં જ જે ગણવું હોય તે ગણવું અને સંથારા પોરિસી ભણાવ્યા પછી પોતાના સ્થાનકે જવું.

૧૦. મધ્યાહ્નની માંડલીએ બેઠા વિના ૪ દ્રવ્ય ઉપરાંત ન લેવું. કારણે ગુર્વાદિકને પૂછીને તે કહે તેમ કરવું.

૧૧. પ્રતિક્રમણ ઠાયા પછી ઇચ્છામો અણુસટ્ઠિં સુધી

પ્રતિક્રમણમાં ન બોલવું.

૧૨. પાંચ પર્વી કોઈએ વસ્ત્ર ન ધોવા.

૧૩. આહાર કરતાં કોઈએ ન બોલવું. બોલવાનું કામ પડે તો પાણી પીને બોલવું.

૧૪. રાત્રિએ પાણી ન રાખવું. બાધાદિકને કારણે વડેરાને પૂછીને તે કહે તેમ કરવું.

૧૫. નિવિયાતું ઘી ગુર્વાદિકને દેખાડ્યા વિના કોઈએ ન લેવું. ગુર્વાદિકે પણ પરીક્ષા કરીને સૂધું નિવિયાતું જણાય તો લેવાની આજ્ઞા દેવી.

૧૬. સવારને પડિક્કમણે તથા સાંજને પડિક્કમણે નમુત્થુણં કહેતાં પહેલાં સર્વ સાધુએ માંડલીમાં આવવું.

૧૭. સાબુએ સર્વથા વસ્ત્ર ન ધોવા.

૧૮. આહારાદિલેવા પોતાની હીંડીમાં જવું, પારકી હીંડીમાં ન જવું. કદાચિત્ ઔષધાદિક કારણે જવું પડે તો હીંડીના ધણીને સાથે તેડીને જવું.

૧૯. દરરોજ એક ગાથાદિ કાંઈ પણ નવું ભણવું, ન ભણે તો શાકનો નિષેધ કરવો.

૨૦. એક સંઘાડાના સાધુએ પોતાના ગુરૂને પૂછ્યા વિના બીજા સંઘાડાના સાધુ સાથે ન જવું. બીજાએ પણ તેના ગુરૂને પૂછ્યા વિના પોતાની સાથે લઈ ન જવો.

૨૧. સર્વ મુનિઓએ તિવિહાર બિયાસણું દરરોજ કરવું, પંન્યાસે તિવિહાર એકાસણું કરવું. શરીરાદિ બાધાને

કારણે ગુરુ કહે તેમ કરવું.

૨૨. પ્રભાતના પડિક્કમણા અગાઉ તથા પડિલેહણ અગાઉ પાટ ઉંચી કરવી.

૨૩. કોઇ સાધુ-સાધ્વીએ કોઇ પણ સ્થળે એકલા ન જવું. મોટે કારણે વડા કહે તેમ કરવું.

૨૪. સાધ્વીએ વ્યાખ્યાનના વખત સિવાય મુનિ પાસે ન આવવું. યતિએ પણ સાધ્વી પાસે ન જવું.

૨૫. સર્વ યતિએ સાધ્વી કે શ્રાવિકા સાથે આલાપ-સંલાપ કોઇ પ્રકારનો ન કરવો.

૨૬. પંન્યાસે પગ ધોવા, પણ મુખાદિક ન ધોવા. બીજા યતિએ અપવિત્રાદિ કારણ વિના પગ પણ ન ધોવા.

૨૭. મધ્યાહ્ન પછી યતિએ તથા સાધ્વીએ પાણી વિના આહાર વહોરવા ન જવું. આહારપાણી સાધુ-સાધ્વીએ બે પહોર પહેલાં જ લઈ આવવા. કારણ પડ્યે ગીતાર્થને પૂછીને તે કહે તેમ કરવું.

૨૮. ઉજળા વસ્ત્ર સર્વથા કોઇએ ન પહેરવાં.

૨૯. અજવાળી ને અંધારી અગ્યારશે સર્વથા કોઇએ લીલું શાક ન વહોરવું.

૩૦. બાળ, ગ્લાન અને વૃદ્ધ સિવાય બીજા સર્વ યતિએ અજવાળી ૫-૮-૧૪ દિને સર્વથા ઉપવાસ ન મૂકવો, કારણે મૂકવો પડે તો વિગય ન લેવી.

૩૧. ષટ્પર્વીએ સાધુ-સાધ્વીએ વિગય ન લેવી, ૧૪ વર્ષ

ઉપરાંતની વયવાળા શિષ્યને પણ ન આપવી, ૧૪ વર્ષની અંદરનાને પણ ભણતા હોય તો આપવી.

૩૨. દિવસે કારણ વિના સાધુ-સાધ્વીએ ન સૂવું.

૩૩. મુખ્યવૃત્તિએ હમણાં શ્રાવિકાને દિક્ષા ન દેવી. ખાસ જરૂર લાગે તો પણ ૩૫ વર્ષની અંદરની વયવાળીને ન દેવી, ઉપરાંત ઉમર હોય તો દેવી. તેમાં પણ તેને વેષ પાત્રાદિક લાવવાની શક્તિ ન હોય તો સર્વથા ન દેવી.

૩૪. જ્ઞાનને અર્થે અથવા બીજા કોઇ અર્થે સર્વથા ગૃહસ્થ પાસે દ્રવ્ય ન માગવું. ગૃહસ્થે પણ માગે તે સાધુને દ્રવ્ય ન આપવું. આરાધના કરાવતાં કે ઉત્તરાધ્યયન સંભળાવતાં ઉપન્યું જે જ્ઞાનદ્રવ્ય તે સાધુએ કે સાધ્વીએ પોતાની નિશ્રાએ સર્વથા ન લેવું ને શ્રાવકે ન આપવું. પુસ્તકના ઉપકરણાદિ નિમિત્તે શ્રાવકે રાખવું. તે દ્રવ્યવડે સાધુ-સાધ્વીએ કપડાં સર્વથા ન લેવા.

૩૫. જે બોલ પરસ્પરમાં ચર્ચાના છે તે કોઇએ ન કાઢવા. જે કાઢે તેને નિવારવો. કદાચિત્ તે બોલ કોઇ પૂછે તો ગુર્વાદિકને ભળાવવા.

૩૬. પ્રતિક્રમણમાં સ્તવન બોલાતું હોય ત્યારે માત્રું કરવા કારણ વિના ન જવું. કદી જાય તો ૫૦૦ સજ્ઝાય ઊભા રહીને કરવી.

૩૭. યતિએ માંહોમાહે ક્લેશ ન કરવો, અને ગૃહસ્થ દેખતાં કોઇએ ક્લેશની વાત પણ ન કરવી. જે કરે તેને આકરૂં પ્રાયશ્ચિત આપવું.

૩૮. કાળા ડાંડા સર્વથા ન રાખવા, ઉજળા રાખવા.

૩૯. ઘડા પ્રમુખ માટીના કે કાચના ભાજન સર્વથા ન વાપરવા.

૪૦. અંધારી પાંચમે શક્તિ હોય ને મન ઠામ રહે તો ઉપવાસ કરવો, ઉપવાસ ન થાય તો આંબેલ કરવું, તે પણ ન બની શકે તો લૂખો આહાર લેવો પણ નિવિયાતું ઘી કારણ વિના ન લેવું.

૪૧. ગૃહસ્થ જાણે તેમ મોટા કારણ વિના સર્વથા ઉજલી ૫-૮-૧૪ દિને ન બોલવું, અર્થાત્ એ ત્રણ દિવસે ગૃહસ્થ સાંભળે તેમ વાતચીત ન કરવી.

૪૨. જે પંન્યાસ તથા ગણેશની કાવ્યાદિકનું વ્યાખ્યાન કરવાની શક્તિ ન હોય તો તેણે ૩ કે ૪ ઠાણા સાથે ચોમાસું કરવા જવાંનો આદેશ માગવો, કાવ્યાદિકનું વ્યાખ્યાન કરી શકે તેણે ૫ ઠાણા સુધી આદેશ માગવો અને જે વ્યાકરણ સહીત રૂડી પેરે ભણાવી શકે તેણે ૬-૭ ઠાણા સુધી આદેશ માગવો. જે ગીતાર્થ વ્યાકરણ, સાહિત્ય, તર્કભાષા, મિતભાષિણી, સ્યાદ્વાદમંજરી તથા આચારાંગાદિ સૂત્રવૃત્તિ, અંગોપાંગ ભણાવી શકે તેણે ઠાણા ૮-૯ સુધી આદેશ માગવો.

૪૩. અકાળ સંજ્ઞાએ (રાત્રિએ સ્થંડિલ જવું પડે તો) આયંબિલનો તપ કરવો.

૪૪. આચાર્ય, ઉપાધ્યાય સિવાય બીજા યતિએ તેમ જ ગીતાર્થે હીરાગલ (રેશમી) વસ્ત્ર તથા શણનું વસ્ત્ર ન વહોરવું. કદાચ આચાર્યાદિકે દીધું હોય તો પણ ઉપર ન

ઓઢવું. કેશરીયું વસ્ત્ર હોય તો તેનો વર્ણ પરાવર્તન કરી નાખવો. બીજાં પણ પીતવર્ણવાળા વસ્ત્ર ન ઓઢવાં.

૪૫. મસિનો ખડીઓ કાચનો, માટીનો કે કાચલીનો રાખવો. ધાતુનો સર્વથા ન રાખવો.

૪૬. પાડિહારૂ (ગૃહસ્થ પાસેથી પાછી આપવાની સરતે કોઇ પણ ચીજ ઉછીની લેવી તે.) સર્વથા મોટા કારણ વિના કોઇ સાધુએ ન લેવો.

૪૭. પ્રતિક્રમણ માંડતી વખતે સ્થંડિલ પડિલેહવા.

૪૮. યતિએ કે સાધ્વીએ ઉપાશ્રય બહાર ન બેસવું.

૪૯. યતિએ શ્રાવિકાને કે સાધ્વીને ગીત રાસ વિગેરે ભણાવવા નહીં અને સંભાળાવવા પણ નહીં.

૫૦. તરપણી ચેતના પ્રમુખ નાના મોટા પાત્ર ઉપર કુલડી સર્વથા કોઇએ ન પાડવી. આચાર્ય, ઉપાધ્યાય સારૂ પણ ન પાડવી. મૂળગી (પ્રથમની) હોય તો આચાર્ય, ઉપાધ્યાય વિના બીજાએ સમરાવવી નહીં. આ મર્યાદા સર્વથા પાળવી, તેમાં સંદેહવાળું થશે તો મોટો ઠપકો આવશે.

૫૧. તેલ, રોગાન, સફેતા પ્રમુખ સર્વથા કોઇએ અણાવવા નહીં. આ બાબત સખતાઇ રાખવી.

૫૨. વિહાર કરતાં યતિસમસ્તે ઠાણાદીઠ ડંડાસણ રાખવાં. પુંજવા-પ્રમાર્જવાનો ખપ વિશેષ રાખવો.

૫૩. સંધ્યાએ પડિલેહણ કર્યા પછી જ વસ્ત્રપાત્ર પડિલેહવા.

૫૪. ખજુર પ્રમુખ તથાવિધ અનાચીર્ણ વસ્તુ કારણ વિના વહોરવી નહીં.

૫૫. બીજા સંઘાડાના યતિને ગચ્છનાયકની તથા તેના ગુરૂની રજા વિના કોઈએ સર્વથા ન રાખવો.

૫૬. યતિએ જેને જઘન્યે ૩ શિષ્ય હોય તેને જ પંન્યાસ પદની વિનતિ કરવી.

૫૭. સોપારીના કકડા ને પાનનો ભૂકો કોઈ સાધુ-સાધ્વીએ ન વહોરવો.

૫૮. સર્વ યતિએ દિનપ્રત્યે ૧૦૦૦ સજ્ઝાય કરવી. તેટલી ન કરી શકે તો ૫૦૦ સજ્ઝાય કરવી અર્થાત્ તેટલી ગાથાઓ સંભારી જવી.

આ મર્યાદાના બોલમાં કેટલાક બોલ દિનપ્રત્યે કરવાના છે, તે જે ન પાળે તેને ગુરૂએ ૧-૨ વાર વારવો. પછી વાર્યું ન કરતો હોય તેને માટે શાકનો નિષેધ કરવો. તેમ છતાં ન પાળે તો એકાસણું તિવિહાર કરાવવું. તે છતાં ન પાળે તો આયંબિલ પણ કરાવવું.

આ મર્યાદાના સર્વ બોલ સમસ્ત ગીતાર્થે તથા યતિએ રૂડી રીતે પાળવા અને સંઘાડી પાસે પળાવવા. ગીતાર્થનું કહેણ જે ન માને તેને સંઘમાં જે વડો શ્રાવક હોય તેને કહીને પણ પળાવવા. ધર્મવંતોએ આની ઉપેક્ષા ન કરવી.

ઇતિ સાધુમર્યાદાપટ્ટક સંપૂર્ણ

卐卐卐

# ૧૩

# શ્રી વિજયસિંહસૂરિપ્રસાદિત

## સાધુમર્યાદાપટ્ટક

આ પટ્ટક સં. ૧૭૧૧ માઘ સુદિ ૧૩ ગુરૂવારે પુષ્ય નક્ષત્રે શ્રીપત્તનનગરે શ્રી વિજયસિંહસૂરિપ્રસાદીકૃત (ભટ્ટારક શ્રી જગચ્ચંદ્રસૂરિ, ભ. શ્રી સોમસુંદરસૂરિ, ભ. શ્રી મુનિસુંદરસૂરિ, ભ. શ્રી આનંદવિમલસૂરિ, ભ. શ્રી હીરવિજયસૂરિ, ભ. શ્રી વિજયદેવસૂરિ, તત્પટ્ટાલંકાર શ્રી વિજયસિંહસૂરિ સમજવા) મર્યાદાપટ્ટકને અનુસારે તેમજ તેમના કહેલા જલ્પાનુસારે સંવિજ્ઞ, શુદ્ધમાર્ગના પક્ષી અને મધ્યસ્થ યતિઓના હિતને માટે-સુવિહિત આચારની પ્રતિપાલનાને અર્થે લખેલો છે.

૧. સુવિહિત ગીતાર્થની નિશ્રાએ સર્વે યતિઓએ વિહાર કરવો.

૨. ગીતાર્થને પૂછ્યા વિના કોઈએ કાંઈ પણ નવી પ્રરૂપણા ન કરવી.

૩. યથાશક્તિ નિત્ય ભણવાનો, ભણાવવાનો, લખવાનો, લખી આપવાનો, અર્થ ધારવાનો, કહેવાનો ઉદ્યમ કરવો. જ્ઞાનાચારમાં છતી શક્તિ ગોપવવી નહીં.

૪. યોગ વહ્યા વિના કોઈએ સિદ્ધાંત વાંચવા નહીં.

૫. દિનપ્રત્યે ઊન્હાળે ૩૦૦, વર્ષાકાળે ૫૦૦, શીતકાળે ૬૦૦, જઘન્યપદે સજ્ઝાય ગણવી. (તેટલી ગાથાઓ સંભારી જવી કે નવી વાંચવી.)

૬. દિનપ્રત્યે છતે યોગે દેહરે જઇ દેવ જુહારવા.

૭. દિન પ્રત્યે આઠ થોઇએ ત્રિકાળ દેવ વાંદવા. જઘન્યપદે એક વાર વાંદવા.

૮. પ્રતિદિન યથાપર્યાય સાધુ વાંદવા.

૯. વહોરવા જતાં અથવા સ્થંડિલ જતાં માર્ગમાં સર્વથા કોઇએ ન બોલવું. કદાચિત્ બોલવાનું કાર્ય પડે તો બાજુ પર ઊભા રહીને બોલવું.

૧૦. વસ્તીમાં અણપુંજ્યે ચાલવું નહીં.

૧૧. ઉઘાડે મોઢે બોલવું નહીં તેમજ ક્રિયા કરતાં કે આહાર કરતાં બોલવું નહીં.

૧૨. એષણા શુદ્ધિ યથાશક્તિ કરવી. તેમાં અસમંજસપણું ન કરવું.

૧૩. વાણીમાં બ્રાહ્મણ આદિને ઘેરથી આહાર લેવો, પણ જ્યાં જવાથી દુગંચ્છા થાય ત્યાંથી સર્વથા આહાર ન લેવો.

૧૪. એકલા ગોચરી લેવા સર્વથા ન જવું.

૧૫. બીજું પાણી મળી શકે ત્યાં સુધી કુંડાનું ઘોણ કે જરવાણી ન વહોરવું.

૧૬. ઉપધિ પ્રમુખ પુંજી પડિલેહીને ઊંચે મૂકવી કે લેવી. ઉપકરણ પાત્રાં ઉભય ટંક પડિલેહવાં.

૧૭. વર્ષાકાળે વસતિ ત્રણ વાર પુંજવી. (ત્રણ વાર કાજો લેવો)

૧૮. અવિધિએ વહેરેલો આહાર પરઠવવો પડે તો બીજે દિવસ આચંબિલ કરવું. ઘણી અજયણાવાળી વસ્તુ પરઠવવી પડે તો પાંચ દિવસ સુધી તે વસ્તુ ન લેવી.

૧૯. તળીયા ઉપરાંત પગ ન ધોવાં.

૨૦. વર્ષમાં બે વાર ક્ષાર વિના જયણાપૂર્વક વસ્ત્ર ધોવાં. અકાળે ઉપધિ ધોવે તો તેને (કલ્પ) વસ્ત્રની સંખ્યાએ બે બે નીવી અને ચોળપટ્ટે એક નીવી આપવી.

૨૧. જે વાત કરવાથી પરને દાનનો નિષેધ થાય, પરને અપ્રીતિ ઉપજે, પરની નિંદા થાય એવી વાત ન કરવી. તેવું વચન સર્વથા ન બોલવું.

૨૨. વડાને દેખાડ્યા વિના આહાર ન લેવો.

૨૩. શય્યાતર પૂછીને જ વહોરવા જવું.

૨૪. એકલી સ્ત્રી સાથે એકલાં આલાપ ન કરવો.

૨૫. વસ્ત્ર આધું પાછું બાંધી ન મૂકવું. માર્ગે સુખે નિર્વાહ થાય (ઉપાડી શકાય), બે વાર પડિલેહણ થાય, પલિમંથ ન થાય તેટલું ને તેવું જ રાખવું.

૨૬. સાધુ-સાધ્વી પોતાના કોઈ ઉપકરણ મૂકીને યાત્રાદિ

કરવા જાય તો માસ ૩ સુધી તેની સંભાળ લેવી; નહીં તો પછી બીજાને વાપરવા દેવા.

૨૭. પુસ્તક ગૃહસ્થને ઘેર સીવીને ન મૂકવું. જ્ઞાનદિક વૃદ્ધિને અર્થે છૂટું જ રાખવું કે તેનો બીજા લાભ લઈ શકે. તેના પર મૂર્ચ્છા ન કરવી.

૨૮. કારણ વિના માટીનું ભાજન ન રાખવું.

૨૯. દિવસની બે ઘડી પહેલી ને બે ઘડી પાછલી આહારપાણી આશ્રી જાળવવી. વિશેષ કારણે પણ સૂર્યોદયાસ્ત વેળા જોવી.

૩૦. દિનપ્રત્યે છતી શક્તિએ માર્ગાદિ કારણ વિના એકાશનાદિ તપ કરવો.

૩૧. માસપ્રત્યે પાંચ ઉપવાસ પૂરા કરવા. પાંચ પર્વી વિગય ન લેવી.

૩૨. નિવિમાં તિથિએ નિવિયાતાં ૩ લેવાં.

૩૩. દરરોજ કાંઈક પણ અભિગ્રહ કરવો.

૩૪. અકાળસંજ્ઞાએ (રાત્રે સ્ત્રંડિલ જવું પડે તો) આચંબિલ કરવું.

૩૫. અનાચીર્ણ વસ્તુ ન વહોરવી. શીતકાળ વિના ખજુર, દ્રાક્ષ વિગેરે ન લેવાં. આર્દ્રાં પછી કાચી ખાંડ ન વહોરવી. કુંઆરનાં સેલરાં સર્વથા ન વહોરવાં.

૩૬ ચોમાસાનો છઠ્ઠ ને સંવચ્છરીનો અઠ્ઠમ યથાશક્તિ

કરવા.

૩૭. દિનપ્રત્યે છતી શક્તિએ ૧૦-૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

૩૮. દશવિધ સામાચારી વિશેષ પ્રકારે પાળવો.

૩૯. માસકલ્પાદિ મર્યાદા જાળવવી.

૪૦. ગીતાર્થના કહ્યા વિના જે કોઈ પોતાને છંદે એકલા વિહાર કરે તેની સાથે આહારવ્યવહાર ન કરવો.

૪૧. તપાગચ્છની સમાચારી ઉપર, પંચાંગી ઉપર તથા વીતરાગ પૂજા ઉપર જેને અવિશ્વાસ હોય તેની સાથે સર્વથા વ્યવહાર ન કરવો.

૪૨. વ્યાધિવાળાનું ખરડેલું વસ્ત્ર કોઈને ન આપવું. ગુરૂ આપે તો છૂટ.

૪૩. અટવ્યાદિ કારણ વિના માર્ગાતીત, ક્ષેત્રાતીત, કાળાતીત પાણી વિગેરે ન રાખવું. (ચાલુ માર્ગ વિના લાવેલ, અઢી ગાઉ ઉપરાંતથી લાવેલ અને ત્રણ પહોર વ્યતીત થયેલ આહારપાણી મુનિને કલ્પે નહીં.)

## ૧૪

# મહોપાધ્યાય શ્રી યશોવિજયજી અને અન્ય સંવેગી મુનિવૃંદ કૃત

### સાધુ-સમુદાય મર્યાદાપટ્ટક

સંવેગી સાધુસમુદાય યોગ્યં વ્યવહાર - મર્યાદાના બોલ લિખિયે છીએ : યથા -

૧. **પદસ્થ આચાર્ય, ઉપાધ્યાય વિના નાણેં અંગપૂજા ન કરવી.**

૨. પદસ્થ વિના સોનેરી રૂપેરી સાજનાં ઝરમર ચંદુઆ બંધાવવા નહિ.

૩. જેણે પ્રતિબોધ્યો હોય તેણે શિષ્ય તેહને દેવો, પદસ્થને પૂછીને.

૪. કોઈ શિષ્ય ગુરુથી દુમણો થઈ પર સંઘાડામાંહે જાય તિવારે તેહના ગુરૂની આજ્ઞા વિના તેણે ન સંગ્રહવો અને વડેલહુડે વ્યવહારિં વાંદવો પણ નહિ અને ગુરૂના અવર્ણવાદી પ્રત્યનીકતા કરીને જાય તિવારે વેષ લેઈને કાઢી મૂંકવો.

૫. આચારિયા યોગ વિના વ્યવહારી ગીતાર્થે આહારપાણી આણ્યો ન લેવો, રોગાદિ કારણે જયણા.

૬. સામાન્ય યતિએ અધિક વસ્તુનું પુંઠીયું ન રાખવું, પદસ્થેં પણ યથાયોગ્યપણેં કારણ જાણી ૪ માસ ઉપરાંતે ન રાખવું, પર્વદિને દ્દષ્ટિ પડિલેહણ કરવી.

૭. માસકલ્પ પાલટવો તે જીંહા ગોચરી વસતિ સ્થંડિલ ભૂમિકા પલટાઈ તિમ પાલટવો, રોગાદિક કારણે જયણા.

૮. હાજા પટેલની પોલે નવા ફતાની પોલ મધ્યે કારણ વિના ચોમાસું ન રહેવું, બીજે સ્થાનક પણ ત્રસ જીવાદી વિશેષ હોય તિહાં ન રહેવું.

૯. તથા એક સામાચારીએં, એક માંડલીના, એક પરિણતિને ઘેરે ઉપરાઉપરી ન જવું.

૧૦. તથા સામાન્ય યતિએ સ્ત્રિયાદિકને ઘરે જઈ ભણાવવું નહીં, આલાપસંલાપ ન કરવો, જો અક્ષરાદિક પૂછે તો ઉપાશ્રય મધ્યે કહેવો.

૧૧. તથા સામાન્ય યતિએ ૧૦૦૦ શ્લોકથી અધિક લખાવવું નહિ, તે પિણ લેખકને ઘરે જાવું આવવું નહી, પુસ્તક વેચાતા લેવા આશ્રી પણ ક્રયવિક્રય ગૃહસ્થ હાથે કરવો કરાવવો પણ સ્વયં સંયતેં ન કરવો.

૧૨. તથા વયો વર્ષ ૬૦ દિક્ષાપર્યાય વર્ષ ૨૦ તથા ૧૨ વય વિના એકલે જાવું આવવું, સ્ત્રિયાદિકને ભણાવવું નિષેધ. રોગાદિ કારણે જયણા. ઉપાશ્રય મધ્યે આવ્યાને બોલાવવાની જયણા.

૧૩. તથા થાપના ઘર કલ્પીત હોય તિહાં નિત્યે આહાર અર્થે ન જાવું.

૧૪. તથા પરિણાતીનો (પરજ્ઞાતિનો) સંઘવી થઈ સચિત્તપરિહારિ પ્રમુખ છ'રી પાલતો ન હોય તે સાથે યાત્રાએ ન જાવું, કારણે જયણા.

૧૫. સ્થલ ભંડારનું પુસ્તક પરગામેં લેઈ ન જાવું, કારણેં લેઈ જાય તો ૪ ગૃહસ્થને પૂછીને લેઈ જાવું, વર્ષ ૨ મધ્યે પોહંચાડવું.

૧૬. સામાન્ય યતિએ સ્ત્રીને આલોયણ ન દેવી.

૧૭. તથા વડલહુડાઈ વ્યાવરન વિધિ સાચવવો અને જો કદાચિત્ વ્યાનાદિક ૨૬નો વડેરાને કર્યાની જયણા.

૧૮. પરણાતિ (પરજ્ઞાતિ)માં સમગ્ર ઘર થયા વિના સાધારણાદિ ન લેવું, પર-સમવાયી ગુણાનુરાગેં આવે તો તે સમવાયની સ્થિતિમર્યાદા દાનાદિક છંડાવવું નહિ.

૧૯. તથા જે આવીને ક્રિયાવ્યવહારમાં ભલો તેહને નિઃપરિગ્રહીપણું અને યોગાદિ ક્રિયા સફલ વિધિ મોટા મર્યાદાપટ્ટક પ્રમાણ સાચવતો જાણીએ તો એક માંડલે આહારાદિ વિધિ સાચવવો, અન્યથા તેહને આહારાદિ દેવો પણ તે પાસે અણાવવો નહિ.

૨૦. જિવાર લગેં (જ્યાંસુધી) ગછનાયકનો દિગ્બંધાદિ કરીએ તેણે સંબંધ ટાળ્યો ન હોય તિવાર લગેં (ત્યાંસુધી) તે ગચ્છનાયક મીલ્યે સંજાય માંડલી અને

શય્યા અને પાખિ ખામણાદિક વ્યવહાર સાચવવો અને ક્ષેત્રાદિ ક્ષપણસ્થ વ્યવહાર ગોચરી પ્રમુખ આર્દ્રા નક્ષત્ર પહેલાં જવો ઇત્યાદિ વ્યવહાર સાથેં આદેશ સાચવવો અને ગચ્છનાયક ગામ મધ્યે છતેં પ્રભાતે વ્યાખ્યાન ન માંડવું, કારણે પાછલે પ્રહરે માંડે તો ના નહિં.

૨૧. અને ગચ્છનાયકે ગછસંબંધ ટાળ્યા પછી માંડલી વ્યવહાર નહિ મિલ્યે ફેદાવંદન (ફેંટાવંદન) વ્યવહાર કરવો, લોકસમક્ષ અવર્ણવાદ ન કહેવો, પૂછે તેને કહેવું જે અમ્હોને ભિન્ન કર્યા છે તે માટે અલગા રહીએ છે.

૨૨. તથા પાત્રે બેઠાં આહારાદિકર્યે તથા અકુદિપણેં થંડિલાદિકાર્યે તથા અગાઢ કારણેં એકલાં જવું પણ અન્યથા એકલા જાવું નહિ.

૨૩. તથા સામાન્ય યતિએ વાટેં વોલાવવો (વોળાવો) ન લેવો, વિશેષ કારણેં જયણા. ગૃહસ્થાદિક સાથેં આવીને લીયે તો ના નથી.

૨૪. તથા સંવચ્છરી પડીકમ્યોઇ સંવછરી દાને સ્વસમવાચી પરસમાચી ટાળવો નહિ અને તીર્થંકરની ભક્તિની સ્વગચ્છી પરગચ્છી ન જોવો, ગુણાનુરાગ બંધનેં અંગીકાર કરવો.

૨૫. તથા દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્યની વિશુદ્ધતા જાણીયે તેહનું સાંહમીવચ્છલ લેવૂં, કરાવવું. જ્ઞાતિ વિવાહાદિક તો જિનધર્મની શોભા દિસે તિમ વર્તવું. ગૃહસ્થને એ રીતે પણ તિહાં સાધુએ જાણી અંધલ

સામલ કરી પક્ષપાત ન કરવો.

૨૬. અને કોઈ યતિએ ગૃહસ્થને છંદે પ્રવર્તીને ગછનાયકથી વિપરીતપણે કરી પોતાના પક્ષપાતે ન કરવા અને ગુણાનુરાગે રાગી યથા ગૃહસ્થ તે પણ પોતાનો ધર્મ રહે તે તેહને જણાવવું પણ તેહની વૃત્તિ ભાજે એમ વ્યુદ્ગ્રાહિત ન કરવા.

૨૭. તથા રાત્રે ધર્મજાગરિકાની થાતી હોય તિહાં યતિએ ન રહેવું, ગૃહાંતરે શ્રાવક ધર્મ જાગે તો સાંભલે, ઊદેરી જાવું નહિ અને દિવસે શ્રાવિકા ગીતગાનાદિ કરે તો સાંભલે અને રાત્રે શ્રાવક ધર્મજાગરિકા કરે તો સાંભલે અને માસકલ્પાદિ ગૃહે પાલટતેં પદસ્થાદિકને પણ અવિકાર ધર્મજાગરિકા ગૃહાંતરે કરેં પણ એક વસતિમાં ન કરે અને કોઈ વિશેષ કાર્યે લાભાલાભ દેખીને તો ના નહિ.

૨૮. સમાચારી ગુરુપરંપરાગત શ્રાવકને ઉપધાન વહ્યા વિના માંડલીમધ્યે આદેશ વિશેષ પર્વે ન દેવો, સાહમી-વછલાદિ વિશેષ યોગે ના નહી.

૨૯. સાધ્વી ન કરવી, કદાચિત્ સ્વયંબંધિની હોય તો ૪૦ વર્ષ પછી દેવાની જયણા અને પરગચ્છી આવે તો વડેરાને પૂછીને રાખવી.

૩૦. ગીતાર્થ (થયા) વિના વ્યાખ્યાન ન કરવું. જઘન્યથી સમવાયાંગ સૂત્ર ગમા મેલવી જાણે, સંસ્કૃત ભાષા નિપુણ, શ્રદ્ધાવંત, શુદ્ધ પ્રરૂપક, ભાષા કુશીલ નહિ, સુશીલ, ગચ્છનાયકનો દિગ્બંધી તે ગીતાર્થ વ્યાખ્યાન

કરવાનો અધિકારી. એકલી શ્રાવિકાની પર્ષદા આગલે વ્યાખ્યાન ન કરવું. રોગાદિક કારણે જયણા.

૩૧. વિશેષ કારણ વિના પહેલી ૬ ઘડી દિન પાછલી ૪ ઘડી મધ્યે આહાર ન કરવો. વસતિ બાહિર ન નીકળવું. કારણવિશેષે વડાને પૂછીને જાવાની જયણા.

૩૨. માંડલી વિના વિગયાદિ સરસ આહાર ન કરવો, પારણાદિકને કામે શીતલ ભક્તાદિકની જયણા.

૩૩. ષટ્પર્વીએ વિગય ન લેવી, વિશેષ તપાદિકની જયણા.

૩૪. વસતિ પોતાની નિશ્રાએ ન કરવી અને બીજાને ઉતરવાનો એક સમાચારીતાને બાધ ન કરવો, પાત્રાદિ ધર્મોપકરણ નવદીક્ષિત મનોરથે વેચાતા લિયે પણ પોતાની નિશ્રાએ ન લેવાં.

૩૫. શિષ્યાદિક લેતાં ધનાદિકની સહાય કરવી તે દીક્ષા લીધા પછી તે ગુણવંત થયો જાણી તેહના સંબંધો શ્રાવકને શાસનશોભા માટે ધર્મરુચિ પ્રાણી સહાય કરે પણ યતિએ તેહની ઉદીરણા ન કરવી અને પહેલાં સાહાય દ્રવ્યનું કરાવીને દીક્ષા ન દેવી; નવદીક્ષિત શિષ્યનેં ગૃહસ્થ ગૃહસ્થિણી સાથે આલાપસંલાપ ન કરવો, ગૃહસ્થ ગૃહે ભણવા-ભણાવવાદિકેં જાવાનો પ્રસંગ ન કરવા દેવો.

૩૬. વસ્ત્ર-પાત્રાદિકનો ખપ હોય તિવારેં (ત્યારે) જે પ્રવર્ત્તક હોય તેહને કહેવું, વડલહુડાઇ વસ્ત્ર કરાવવી કલ્પક ૧, કાંબલી ૧, ચોલપટ ૧, સંથારીયું ઉત્તરપટ્ટો ૧, લૂંછણો ૧,

મુહપત્તિ ૨ અને પાત્રાના ઉપગરણ-પાત્રા સામાન્ય યતિને ઢાંકણા સહિત ૫ તથા ૭ પટ્ટ (પદ) સ્થને વિશેષ કામેં અધિકની જયણા. પાત્રાં પણ કાલાં રોગાન વિના રાખવાં. પદસ્થને આહારનું તથા પાણી પીવાનો ચેતનો સફેદ વર્ણ રાખવો.

૩૭. તથા નવદીક્ષિત શિષ્યને વિશેષ જ્ઞાન તથા વેયાવચ્ચાદિ કલા ગુણ નીપના વિના સંસારીયા મધ્યે વિહાર ન કરવો.

૩૮. તથા અવધાદિક દ્રવ્ય એકના ગૃહથી લેઈ સ્વનિશ્રાએ ગૃહાંતરે ન મુકવો.

૩૯. તથા કુણેં (કોઈએ) સ્વસમાચારીના ગીતાર્થ તથા સ્વપરિણતિ સમુદાય મૂકિને અપરમત ગચ્છના યતિ પાસે ભણવા ન જાવું.

૪૦. સાત ક્ષેત્રમાંને નામે દ્રવ્ય જે શ્રાવકે કર્યા હોય તિહાંથી લઈ અપર શ્રાવક પોતાનો મેલાપી હોય તિહાંને ઘેર યતિએ ઉદીરણા કરી મૂકાવવો નહિ, ગૃહસ્થ મલી મૂકે તે વારુ. તીર્થાદિકને કામે વિશેષ કારણેં જયણા.

૪૧. તથા વિધમાન ગચ્છનાયકે સંબંધ ટાલ્યો હોય તોહે પણ અપરગચ્છનાયકને ન આશ્રયા હોય તિહાંલગે (ત્યાંસુધી) ગચ્છ તથા ગીતાર્થની નીશ્રા ન મૂકવી, દિગ્બંધ તેહનો રાખવો અને જો અપરગચ્છનાયક કરે તે પણ પોતાના ગુરવાદિકના અનુયોગ હોય તે પરંપરાનો ગચ્છનાયક પંચ સંમત સૂરિમંત્રના પીઠ સંસ્થાપનયુક્ત

કરીને તેહ નિશ્રા પણ વર્જવી.

૪૨. તથા એક સામાચારીના ગીતાર્થ એક વસતિ મધ્યે હોય તો વડલહુડાઈએ પટીઉં આપવું પણ ગૃહસ્થને પક્ષપાતેં ક્લેશ ઉદીરવો નહી, તેહની આજ્ઞાથી વ્યાખ્યાનાદિકનો વ્યુવહાર સાચવવો.

ઇત્યાદિક મર્યાદાપટ્ટક સર્વસંવેગી સમુદાયેં પાલવા-પલાવવા. વિશેષ બોલ શ્રી જગચંદ્રસૂરિકૃત મોટા પટ્ટાથી જાણવા, તદ્નુસાર શ્રી આણંદવિમલસૂરિપ્રસાદિકૃત ૫૭ બોલ. ભ૦ શ્રીહીરવિજયસૂરિપ્રસાદિકૃત ૩૬ બોલ, ભ૦ શ્રીવિજયદાનસૂરિપ્રસાદિકૃત ૩૫ બોલ એવં ભલી રીતે મર્યાદા પાલવી. અત્ર પં. જયસોમગણીમતં, પં૦ જસવિજયગણિ ગ૦, સત્યવિજય ગ૦, ઋદ્ધિવિમલ ઋ૦, મણિચંદ્ર ઋ૦, વીરવિજય.

## ૧૫

# શ્રી વિજયમાનસૂરિ નિર્દેશિત

## સામાચારી જલ્પપટ્ટક

સંવત ૧૭૪૪ વર્ષે કાર્તિક સુદિ ૧૦ શુક્રેભાશ્રી વિજયમાનસૂરિનિર્દેશાત્ ॥ શ્રી લાવણ્યવિજયગણિભિઃ સમાચારી જલ્પપટ્ટકો લિખ્યતે ।

૧. સુવિહિત સમવાય યોગ્યં ॥ શ્રુત જીત વ્યવહારનેં અનુસારિં તપાગચ્છની સામાચારી સન્માર્ગ છે । જે માટિં વશેષાવશ્યક, પન્નવજી, પ્રશ્નોત્તરસમુચ્ચય, છત્રીસજલ્પાદિકનેં અનુસારિં આજ સુધી તપાગછમાહિ શ્રુત જીત વ્યવહાર વિરૂદ્ધ પ્રરૂપણા નથી પ્રવર્તી અને કોઈએ વિરુદ્ધ પ્રરુપણા કરી વિચારીં તેહનેં તે સમવાયના આચાર્યોપાધ્યાયાદિક ગીતાર્થ મિલા સર્વસુવિહિતસંમતિં ઉત્સૂત્ર પ્રરૂપણા દોષ નિવારિઓ તે સમંધ પ્રસિદ્ધ છેં માટિ તપાગછ સુવિહિત સદ્દેહેવો.

૨. તથા ગચ્છાચારવૃત્તિ, નિશીથચૂર્ણિકલ્પભાષ્યાદિકને અનુસારિ જઘન્યથી નિશીથ પર્યન્ત શાસ્ત્રના કોવિદ થઈ માયામૃષાવાદ છાંડી નિઃશલ્યપણેં પ્રવચન માર્ગ કહે, તે માટિં તપાગચ્છની વર્તમાન પદસ્થ ગીતાર્થ પિણ સુવિહિત સદ્દેહવો.

૩. તથા કલ્પભાષ્ય, ઉત્તરાધ્યયન, ઠાણાંગ, દશવેકાલિક,

ઉપદેશમાલા, પંચાશકાદિકને અનુસારિ સુવિહિત પદસ્થની આજ્ઞા લોપી ગચ્છથી જુદા થઇ સ્વેચ્છાઇં ટોલી કરી પ્રવર્તે અને સુવિહિતગચ્છનાં ગીતાર્થ ઉપરિ મત્સર રાખે, લોક આગિ છતા અછતા દોષ દેખાડેં એહવા પૂર્વોક્ત શ્રુતેં રરિત દ્રવ્યલિંગી તે માર્ગનુસારી ન કહિઇ તો ગીતાર્થ કિમ સદ્દહિઇ.

૪. તથા ઠાણાંગ, ઉત્તરાધ્યયનાદિક શ્રુતવ્યવહાર, શ્રી આણંદવિમલસૂરિ પ્રસાદિત સમાચારીજલ્પાદિક જીતવ્યવહારનેં અનુસારિ સુવિહિતગચ્છને સહવાસે વર્તમાનગચ્છનાયકની આજ્ઞાઇં યોગ વહી...... દિગ્બંધ પ્રવર્ત્તિતે પ્રમાણ.

૫. નિશીથ, નંદિચૂર્ણિ, આવશ્યકનિર્યુક્તિ અનુસારિ ઋદ્ધિગારવનેં વશિં તથાવિધ પદસ્થગીતાર્થની આજ્ઞા લોપી પૂર્વોક્તવિધિ વિના યોગ વહી સભા સમક્ષ આચારાંગાદિક વાંચે તે અરિહંતાદિકનો, દ્વાદશાંગીનો પ્રત્યનીક યથાછંદો કહિઇં જે માટિ તીર્થંકર અદત્ત ગુરૂઅદત્તાદિકનો દોષ ઘણાં સંભવે છે.

૬. શ્રુતવ્યવહારઇં પૂર્વોકત જીતવ્યવહારઇં વર્તમાન ગચ્છનાયકની આજ્ઞા વિના ગીતાર્થે પિણ ભવ્યને દીક્ષા ન દેવી. કદાચિત્ ગચ્છાચાર્ય દેશાંતરઇં હોઇ તો વેષપાલટો કરાવી ચાર અની તુલના કરાવવા પિણ યોગપૂર્વક સિદ્ધાન્ત ન ભણાવવો.

૭. તથા આચારદિનકર, પ્રશ્નોત્તરસમુચ્ચયાદિકનઇં

અનુસાર હૈમવ્યાકરણ, દ્વચાશ્રયાદિકસાહિત્ય, ઉત્તરાધ્યયનાદિ સિદ્ધાન્ત ભણાવવા. અસમર્થ એહવા પન્યાસ-ગણેશ બે ઉપરાંત શિષ્ય નિશ્રાઇં ન રાખઇં. આચાર્ય પિણ અધિકની આજ્ઞા નાપેં. તપાગછમાંહિ આચાર્યનીજ દીક્ષા હોઇં અને સુવિહિત ગછાંતરે આચાર્યાદિક પાંચમાહિ એકની દીક્ષા હોઇ. શ્રુતવ્યવહારિં તો ગીતાર્થનેજ દીક્ષાની અનુજ્ઞા છે.

૮. તથા શ્રીસોમસુંદરપ્રસાદિતજલ્પનેં એ અનુસારિ તથા મહાનિશીથ, આચારાંગાદિકનેં અનુસારિ અગીતાર્થ સંયતવિશેષ ગુણવંતા ગછને અયોગિ શિથલ સુવિહિત ગછની આજ્ઞાદિ સ્વેછાઇં પ્રવર્ત્તે તે સમાચારીના પ્રત્યનીક જાણિવા.

૯. ઉપદેશમાલા, દશાશ્રુતસ્કંધ, નિશીથભાષ્ય, જ્ઞાતાદિકનેં અનુસારિં ગુરૂની આજ્ઞાઇં ચોમાસું રહે, વિહારાદિક કરે અન્યથા સામાચારી માથા સૂની માટિ ગુરૂ અદત્તાદિક દોષ સંભવે, જે માટિં વ્યવહારભાષ્યાદિકને અનુસારિં સ્વદેશાનુગત-વાણિજ્યાદિક કર્મ સાક્ષિરાજાની પરિ પંચાચારનો સાક્ષિ સદાચાર્ય છઇં. અત એવ છ માસ ઉપરાંત આચાર્યશૂન્યગછની મર્યાદા અપ્રમાણ થાય એહવો વૃદ્ધવાદ સંભલાઇ છે.

૧૦. કલ્પભાષ્ય, દશવૈકાલિક, ભગવતી, પંચાશક, ગછાચારપઇન્નાદિકને અનુસારિ સ્વતઃ પરતઃ શુદ્ધ પ્રરૂપક તે સદ્દગુરૂ જાણિવો.

૧૧. આવશ્યક નિર્યુક્તિનેં અનુસારિં સુવિહિત વૃદ્ધ ગીતાર્થને ચોર્ગિં પાક્ખી-ચોમાસી-સંવત્સરીખામણાં કરવાંજ. અન્યથા સામાન્ય શુદ્ધિ ન થાઇ. પડિકમણું પિણ અપ્રમાણ થાઈ. જે માટિ વ્યવહાર-સૂત્રાદિકનેં અનુસારિ આચાર્યાદિકને અયોગિ સ્થાપનાચાર્ય આગળ આલોચના પ્રમાણ હોઈ.

૧૨. અષ્ટકવૃત્તિ, વિશેષાવશ્યકભાષ્યદિકને અનુસારિં વર્ત્તમાન પંચાચાર્યમાહિ થાપનાચાર્યને વિષે મુખ્યવૃત્તિં ગછાચાર્યની સ્થાપના સંભવિઇ છઇ. પછે ગીતાર્થ કહે તે પ્રમાણ.

૧૩. શ્રી સોમસુંદરસૂરિપ્રસાદિતસમાચારીકુલકને અનુસારિ તપાગછીય સુવિહિતસાધુએ ૪૬ (૩૬?) નિયમ ગીતાર્થ શાખિં પડવજવા.

૧૪. શ્રુતવ્યવહારઇં જીતવ્યવહારઇ લિહા પાસિં સંયતેં ઉત્સર્ગથી પુસ્તક લિખાવવું નહીં. કારણેં લિખાવેં તો શ્રીસોમસુંદરસૂરિ - શ્રી હીરવિજયપ્રસાદિતજલ્પનેં અનુસારિં ૫૦૦ અથવા ૧૦૦૦ ગાથા લગઇં ગુરૂ આદિક આજ્ઞાઇં. અન્યથા ગુરૂગચ્છનિશ્રિત થાઇં તે પુસ્તક ગુર્વાદિકની આજ્ઞા વિના વાંચવું ભણવું ન કલ્પેં.

૧૫. શ્રુત-જીત અગીતાર્થ સંયત પુસ્તક ક્રય વિક્રે ન લ્યેં. કારણિ લેવું પડે તો ગુરૂની આજ્ઞાઇં ગૃહસ્થ પાસિ લેવરાવે.

૧૬. તથા શ્રુતવ્ય૦ ગુરૂની આજ્ઞાવિના અગીતાર્થ અપવાદ

સેવે નહીં.

૧૭. જીતકલ્પાદિકનેં અનુસાર ઋણ આપી વિશુદ્ધ ન થાઇ તિહાં સૂધી દેવાધિ દ્રવ્ય ભક્ષક સાથિ... આહારાદિક પરિચય ધર્માર્થી સાધુઇં શ્રાવકેં ન કરવો, અનેં તે દોષની વિપરિત (થા)પના ન કરવી.

૧૮. આવશ્યકભાષ્યાદિકનેં અનુસારિ પોતાની ટોલીના ગૃહસ્થોને... આવર્જવા નિમિત્તે પૂર્વોક્ત દોષ સેવી જે ગીતાર્થ શાખિ આલોચણા ન લ્યે, આપ સુદ્ધ પરૂપક કરી માને તે ભૂમીગત મિથ્યાત્વી જાણિવા. તેહનું ઉ... દર્શન ન કરવું.

૧૯. ઉપદેશમાલા, સુયગડાંગવૃત્તિ, છત્રીસજલ્પ તથા ઉ. શ્રી યશોવિજય ગ. પ્રસાદિત શ્રદ્ધાનજલ્પનેં અનુસારિ મત્સરિ સુવિહિતગછની આજ્ઞા નિરપક્ષ્યથકા સુદ્ધ સામાચારી વિઘટાવી જે ઇહલોકાનુરોધિ અજ્ઞાનકષ્ટ કરી તે માયામૃષાવાદી સદ્દેહવા.

૨૦. તથા શ્રી હીરપ્રસાદિતસામાચારીજલ્પાનુંસારી નગરની નિશ્રાઇં ૨ માસકલ્પ ઉપરાંત ગુરૂની આજ્ઞાવિના રહેવું ન કલ્પે. કલ્પભાષ્ય, શ્રી જગચ્ચન્દ્રસૂરિપ્રસાદિત-સામાચારી જલ્પાનુસારિ લોક આગલિ સુવિહિતગછનાં ગુણ ઢાંકી દોષ પ્રકાસી લોકને વ્યુદ્ગ્રહસહિત કરી વંદનપૂજનાદિક વ્યવહાર ટલાવે તે શાસનોચ્છેદક સદ્દેહવા.

૨૧. નિશીથચૂર્ણ્યાદિકને અનુસારિ અગીતાર્થ સાધુ ગુરૂની

આજ્ઞા વિના નિત્ય વખાણ કરે. નિઃશૂક થઇ ગૃહસ્થ આગિ સિદ્ધાંત વાંચે તે સંયમ શ્રેણિ બાહ્ય પાસત્થા જાણવા.

૨૨. આવશ્યકનિર્યુક્તિ, દશવૈ. દશાશ્રુતસ્કંધાદિકને અનુસારિ સાંભોગિક પદસ્થનેં યોગિ નિમંત્રણા વિના જે નિત્યેં આહારાદિક કરે તેહનાં નોકારસી પ્રમુખ પચ્ચકખાણ તથા મહાવ્રત લોપાઇ. ગુરૂ અદત્તાહારાદિક માટિ.

૨૩. સમાચારી ગ્રંથને અનુસારિ ગણેશ સાધુઇં ગુરૂની આજ્ઞા વિના ઉપધાન વહેરાવે નહીં, પ્રતોચ્ચાર કરાવે નહીં, માલ પહેરાવેં નહીં, વાંદણાં દેવરાવે નહીં, પોસહ પ્રમુખના આદેશ નાપે. સ્વેચ્છાઇ એતલાવાનાં કરાવે તે ગીતાર્થનો પ્રત્યનીક થાય. ગુરૂની ભક્તિભંગાશાતના સંભવે માટિ બીજું એહ વિધિ પિણ ગીતાર્થ ગમ્ય છે. પંચાશકને અનુસારિ એહવા માઇમૃષાવાદીનેં સાધુ સુદ્ધપ્રરૂપક સદ્દહીં વિનયાદિક કરે, તેહને પિણ માઠાં ફલ સંભવે.

૨૪. પંચાંગીને અનુસારિં ખોટાં આલંબન લેઇ કદાગ્રહથી સામાચારી વિઘટાવે તે અવકર ચંપકમાલા સરિખા જાણિવા. જિમ સમદષ્ટિએ બોલ વિચારી આરાધક થાઇ તિમ આત્મા સુવિહિતેં કરવો.

૨૫. તથા સુવિ. ગછનાયકેં ગણબહિઃકૃત સંયતના શિષ્યનેં પિણ ગછવાસી પદસ્થ ઉપસ્થાપનાપૂર્વક દિગ્બંધ

આચાર્યાદિકની સંમર્તિ જ કરે. અન્યથા તો પૂર્વોક્ત ૪ શ્રુતજીત વ્ય.ને અનુસારિ સ્વપર ગછનો દિગ્‌બંધ સર્વથા ન ઘટઈ છે. ઈમ ગણબહિઃ કૃતસંજતને ગછવાસી પદસ્થ સ્વનિશ્રાઈં કહિ છે તેહને ગુરૂકુલવાસ સ્વપ્ન ગત રાજ્યલાભ વત્‌ પ્રમાણ નહીં .

૨૬. શ્રુ૦જી૦ લોકરૂઢિં સુવિહિતગછવ્યવહારિ પ્રવર્ત્તતા સગોત્રીય આચાર્યની શાખિં વિના આચાર્યાદિક પદ પ્રમાણ નહીં.

## १६

# ભટ્ટારક શ્રી ક્ષમાસૂરિ-પ્રસાદીકૃત

## યતિમર્યાદા-પટ્ટક

ભટ્ટારક શ્રીવિજયપ્રભસૂરીશ્વર - પટ્ટાલંકાર ભ. શ્રીવિજયરત્ન-સૂરીશ્વર-ગુરૂભ્યો નમઃ।। સંવત ૧૭૭૩ વર્ષે મહાશુદિ ૬ ચન્દ્રવાસરે ભ. શ્રીવિજયક્ષમાસૂરીશ્વર યતિમર્યાદાપટ્ટકો લિખ્યતે। સમસ્ત સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા સમુદાય યોગ્યં। અપરં ચ આજના સમયાનુસારે અમ્હારે પાલવા યોગ્ય હોઈ તે અમ્હેં પાલું અને સમસ્ત સાધુ સાધ્વીઈં પણ અમ્હારા કહ્યા થકી પાલવા અને સમસ્ત શ્રાવક શ્રાવિકાઈં પણિ અમ્હારા કહ્યા થકી પાલવા અને સમસ્ત શ્રાવક શ્રાવિકાઈં પણિ સમસ્ત સાધુ પાસૈ પલાવિવા. ગચ્છ નાયકની આજ્ઞા થકી અને ગૃહસ્થ આજ્ઞા પલવે તિવારે ગૃહસ્થેં પણિ યતિઓની સઘલી બાતેં ખબરેં લેવી । પ્રથમ તો અમ્હેં અમ્હારી રીતિ સ્થિતિ લિખિયે છે.

૧. નિત્યપ્રત્યેં એકાસણું કરવું. કારણ વિશેષે ઔષધ વેષધાદિકની જયણા.

૨. બેસણે કાંબલી ४, ત. ૫, કલ્પક ૫, ત૦ ૭ ઉપરિ એ રીતે બેસણું મંડાવવું. પૂઠે પૂઠીયાં મૂંકિવા પણિ રૂના તકીયા ન માંડવા.

૩. પીંછીયે પૂંઠે માંખી ઉડાડવી પણ ચામર નહીં ।

૪. અમ્હે અમ્હારૈ ભાર ઊપાડવાને પોટલીયા કરવા પણિ પોટલીયા શકટ નહીં, કારણ વિશેષે જયણા. ગૃહસ્થોને જયણા. ગૃહસ્થોને દ્રવ્યાદિકના ઉગાર માટે.

૫. સાત માંડલી સાંચવવી. સંધ્યાઈ પ્રતિક્રમણ કરીને સાત શાંતિકરા, સાત ઘંટાકરણ ગણવા ઉભા રહીને. બીજા યતિઓ પાસૈ પણ શાંતિકરા, નમિઊણ સાત ગણવા. તિહાં સૂધી સર્વ ગીતાર્થ પણિ ઊભા રહે. પોરિસિ ભણાવ્યા પછી સર્વ સાધુ આપ આપણે ઠિકાણે જાઈ. એતો અમ્હારે પાલિવાની સ્થિતિ લિખી. હિવે બીજા સાધુને પાલવાની સ્થિતિ લિખિયે છે।

૬. બીજા સાધુને સજઝાય કીધા વિના સ્થંડિલ ભૂમિકાઈ જાવા ન દેવા; કદાપિ જરૂર બાધા હુઈ તો તેણેં આજ્ઞા માંગીને જાવું. પછૈ આવી શ્રીજીહજૂર કને પાંચ નોકરવાળી ઊભા રહીને ગણવી શિષ્યાદિકેં, ગીતાર્થ બેસીને ગણે.

૭. વરસ દિવસના બે લોચ કરાવવા સર્વ યતીયેં.

૮. શેષે કાલેં સર્વ ગીતાર્થે માસ કલ્પનો વ્યવહાર સાંચવવો.

૯. ચૌમાસી, મૌનએકાદશી સૂધી રહે, શ્રાવકના આગ્રહ થકી ફાગુણ સૂધી રહૈ. પછી વડ લોહડાઈયેં પાટીયે ગીતાર્થ બેસે.

૧૦. કેટલાઇક ગીતાર્થ નગરપિંડોલીયા દેશપિંડોલીયા થઈ રહ્યા છે તે સર્વ યતીઓને દેશ પરાવર્ત્તન કરવા, ત્રણ્ય તથા સાત વરસ દેશમાંહિ રાખવા, પછે વલી દેશ

પરાવર્તન કરવા. કૌંણ સંવેગીને કૌંણ ગચ્છવાસીને ગીતાર્થ સઘલાયેને દેશ પરાવર્ત્ત અબલ દ્રૂમસીમ એ રીતે ક્ષેત્રાદેશ દેવા. જિબારે દેશ પરાવર્ત્ત કરીયે તિવારે અબલદ્રૂમ આપવો. સહિર આપવો.

૧૧. થાનવાસૂને આજ્ઞા : વૃદ્ધ હુઇ - વિહાર સક્તિ હુઇ નહીં તેહને આજ્ઞા થાનવાસૂની આપવી, જુબાનને નહીં. ગીતાર્થની સેવાને અર્થી એક શિષ્ય પાસે રહે.

૧૨. આદેશ-નિર્દેશ જેહવો ગીતાર્થ હુઇ તેહને તેહવો આપવો, ઠાણા પ્રમાણે આપવો.

૧૩. દેશ દેશની ભલામણ પદસ્થ ગીતાર્થને દેવી, પણિ લાંછોડિયાને ન દેવી.

૧૪. વડી દીક્ષા થયા વિના, યોગ વહ્યા વિના પદ પદાદિક ન દેવા.

૧૫. યતિયેં આંક પ્રમુખ છોકરા ન ભણાવવા, ધર્મક્રિયા ભણાવવી. ટીપણા ન લિખવા, ન વેચવા, વ્યાજવટો ન કરવી, ખેતીવાડીનો વ્યવહાર ન રાખવો.

૧૬. યતીયેં ઉષ્ણવારિનો વ્યવહાર કરવો, પણિહારી પ્રમુખના હાથે અણાવવું નહીં.

૧૭. ગૃહસ્થેં પણ ઔષધ, વેષધ, વસ્ત્ર, પાત્ર, પુસ્તક, નૌકરવાલી, જ્ઞાન, ઉપગરણ, લેપ, તેલ, ભાંડું, બૌલાવું, પોટલીયા, પ્રમુખ એતલી વસ્તુઇ ગૃહસ્થ ખબર લે, તે યતી અવ્યવહાર ચાલે તો ગૃહસ્થેં સુખેં સીખામણ દેવી, ન માને તો અમને ખબર લિખવી. એ વાતની

ગચ્છનાયક સીખામણ દ્યે. ગૃહસ્થેં પિણ તિમજ વર્ત્તવું.

૧૮. ચેલા કરવા તે સુજાતિ વાણિયા બ્રાહ્મણ વિના અન્ય જાતિ ન કરવા, અને કરસ્યે તો ગચ્છનાયકની આકરી રીસ થાસ્યૈ.

૧૯. સાધુ સાધવી એકત્ર ન રહે, આપ આપણે ઠિકાણે રહે.

૨૦. સાધુ સાધવી ન ભણાવે, શિક્ષા પ્રમુખ ન દેવે, સાધવીના સાથે બોલિવાનો ઘણો પરિચય ન રાખવો.

૨૧. શરીર વિશેષે અથવા ગરઢા વૃદ્ધ હુઈ તેહને સાધવીને ભણાવવાદિકની છૂટ છે, પણિ તેનો ઘણો આવ જાવ કામનું નહીં.

૨૨. ગચ્છનાયકની ચીઠી વિના ચેલાને દીક્ષા ન દેવી.

૨૩. એક દીકરાની અથવા બે દીકરાની માને તે પણ ચાલીસ વરસની હુઈ તેહને ગચ્છનાયકની આજ્ઞા માંગીને દીક્ષા દેવી.

૨૪. દરદરબારાદિકેં શ્રાવકની આજ્ઞાઈં તથા ગચ્છનાયકના કામેં દરદરબારે જાવું. એ નિયમ સર્વને પાલિવા, પલાવિવા, ન પાલસૈ તેહને ગચ્છનાયકનો ઠપકો મિલસ્યે, સજા થાસ્યે. ઇતિ ચોવીસ બોલ. ગચ્છનાયકની આજ્ઞાથી પં. ભીમવિજય લિખ્યા. તે સ્વપરાર્થે કલ્યાણકર થાઓ. સંવત્ ૧૭૭૩ વર્ષે માઘસુદિ ૬ દીવબંદરે ।

ૐ નત્વા ભ૦ શ્રીવિજયરત્નસૂરિશ્વરગુરુભ્યો નમઃ ।

સં. ૧૭૭૪ વર્ષે ભ૦ શ્રીવિજયક્ષમાસૂરિભિર્જ્યેષ્ઠ-સ્થિત્યાદેશપટ્ટકો લિખ્યતે શ્રીસોરઠદેશે ।

પં । ભીમવિજય । પં । સુખવિજયગણિ । દીવ ૧;

પં । લક્ષ્મીવિજય ગ । પં । હર્ષસાગર ઘોઘા ૧

પં । દેવ કુશલ ગ । પં । રવિસાગર જૂનોગઢ । ૧

પં । રૂપકુશલ ગ । પં । પં । હીરકુશલ ગ । રાણાપુર । ૧

પં । હિતકુશલ ગ । પં । લબ્ધિસાગર મહુઆ ૧, દાઠા ૨

પં । વૃદ્ધિકુશલ ગ । પં । ગજસાગર પુરબંદિર ૧

પં । લક્ષ્મીવિજય ગ । પં । લબ્ધિસાગર માંગરોલ ૧

પં । જીતવિજય ગ । પં । પ્રેમસાગર દેવકુંપાટણ ૧

પં । અમૃતકુશલ ગ । પં । રૂપસાગર ધોરાજી ૧

પં । જયસુન્દર ગ । પં । મહિમાસાગર દીવમધ્યે થાનવાસૂ;

પં । હમીરરૂચિ ગ । પં । દાનરૂચિ ગ । ધારૂકું ૧, વરતેજ ૨

પં । પ્રેમવિજય ગ । પં । રંગવિજય । પં । રામસાગર વાંકાનેર ૧

પં । કનકરૂચિ । પં । રવિસાગર ષીરસરૂં ૧

પં । કલ્યાણસુન્દર ગ । પં । મહિમાસાગર ગૂર્જરદેશે

પં । રૂપવિમલ ગ । પં । કાંતિવિમલ રાજનગર ૧

પં । શાંતિકુશલ । પં । દાનસાગર તુંબડિયું ૧

પં । ગંગરુચિ । પં । પદમસાગર કાસવપરૂં ૧

પં । ચન્દ્રકુશલ ગ । પં । આણંદસાગર ખેમાલાઉં ૧

પં । સદારૂચિ ગ । પં । નિત્યસાગર ભાંણવડ ૧

પં । મહિમાકુશલ પં । હંસકુશલ વેલાવલ ૧

પં । પ્રીતિચન્દ્ર ગ । પં । નિત્યરૂચિ વણથલી ૧, મઝેવડી ૨

પં । પ્રેમરૂચિ ગ । પં । વિજયસાગર કંડોલણું ૧

પં । રામવિજય । ઋષિભાવસાગર ઊના ૧

પં । હેમસાગર ગ । ઋષીલાભસાગર પાલીતાણું ૧

પં । જગસાગર । ઋષી ઋષભસાગર પં । દયાલસાગર ઘલૌર ૧

પં । શુભસાગર ચૌક ૧

પં । કીર્તિરૂચિ પં । મુક્તિસાગર ઘેટી ૧

ક્ષેત્રાદેશપટ્ટકઃ શ્રીસોરઠદેશે સંવત્ ૧૭૭૪ વર્ષે । અત્રોદ્ધરિતક્ષેત્રાદિસત્યાપના પં । દેવકુશલગણિભિર્વિધેયઃ । સમસ્ત સમુદોયયોગ્યં અપરં પટ્ટા પ્રમાણેં સહૂ આદેશે પહુંચીયો મર્યાદાપટ્ટક મુંક્યો છે તે પ્રમાણે પ્રવર્ત્તજો । જે અણવિચાર્યો ચાલસ્યે તે ઉપાલંભ પામસ્યે । બીજું ગૃહસ્થ સંઘાતેં ચઢી બોલવું નહીં, ગૃહસ્થોનું મન ઠાંમ રાષવું, લોકિક વ્યવહાર વિશેષે રાખવું । ચોમાસા માંહી કિહાંઇ જાવું આવવું નહીં, સમઝી સાવધાન પ્રવર્ત્તવું ।

**૧૭**

# પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરિ મહારાજ લિખિત

## સમુદાયનું બંધારણ

**णामोत्थु णं समणस्स, भगवओ महावीरस्स,**
**अनन्तलब्धिनिधानाय, श्री गौतमस्वामिने नमः**

પૂ. સિદ્ધાન્ત મહોદધિ ગચ્છાધિપતિ આરાધ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તરફથી - શ્રી સંઘ જોગ ધર્મલાભ સાથે જણાવવાનું કે આ સાથે અમારા સમુદાયના બંધારણની નકલ મોકલી છે. જેનું પાલન કરવામાં અમારા સમુદાયના મુનિવરોને તમો સર્વ પ્રકારે સહાયભૂત થશો. એવી અપેક્ષા રાખવામાં આવે છે.

દા. વિજયરામચંદ્ર સૂરિના ધર્મલાભ

**સમુદાયના શ્રમણોને પાળવા માટે જાહેર કરેલું બંધારણ.**

૧. સામાન્ય સંયોગોમાં સાધ્વીજી તથા શ્રાવિકાઓએ વ્યાખ્યાનના સમય સિવાય સાધુની વસ્તિમાં આવવું નહીં. એ માટે વ્યાખ્યાનાદિ સમયે નિષેધ કરવો અને શક્ય પ્રબંધ કરાવવો.

અસાધારણ સંયોગોમાં દા.ત., બહાર ગામથી કોઇ આવ્યા હોય અથવા આપણે નવા ગયા હોઈએ અને ત્યાં

કોઇ આવે તો એકાદ દિવસ વંદન પૂરતા આવી જાય તો રોકવા નહિ. જોગની ક્રિયાઓમાં પણ સાદ્વીજીએ બનતા સુધી શ્રાવિકાને લઈને આવવું તેમજ શ્રાવિકાએ ઉપધાનની ક્રિયા પ્રસંગે પુરૂષને સાથે લઈને આવવું. સાધુની અકસ્માત બિમારી સમયે નિષેધ કરવો નહિ.

૨. સાધ્વીજી પાસે સાધુઓએ કાંઈપણ કામ કરાવવું નહિ અને સાધુઓએ પોતાના કામ દા.ત., પાતરા રંગવા, સાંધવા વગેરે શીખી લેવા, જ્યાં સુધી ન શિખાય ત્યાં સુધી ઓઘા, ઠવણી જેવા અશક્ય કામો મુખ્ય સ્પર્ધક પતિએ સ્થાનિક પ્રૌઢ શ્રાવક દ્વારા સાધ્વીઓ પાસે કરાવી લેવાં, પણ સાધુઓએ સાધ્વીના સંપર્કમાં આવવું નહીં.

૩. સાધ્વીજીનું કાંઇ કામ હોય તો તેં સીધું સાધુ ને ન કહે. પરંતુ પ્રૌઢ શ્રાવિકા અને શ્રાવક દ્વારા મુખ્ય સાધુને કહેવડાવે. એ પદ્ધતિ જાળવવી, કાંઇ તાત્કાલિક કાર્ય આવી પડ્યું હોય તો પૂછી લેવાય.

૪. સાધુએ જોઈતી વસ્તુ માટે ટૂકડીના વડીલને કહેવું અને વડીલ તેની સગવડ કરી આપે.

૫. સામાન્ય સંયોગોમાં ૧૫ દિવસ પહેલાં કાંપ કાઢવો નહિ. સિવાય લુણાં, ઝોળી, ખોબિયું જેવા કપડાં.

૬. રેશમી કામળી, દસી, મુહપત્તિ વિ. વાપરવાં નહીં.

૭. દેશના વ્યવહારપ્રધાન આપવી અને વ્યવહારમાં પ્રાણ પૂરવા માટે ભાવ સમજાવવો.

૮. એક સ્પર્ધક પતિની ટૂકડીનો સાધુ બીજા સ્પર્ધકપતિની ટુકડીમાં ગચ્છાધિપતિની તથા જેની નિશ્રામાં હોય તેની આજ્ઞા સિવાય રહી શકે નહીં.

૯. માઈકમાં બોલવું નહિ.

૧૦. ફોટા પડાવવા નહિ.

૧૧. પોતાનું કે પોતાના વડીલના નામનું જ્ઞાનમંદિર પોતે ઉભું કરવું નહીં. તેમજ શ્રાવકો દ્વારા ઉભા કરાતા જ્ઞાન મંદિર આદિમાં પોતાનું વર્ચસ્વ રાખવું નહિ.

ઉપરની કલમો અંગે જોઈને કાંઈ પૂછવું હોય તેમણે ગચ્છાધિપતિને પૂછી લેવું.

શ્રી વિજયદાન સૂરિ જ્ઞાન મંદિર,
કાલુપુર
અમદાવાદ

સં.૨૦૧૮, ચૈત્ર વદ-૫,
બુધવાર, તા. ૨૫-૪-૬૨
સમય : બપોરે ૩ વાગે

## ૧૮

# પૂ.પં.શ્રી ચન્દ્રશેખર વિ. મહારાજની બાવન કલમો

૧. નવકારશીમાં મીષ્ટ, ફ્રુટ ના લાવવા.

૨. બંને સમય ઉભાં પ્રતિક્રમણ કરવું.

૩. સાંજનું પ્રતિક્રમણ માંડલીમાં કરવું.

૪. ભોજનાદિ માંડલીમાં યથાસ્થાને બેસવું.

૫. પ્યાલા બરોબર લૂછીને મુકવા.

૬. વાડામાં પહેલા અને પછી રખ્યા નાખવી.

૭. વિહારમાં માણસને ઉપાડવા ન આપવું.

૮. કાપની દોરી સાંજે અવશ્ય છોડવી.

૯. સૂર્યાસ્ત થતાં પહેલાં પાણીમાં ચૂનો નાંખવો.

૧૦. પૂછ્યા વિના ગોચરી પાણી લાવવા નહીં, વાપરવા નહીં.

૧૧. પૂછ્યા વિના નાનામાં નાની વસ્તુ પણ ન મંગાવવી.

૧૨. પૂછ્યા વિના કોઈ પણ આધાકર્મીની સૂચના ન કરવી.

૧૩. પૈસાની વાત કોઈને કદી ન કરવી.

૧૪. માંડલીનું કામ વ્યવસ્થિતપણે કરવું.

૧૫. છ આવશ્યક કે પડી લેહણની ક્રિયામાં ન બોલવું.

૧૬. એંઠા મોઢે ન બોલવું.

૧૭. સાંજે ચકાર ન લાવવી.

૧૮. વડીલની રજા વિના વાસક્ષેપ ન નાંખવો.

૧૯. બે વખત ઓઘો બાંધવો.

૨૦. રાત્રે દંડાસન વિના ન ચાલવું.

૨૧. ઉજઈમાં કામળી વિના ફરવું કે વાંચવું નહિ.

૨૨. રજા વિના ઘડીયાળ ન રાખવું.

૨૩. વિહારમાં લાંબીદોરી, ચૂનો, પ્યાલો, ઘડો પાતરાની જોડ, સુપડી, લુંછણીચું સાથે રાખવા.

૨૪. રાત્રે પ્રતિક્રમણ બાદ મૌન રાખવું તથા જાપ વગેરે કરવો.

૨૫. વડીલની રજા વિના બેનો સાથે વાત ન કરવી કે બેસવું નહીં.

૨૬. કાળના સમયે કપડો કામળી નાંખ્યાપૂર્વક આખી ખોલીને વ્યવસ્થિત ઓઢવી. ઉતાર્યા બાદ ૧૦ મિનિટ પછી સંકેલવી.

૨૭. પુસ્તકનું પાકીટ સાદું જ રાખવું.

૨૮. ચશ્માની ફ્રેમ સાદી રાખવી.

૨૯. બ્લેંકેટનો પાથરવા ઉપયોગ ન કરવો.

૩૦. વડીલનું એકવાર પણ પડીલેહણ કરવું.

૩૧. અષ્ટપ્રવચનમાતાનો યથાશક્તિ ઉપયોગ રાખવો.

૩૨. ૩ તિથી ઉપવાસ - ૨ તિથી આંબેલ કરવા.

૩૩. નિષ્કારણે ૩ વાગે ચકારાદિ ન વાપરવાં.

૩૪. પારીઠાવણીઆની ના ન પાડવી.

૩૫. દિવસે પાંગરણી ઓઢીને બેસવું.

૩૬. રેશમી જેવી કામળી, આસન ન વાપરવાં.

૩૭. રેશમી ઓઘારીઆ ન વાપરવાં.

૩૮. ફોટા ન પડાવવા.

૩૯. ઓચ્છવાદિનો આગ્રહ ન રાખવો.

૪૦. હાથ, પગપર પાણી ન રેડવું, મોં ન ધોવું.

૪૧. છાપાં, સાપ્તાહિકો ન વાંચવા.

૪૨. રત્નાધિકનો વિનય સાચવવો.

૪૩. પૂછ્યા વગર કથાનું પુસ્તક ન વાંચવું.

૪૪. વિદ્યાગુરૂનો વિશિષ્ટ વિનય કરવો.

૪૫. સો ડગલામાં દેરાસર હોય તો સાંજે દર્શન કરવા.

૪૬. સાંજે વાડા, માત્રુ પરઠવવાની વસ્તી જોવી.

૪૭. વડીલની રજા વગર માંડલીમાં વહેંચવું નહીં.

૪૮. વડીલે વાપર્યા પહેલા વાપરવા ન બેસવું.

૪૯. વસ્ત્ર પાત્રની ઉપધિ ભેગી કરીને જ ૨ ટાઇમ પડીલેહણ કરવું.

૫૦. ૧૫ દિવસ પૂર્વે અળધો કાપ તથા ૩૦ દિવસ પૂર્વે આખો કાપ કાઢવો નહીં.

૫૧. વડીલને ૨ વાર તેમજ બીજાને ૧ વાર વંદન કરવું.

૫૨. સ્પર્ધકપતિની હાર્દિક રજા વિના કોઇપણ ગ્રુપમાં ન જોડાવું.

## પરિશિષ્ટ-૧
## સાધુમર્યાદાપટ્ટકસંગ્રહ અંતર્ગત વિશિષ્ટનામોની સૂચી


| | |
|---|---|
| અજિતપ્રભગણિ | ૧ |
| અણહિલ્લપાટક | ૧/૨ |
| અમદાવાદ | ૭૪ |
| અમૃતકુશલગણિ | ૭૦ |
| અષ્ટકવૃત્તિ | ૬૨ |
| અહમ્મદાવાદનગર | ૩૧ |
| આચારદિનકર | ૬૦ |
| આચારાંગ | ૪૩/૬૦/૬૧ |
| આનંદવિમલસૂરી | ૧૧/૩૮/૪૬/૬૦/૫૮ |
| આનંદસાગર | ૭૧ |
| આવશ્યક નિર્યુક્તિ | ૧/૬૦/૬૨/૬૩ |
| આવશ્યક ભાષ્ય | ૬૩ |
| આસપાલ દેવ | ૩ |
| આંબડ | ૩ |
| ઉત્તરાધ્યયન | ૩૧/૪૨/૫૯/૬૦/૬૧ |
| ઉત્સૂત્રકંદકુદ્દાલ | ૩૦ |
| ઉદયવર્ધનગણી | ૧૩ |
| ઉપદેશમાલા | ૬૦/૬૧/૬૩ |
| ઊના | ૭૧ |
| ઋધ્ધિવિમલઋષિ | ૫૮ |
| ઋષભસાગર | ૭૧ |
| કનકરુચિ | ૭૦ |
| કલ્પભાષ્ય | ૫૯/૬૧/૬૩ |
| કલ્યાણદેવ | ૧ |
| કલ્યાણ વિજયગણિ | ૨૭ |
| કલ્યાણ સુંદરગણિ | ૭૦ |
| કાલુપુર | ૭૪ |
| કાસવપરા | ૭૧ |
| કીર્તિરુચિ | ૭૦ |
| કંડોલણું (કંડોરણા) | ૭૧ |
| કાંતિવિમલ | ૭૦ |
| કુલચન્દ્રગણિ | ૧/૩ |
| ખીરસરા | ૭૦ |
| ખેમાણા | ૭૧ |
| ગચ્છાચારપયન્ના | ૬૧ |
| ગચ્છાચારવૃત્તિ | ૫૯ |
| ગજસાગર | ૭૦ |
| ગુણપાલ | ૩ |
| ગૂર્જરદેશ | ૬૦ |
| ગંગરુચિ | ૭૧ |
| ઘલોર | ૭૧ |
| ઘેટી | ૭૧ |
| ઘોઘા | ૭૧ |
| ઘંટાકરણ | ૬૭ |
| ચન્દ્ર કુશલગણિ | ૭૧ |
| ચૈત્રવાલ ગચ્છીય | ૧ |
| ચોક | ૭૧ |
| છત્રીશજલ્પ | ૫૯/૬૩ |
| જગચ્ચન્દ્રસૂરિ | ૧/૪૬/૫૮/૬૩ |
| જગસાગર | ૭૧ |
| જયસુંદરગણિ | ૭૦ |

જયસેનસૂરિ ૩
જયસોમગણિ ૫૮
જસવિજયગણિ ૫૮
જિણચન્દ્ર ૩
જિતકલ્પ ૫૦
જિતવિજયગણિ ૭૦
જિનચન્દ્રસૂરિ ૧૩/૨૦
જૂનાગઢ ૭૦

જ્ઞાતા ૬૧

ઠાણાંગ ૫૯/૬૦
તર્કભાષા ૪૩
તુંબડી ૭૧
ત્રિભુવનપાલદેવ ૧

થાન ૭૦

દયાલસાગર ૭૧
દશવૈકાલિક ૫૯/૬૧/૬૩
દશાશ્રુતસંધ ૬૧/૬૩
દાઠા ૭૦
દાનરુચિ ૭૦
દાનસાગર ૭૧
દીવ ૭૦
દીવબંદર ૬૯
દેવકુશલગણી ૭૧
દેવકુંપાટણ ૭૦
દેવચન્દ્રસૂરિ ૩
દેવભદ્રગણિ ૧
દેવેન્દ્રસૂરિ ૧
દ્વયાશ્રય ૬૧

ધણસી ૩
ધોરુકું ૭૦
ધોરાજી ૭૦

નમિઉણ ૬૭
નવાફતાની પોલ ૫૨
નિત્યરુચિ ૭૧
નિશિથ ૬૦
નિશિથચૂર્ણિ ૫૯/૬૩
નિશિથભાષ્ય ૬૧
નંદીચૂર્ણિ ૬૦

પત્તનનગર ૧૧/૩૬/૪૬
પદ્મચન્દ્ર ગણિ ૧
પદમસાગર ૭૧
પન્નવણા ૫૯
પાટણ ૧૧/૩૩
પાટણનગર ૨૭
પાલીતાણા ૭૧
પાલ્હણ ૩
પુરબંદિર (પોરબંદર) ૭૦
પંચાશક ૬૦/૬૧/૫૧
પ્રશ્નોત્તર સમુચ્ચય ૩૩/૫૯/૬૦
પ્રીતિચન્દ્રગણી ૭૧
પ્રેમરુચિ ૭૧
પ્રેમવિજય ૭૦
પ્રેમસાગર ૭૦

બારબોલનો પટ્ટક ૩૩
બીકાનેર ૨૦
બૃહત્કલ્પ ૧૬

ભગવતી ૬૧
ભાણવડ ૭૧
ભાવસાગર ૭૧
ભીમવિજય ૬૯/૭૦

| | |
|---|---|
| મઝેવડી | ૭૧ |
| મણિચંદ્રઋષિ | ૫૮ |
| મર્યાદાપટ્ટક | ૭૧ |
| મહાનિશિથ | ૬૧ |
| મહિમાકુશલ | ૭૧ |
| મહિમાસાગર | ૭૦ |
| મહુઆ | ૭૦ |
| માણિક્યસૂરિ | ૩ |
| માંગરોલ | ૭૦ |
| મિતભાષિણી | ૪૩ |
| મુક્તિસાગર | ૭૧ |
| મુનિસુંદરસૂરિ | ૪૬ |
| યતિમર્યાદાપટ્ટક | ૬૬ |
| યશોવિજય | ૬૩ |
| રવિસાગર | ૭૦ |
| રાજનગર | ૭૦ |
| રાજપાલ | ૩ |
| રાણપુર | ૭૦ |
| રામવિજય | ૭૧ |
| રામસાગર | ૭૦ |
| રૂપકુશલ | ૭૦ |
| રૂપવિમલ | ૭૦ |
| રૂપસાગર | ૭૦ |
| રંગવિજય | ૭૦ |
| લક્ષ્મીવિજયગણી | ૭૦ |
| લબ્ધિસાગર | ૭૦ |
| લાભસાગર | ૭૦ |
| લાવણ્યવિજયગણી | ૫૯ |
| વણથલી | ૭૧ |
| વરતેજ | ૭૦ |
| વાંકાનેર | ૭૦ |
| વિક્રમદુર્ગ | ૧૪ |
| વિજયક્ષમાસૂરિ | ૬૬/૭૦ |
| વિજયચન્દ્રસૂરિ | ૧/૩ |
| વિજયદાનસૂરિ | ૧૩/૨૮/૨૯ ૩૨/૩૮/૫૮ |
| વિજયદાનસૂરિ જ્ઞાનમંદિર | ૭૪ |
| વિજયદેવસૂરિ | ૩૬/૩૮/૪૬ |
| વિજયપ્રભસૂરિ | ૬૬ |
| વિજયપ્રેમસૂરિ | ૭૨ |
| વિજયમાનસૂરિ | ૫૯ |
| વિજયરત્નસૂરિ | ૬૬/૭૦ |
| વિજયરામચન્દ્રસૂરિ | ૭૨ |
| વિજયસાગર | ૭૧ |
| વિજયસિંહસૂરિ | ૪૬ |
| વિજયસેનસૂરિ | ૨૭/૩૧/૩૩/ ૩૬/૩૭/૩૮ |
| વિમલહર્ષગણી | ૨૭ |
| વિશેષાવશ્યક | ૫૯ |
| વિશેષાવશ્યક ભાષ્ય | ૬૨ |
| વીરવિજય | ૫૮ |
| વૃધ્ધિકુશલગણિ | ૭૦ |
| વ્યવહાર ભાષ્ય | ૬૧ |
| વ્યવહાર સૂત્ર | ૬૨ |
| શુભસાગર | ૭૧ |
| શાંતિકરા | ૬૬ |
| શાંતિકુશલ | ૭૧ |
| શાંતિચન્દ્રગણિ | ૨૭ |
| શ્રધ્ધાનજલ્પ | ૬૩ |
| શ્રીપતિગણિ | ૧૩ |
| શ્રુતસમુદ્રગણિ | ૧૩ |
| ષડ્જીવનિકાધ્યયન | ૨ |

| | |
|---|---|
| સત્યવિજયગણિ | ૫૮ |
| સદારૂચિ | ૭૧ |
| સમવાયાંગ સૂત્ર | ૫૫ |
| સામાચારી કુલક | ૬૨ |
| સામાચારી ગ્રંથ | ૫૧ |
| સામાચારી જલ્પ | ૬૦/૬૩ |
| સામાચારી જલ્પપટ્ટક | ૫૯ |
| સિંહવિમલગણિ | ૧૩ |
| સુખવિજયગણિ | ૭૦ |
| સુયગડાંગવૃત્તિ | ૬૩ |
| સોમવિજયગણિ | ૨૭ |
| સોમસુંદર | ૬૧ |
| સોમસુંદરસૂરિ | ૪૬/૬૨ |
| સોમેશ્વરદેવ | ૩ |
| સોરઠ દેશ | ૭૦/૭૧ |
| સ્યાદ્વાદમંજરી | ૪૩ |
| હમીરરુચિ | ૭૦ |
| હર્ષસાગર | ૭૦ |
| હર્ષસાગરગણિ | ૧૩ |
| હાજા પટેલની પોલ | ૫૨ |
| હિતકુશલ | ૬૦ |
| હીરપ્રસાદિત સામાચારીજલ્પ | ૬૩ |
| હીરકુશલ | ૭૦ |
| હીરપ્રશ્ન | ૩૩ |
| હીરવિજય પ્રસાદિતજલ્પ | ૬૨ |
| હીરવિજયસૂરિ | ૨૮/૩૨/૩૬/<br>૩૭/૩૮/૪૬/૫૮ |
| હેમસાગરગણિ | ૭૧ |
| હેમવ્યાકરણ | ૬૧ |
| હંસકુશલ | ૭૧ |

यतः विक्रमादित्यात्। बारसयं चासीए ७ कियनिय २ गुरूणमणायं। विज्ञापुरु नयरंमिय। तवामयं देवैं हाउं।१

॥६०॥ संवत् १२९९ वर्षे ७ त्रयोदश्यां। अद्येह श्रीमदणहिल्लपाटके समस्त राजावली विराजित महाराजाधि राज श्री त्रिभुवनपाल देव कल्याणदेव विजयराज्ये॥ तं नियुक्त महामात्य दंड श्री करणादि समस्त करणा दि सर्व मुद्रा व्यापारान् परिपंथयति सती त्येवं काले। प्रवर्त्तमाने श्री संघादेशपत्रम ड्त्तिलिख्यते। यथा। श्री अणहिल्लपाटके प्रतिष्ठित समस्त। श्री आचार्य समस्त श्रावक प्रस्तृति समस्त। श्री श्रमण संघः चैत्र वालगच्छीय देवचंद्र गणि। शिष्य श्री आचार्य श्री जगच्चंद्र सूरि। श्री देवेंद्र सूरि। श्री विजयचंद्र सूरि प्र स्तृति। आचार्यान्॥ पद्मचंद्र गणि प्रस्तृति तपोधनांश्च। पं० कुलचंद्र गणि। अडि तप्रस्त गणि प्रस्तृति परिवार समन्वितान्॥ सप्रसादं समादिसंति॥ यथा यति प्रतिष्ठे वकर्त्तव्या च। श्रावक प्रतिष्ठान प्रमाणी कार्या।१॥ तथा श्री देवस्य पुरस्तो बलिनैवेद्यारात्रिकादीनि निषेध्यानि।२॥ तथा समस्त वैया वृत्य करणां। सम्यग् दृष्टि समस्त यक्षांबिकादि मूर्त्ति प्रस्तृतीनां गृहचैत्येषु चसंति एमानानां ब्रजा निषेधो न कार्या॥३॥ श्री संघ प्रतिष्ठित श्री आचार्यैस्तपोधनैश्च समं यथा पर्याय वंदनक व्यवहारः कर णीयः॥४॥ स्वप्रतिबोधित श्रावकाणां समस्त गच्छीयाचार्य तपोधनानां। ब्रजावंदनक दानादि नि षेधो न कार्यः॥५॥ राकायद्दी अंचलिक त्रिस्तुतिकादि तिश्च सह वंदनक व्यवहारः॥ श्रुताध्य यनाध्ययनादि व्यवहारश्च। न करणीयः॥६॥ कायत्रेयादि समाचारी प्रतिपालन पुरस्सरं चैत्यका

Printed by : PINCO ✆ 022-56950050